સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

## કાપડિયા એન. એમ. એમ. એસ. આર્ટ્સ એન્ડ ધી સંખેડા ના. સહ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ, સંખેડા

# કૌસ્તુભ

ISBN: 978-93-344-1368-7

સંપાદક:

ડૉ દીપકકુમાર વી પટેલ

આચાર્યશ્રી

કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટસ એન્ડ ધી સંખેડા ના. સહ. બેંક સાર્વ.કોમર્સ કોલેજ,

સ્ટેશન રોડ, સંખેડા.(૩૯૧૧૪૫) જિ. છોટાઉદેપુર

(સંચાલિત : સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ ,સંખેડા.)

ફોન.નં : ૦૨૬૬૫ ૨૪૩૨૫૯/૨૪૪૪૫૦

ઇમેલ : sankhedacollege@yahoo.co.in

વેબસાઇટ: www.sankhedacollege.co.in

# કૌસ્તુભ

ISBN: 978-93-344-1368-7

**!!विधयामृतमश्नुते!!**

૬૪ મો વાર્ષિક અહેવાલ

વર્ષ :- ૨૦૨૫-૨૬

તારીખ :- ૧૮-૦૨-૨૦૨૬

# પ્રમુખશ્રીનું નિવેદન

શ્રી સંખેડા સાર્વજનિક એજયુકેશન ટ્રસ્ટ દ્વારા ઈ. સ. ૧૯૬૨માં સંખેડા તાલુકાના અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણની તક મળી રહે અને તેમનું ભવિષ્ય ઉજ્જવળ બને તે હેતુથી આ કોલેજ શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં માત્ર વિનયન પ્રવાહ અને ઈ. સ. ૧૯૮૦થી વાણિજ્ય પ્રવાહ પણ શરૂ થયો. આ કોલેજને સ્થાપવા અને પોષવામાં પારેખ અને કાપડિયા કુટુંબનું મહત્ત્વનું યોગદાન છે. તેમના અને સંખેડા નાગરિક સહકારી બેંકના દાનથી કોલેજનું નામાભિધાન કરવામાં આવ્યું છે. ત્યારબાદ શ્રી મોહનલાલ શાહ, એ. જે. શાહ, ડૉ. જેઠાભાઈ પરીખ, એસ. જે. શાહ, વિઠ્ઠલભાઈ તમાકુવાળાથી લઈને એચ. ઓ. શાહ સુધીમાં સંસ્થાના અનેક પદાધિકારીઓના દૂરંદેશી અને ઉચિત માર્ગદર્શનથી કોલેજ સતત ઉત્કર્ષ પામતી રહી છે. જે સંસ્થા આજે વટવૃક્ષ બની ચૂકી છે. નજીકની કોલેજો સાથે સ્પર્ધા હોવા છતાં કોલેજે પોતાનું સત્ત્વ અને સ્વત્વ જાળવી રાખ્યું છે તે ગૌરવની વાત છે.

આ કોલેજમાં અભ્યાસ કરીને આગળ વધેલા વિદ્યાર્થીઓએ પોતાની સફળ કારકિર્દી ઘડી છે. નવી શિક્ષણનીતિના અમલ પછી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કોલેજ વધુ પ્રયત્નરત બનશે એ અપેક્ષા અસ્થાને તો નથી જ. કોલેજમાં જોડાયેલા નવા અધ્યાપકો શિક્ષણ ઉપરાંત સંશોધનક્ષેત્રે પણ વિદ્યાર્થીઓને દોરવણી આપે તો બંને પક્ષે ઉપકારક નીવડશે તેવી આશા છે. કોલેજના આચાર્ય, અધ્યાપકો, વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓને શુભકામનાઓ.

શ્રી પરીમલભાઇ એસ. શાહ
પ્રમુખ શ્રી,
સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ,

# શ્રધાંજલિ

## ઉપ પ્રમુખશ્રી



## શ્રી કનુભાઇ એન. દરૂ

શ્રી સંખેડા સાર્વજનિક એજયુકેશન ટ્રસ્ટના ઉપ પ્રમુખશ્રી શ્રી કનુભાઇ એન. દરૂ અત્યંત સાલસ સ્વભાવના અને સેવાભાવી વ્યક્તિત્વ ધરાવતા હતા.કોલેજની તમામ પ્રવૃતિઓમાં તેમનું અમુલ્ય માર્ગદશન અને સહકાર સતત મળતા રહ્યા છે.તેમના દુઃખદ અવસાનથી કોલેજે સન્નિષ્ઠ રાહબર ગુમાવ્યા છે.તેમની ખોટ અમને હંમેશા રહેશે.કોલેજ પરિવાર તરફથી તેમને હ્રદયપૂર્વક શ્રદ્ધાંજલિ.

## મંત્રીશ્રીનું નિવેદન

૧૯૬૨માં અસ્તિત્વમાં આવેલ કોલેજને પોષવામાં  કાપડિયા-ઝારોલા કુટુંબે મહત્વનું યોગદાન કરેલ છે. આ કોલેજમાં જ્ઞાનધારાનો પ્રવાહ ઝીલીને અનેક વિદ્યાર્થી ભાઇ-બહેનોએ પોતાની ઊચી કારકિર્દિ બનાવી છે. જેમાંથી અનેક રત્નો આ ધરામાંથી પ્રગટા થયા. જે આ ગામની, રાજ્યની અને દેશની સેવા અનેક ક્ષેત્રોમાં કરી રહ્યા છે. પૂર્વ આચાર્યો- અધ્યાપકો વર્તમાન અધ્યાપકો, વહીવટી કર્મચારીઓ તેમજ ગ્રામજનો- ટ્રસ્ટીઓ તથા અન્ય મહાનુભાવોએ પ્રસ્તુત વટવૃક્ષને ખિલવવામાં અનેક રીતે સિહફાળો આપેલ છે, જેની નોંધ લેતા હુ ગર્વની લાગણી અનુભવુ છુ. એ સર્વે નામી-અનામી મહાનુભાવોનો હુ હદયપૂર્વક આભાર માનું છુ.

શ્રી સંજયભાઇ ચંદ્રવદન દેસાઇ

મંત્રી શ્રી,

સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ,

## આચાર્યશ્રીનું નિવેદન

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના મુખ્ય મથક તરીકે ઓરસંગ નદી કિનારે વસેલું સંખેડા ગામ દેશમાં અને વિશ્વમાં લાકડા ઉપરના સોનેરી કામવાળા ફર્નિચર માટે વર્ષોથી પ્રખ્યાત છે. મેવાસ વિસ્તારમાં સંખેડા ગામ 'સોનેરી ટેકરી' તરીકે પણ ઓળખાય છે. આમ તો ઔદ્યોગિક અને સામાજિક વિકાસના દ્રષ્ટિકોણથી  આ વિસ્તારની ગણતરી પછાત વિસ્તાર તરીકે થાય છે પણ શૈક્ષણિક વિકાસના દૃષ્ટિકોણથી આ વિસ્તારનો વિકાસ થાય તે માટેના પ્રયત્નો આપણો દેશ આઝાદ થયો તે પહેલાંથી જ થતા રહ્યા છે. સંખેડા અને આજુબાજુના વિસ્તારના લોકોમાં સાક્ષરતા વધે તે માટે આરંભ આજથી ૧૧૮ વર્ષ પહેલા ૧૯૦૭થી થયેલ છે. ૧૯૦૭માં ડી. બી. પારેખ સ્કૂલ શરૂ થઈ હતી. સંખેડા વિસ્તારના વિદ્યાર્થીઓની ઉચ્ચશિક્ષણની ભૂખને સંતોષવા માટે ઉદારચિત્ત શ્રી વિઠ્ઠલદાસ પરીખના વરદહસ્તે કૉલેજના મકાન માટે તેમના પિતાશ્રી ભીખાભાઈ દલસુખભાઈ પરીખના નામે રૂ.૧૫,૦૦૦ વડોદરા જિલ્લા પંચાયત દ્વારા રૂ.૨૦,૦૦૧ તેમજ ભૂતપૂર્વ મંત્રીશ્રી એ. જી. શાહના પ્રયત્નોથી રૂ.૩૫,૩૫૦નું દાન મળતાં ૧૯૬૨માં કુલ ૬૨ વિદ્યાર્થીઓની સંખ્યાથી આર્ટ્સ કૉલેજ શરૂ કરવામાં આવી, જેના નામકરણ માટે કાપડીયા પરિવારના શ્રી ગજુભાઈના હસ્તે શાહ નગીનદાસ મગનલાલ કાપડીયાના નામે રૂ. ૨૫૦૦૧, શ્રી પશુભાઈના હસ્તે શાહ ભીખાલાલ મગનલાલ કાપડીયાના નામે રૂ. ૧૨,૫૦૧ અને શાહ મોહનલાલ મગનલાલ કાપડીયાના સ્વહસ્તે રૂ. ૧૨,૫૦૧ અનુદાન પ્રાપ્ત થતાં આ કૉલેજ સાથે કાપડીયા નગીનદાસ મગનલાલ માણેકલાલનું નામ જોડવામાં આવ્યું. કોમર્સના વિષયો સાથે ધો. ૧૨ પાસ કરનાર વિદ્યાર્થીઓને સ્વસ્થાને જ આગળ અભ્યાસ કરવાની તક મળે તે હેતુથી ૧૯૮૦માં સંખેડા સાર્વજનિક એજયુકેશન ટ્રસ્ટે કોમર્સ વિદ્યાશાખા શરૂ કરી જેને ૧૯૮૫-૧૯૮૬માં ધી સંખેડા નાગરિક સહકારી બેન્ક લિ. તરફથી રૂ. ૫૧,૦૦૦ જેટલી માતબર રકમનું દાન પ્રાપ્ત થતાં કોમર્સ કૉલેજ સાથે સદર બેંકનું નામ જોડવામાં આવ્યું. ૧૯૬૨માં આચાર્યશ્રી વિ.જી. ઉપાધ્યાય સાહેબે કુશળતાથી સંસ્થાનો વહીવટ ચલાવી, સંસ્થાને પગભર કરવામાં મૂલ્યવાન ફાળો આપેલો અને તેના જ ફળસ્વરૂપે કૉલેજના ઇતિહાસમાં

સૌ પ્રથમવાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ -૨૦૨૪ માં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧,૧૨૦, ૨૦૨૪-૨૫ મા કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧,૧૩૪ થઈ તેમજ ચાલુ વર્ષે ૯૪૭ થઈ છે.

મારા પૂરોગામી આચાર્યશ્રી પ્રો. હેમંતભાઈ એન. ઠાકર તેમજ સમગ્ર કૉલેજ પરિવાર આ ક્ષણે અભિનંદનના હકદાર છે જેમના સાથ સહકાર થકી આ ભગીરથ કાર્ય સફળ થયું. આ તબક્કે કૉલેજ કાર્યાલયના શ્રી હેમંતભાઈ બી. વાનખેડે તેમજ શ્રી અજયસિંહ કે. પરમારને તેમની પ્રવેશલક્ષી ઉત્કૃષ્ટ કામગીરી માટે અભિનંદન પાઠવું છું.

મને એ જણાવતાં આનંદ થાય છે કે, આપણી કૉલેજમાં રાજય સરકારે મંજૂર કરેલ અધ્યાપકોનું મહેકમ પૂરેપૂરું ભરાઈ ગયેલ છે. આપણી કૉલેજમાં મારી આચાર્ય તરીકે નિમણુંક ઑગસ્ટ ૨૦૨૦ માં થઈ એ પહેલા એકપણ અધ્યાપક Ph.D. થયેલ  ન હતાં પણ આજની તારીખે ૧૪ અધ્યાપકો  પૈકી ૮ અધ્યાપકો પાસે   Ph.D.ની ડીગ્રી છે. સમગ્ર વર્ષ દરમિયાન અધ્યાપકોએ સેમિનાર, કોન્ફરન્સ તેમ જ વિવિધ જર્નલમાં જે સંશોધનપત્રો રજૂ કર્યા છે તે બદલ સર્વેને હું અભિનંદન પાઠવું છું. સ્પીપા દ્વારા તા. ૫-૮-૨૫ અને ૨૩-૧૨-૨૦૨૫ના રોજ જુદા-જુદા તબક્કામા લેવાયેલ CCC+ ની પ્રેક્ટિકલ પરીક્ષામાં સમગ્ર ગુજરાત કક્ષાએ  ડૉ. દિવ્યાંગ વ્યાસ અને ડૉ. રાકેશ આર. વણકરસાધુએ ૧00% માર્કસ મેળવ્યા હતા. જે માટે કોલેજ પરિવાર વતી બંને અધ્યાપકોને અભિનંદન પાઠવું છું.

હાલ સમગ્ર ગુજરાતમાં SIR ની કામગીરી ચાલુ છે. કોલેજના પાંચ અધ્યાપક સહાયકને BLO સુપરવાઇઝર તરીકે ફરજ સોંપવામાં આવી છે. ડૉ. દિવ્યાંગ વ્યાસની ઉત્કૃષ્ટ કામગીરી બદલ છોટાઉદેપુર કલેકટરશ્રી દ્વારા તા. ૨૫-૧-૨૦૨૬ ના રોજ તથા ડૉ. પ્રિયકાન્ત આર. શ્રીમાળી અને ડૉ. સાધના આર. ટાંકને ૨૬ મી જાન્યુઆરીનાં રોજ તાલુકા કક્ષાએ મામલતદારશ્રીનાં હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

મારા સાથી અધ્યાપક મિત્રોએ વર્ષ દરમ્યાન નીચે દર્શાવેલ  વિદ્યાર્થીલક્ષી પ્રવૃતિઓ કરેલ છે એ બદલ હું સર્વને અભિનંદન પાઠવું છું .

- નશામુક્ત ભારત અભિયાન કાર્યક્રમ
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી કક્ષાની એન.એસ.એસ.ડે સિલેક્શન સ્પર્ધામાં
- પ્લાસ્ટિક મુક્ત સ્વચ્છતા ઝુંબેશ કાર્યક્રમ
- 'સ્વદેશી પ્રતિજ્ઞા' કાર્યક્રમ
- વિશ્વ યોગ દિવસ
- 15મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

- હર ઘર ત્રિરંગા રેલી
- એન્ટી રેગીંગ સપ્તાહની ઉજવણી
- 26મી  જાન્યુઆરી ગણતંત્ર પર્વની ઉજવણી
- વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી
- વૃક્ષારોપણ કાર્યક્રમ
- યૌનશોષણ અંગે જાગૃતિ કેળવવા માટે ઓનલાઈન વેબિનાર
- મહેંદી સ્પર્ધા
- આરતી શણગાર સ્પર્ધા
- કવિ ઉમાશંકર જોશીની જન્મજયંતી નિમિત્તે કાવ્ય પઠન
- શિક્ષક દિનની ઉજવણી
- વકતૃત્વ સ્પર્ધા-૨૦૨૫ - ૨૬
- સાડી-ડે ની ઉજવણી
- કેશ ગુંફન સ્પર્ધા
- પ્રસાદ સુશોભન સ્પર્ધા
- નિબંધ સ્પર્ધા
- ચિત્ર સ્પર્ધા
- વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ કાર્યક્રમ
- ગુરૂ પૂર્ણિમા
- પ્રવેશ ઉત્સવ
- NSS ઓરિએન્ટેશન વ્યાખ્યાન
- સ્વચ્છતા સર્વેક્ષન ગ્રામીણ ૨૦૨૫
- નમો કે નામ રક્તદાન
- સાઈબર ક્રાઈમ
- વિકાસ સપ્તાહ
- વંદે માતરમ ૧૫૦ની ઉજવણી

- નવરાત્રી ની ઉજવણી
- વાર્ષિક કેમ્પ

હું કૉલેજના વિકાસમાં યોગદાન આપનાર ટ્રસ્ટી મંડળ, ભૂતપૂર્વ  વિદ્યાર્થીઓ, વાલીઓ, કૉલેજ પરિવાર, વિદ્યાર્થીઓ અને સમગ્ર સમાજનો કૃતજ્ઞતાપૂર્વક આભાર વ્યક્ત કરું છું. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન શૈક્ષણિક કાર્ય ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓમાં સમગ્ર કોલેજે પરિવારે જે સાથ સહકાર આપેલો છે તે બદલ સર્વનો હું અભાર માનું છુ અને ભવિષ્યમાં સંસ્થા ઉત્તરો-ઉત્તર પ્રગતિ કરતી રહે અને આ પ્રગતિ કરવા માટે સર્વેનો સાથ સહકાર મળતો રહે તેવી અભ્યર્થના સાથે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું.

ડૉ . ડી. વી . પટેલ

આચાર્યશ્રી

# સંસ્થાના ઉદાર દાતાશ્રીઓ અને પદાધિકારીઓ


સંખેડા નગરમાં વિદ્યાની ગંગોત્રી ઊભી કરનાર કાપડીયા (ઝારોલા) નું કુટુબ છે. તેથી કાપડિયા નગીનદાસ મગનલાલ માણેકલાલ આર્ટસ કોલેજ નામાભિધાન થયું. ભીખાભાઇ, પરસોત્તમદાસ , વિઠ્ઠલદાસ અને ગોવિંદભાઇ દલસુખભાઇ પરીખના હસ્તે કોલેજ માટે જમીનનું દાન મળ્યું. સંખેડા નાગરીક બેંક દ્વારા મળેલ દાનથી સંખેડા નાગરીક સહકારી બેંક કોમર્સ કોલેજનું નામ આપવામાં આવ્યુ.

સેવાભાવી લબ્ધપ્રતિષ્ઠ પદાધિકારીઓમાં શ્રી મોહનલાલ શાહ, શ્રી એ.જી.શાહ , ડો. જે.કે. પરીખ, શ્રી ઓચ્છવલાલ શાહ, શ્રી એ.એમ. પરીખ, શ્રી એસ.જે. શાહ, શ્રી વિઠ્ઠલદાસ તમાકુવાળા, શ્રી જે.જે. ખરાદી , શ્રી ચી.યુ. શાહ, શ્રી હીરાલાલ શેઠ, શ્રી ગોવિદભાઇ પારેખ, શ્રી કંચનભાઇ વકીલ, શ્રી વસંતભાઇ દેસાઇ , શ્રી ભાઇલાલભાઇ વકીલ , શ્રી પરીમલભાઇ શાહ, શ્રી. સંજયભાઇ સી. દેસાઇ, શ્રી હરીવદનભાઇ વકીલ, તેમજ શ્રી નીતિનભાઇ શાહ અને શ્રી કનુભાઇ એન. દરૂ ના નામ ઉલ્લેખનીય છે. તેઓના પ્રેરણા અને માર્ગદર્શનથી પ્રસ્તુત ભગીરથ કાર્ય સફળ થયું છે.

હાલના ટ્રસ્ટના પદાધિકારીઓ:


| નામ | હોદ્દો | |
|---|---|---|
| શ્રી પરીમલભાઇ એસ. શાહ | પ્રમુખશ્રી |  |
| શ્રી સંજયભાઇ સી. દેસાઇ | મંત્રીશ્રી |  |

## SANKHEDA COLLEGE TEACHING STAFF

| NO. | Photo | Employee No | NAME | DESIGNATION | EDUCATIONAL QUALIFICATION | DATE OF APPOINTMENT |
|---|---|---|---|---|---|---|
| 1 |  | 5194 | Prin. Dr. D.V.PATEL | PRINCIPAL | M.Com.<br>M. Phil.<br>P.G.D.M.M.<br>Ph. D. | 05-08-2020 |
| 2 |  | 47 | Prof. P.S.PURANI | ASSOCIATE PROFESSOR | M. A. | 26-11-1992 |
| 3 |  | 48 | Prof. N.K.SOLANKI | ASSOCIATE PROFESSOR | M.Com<br>B. Ed | 25-09-1993 |
| 4 |  | 55 | Prof. V.N.GAMIT | ASSOCIATE PROFESSOR | BPED<br>MPED | 14-10-1995 |
| 5 |  | 4552 | Prof. V.U.PATEL | ASSOCIATE PROFESSOR | M. A. | 03-12-2004 |
| 6 |  | 4449 | Prof. P.N.SHRIVASTAV | ASSOCIATE PROFESSOR | M. A.<br>M. Phil | 10-11-1995 |
| 7 |  | 1041 | Prof. R.H.JOSHI | ASSOCIATE PROFESSOR | MA<br>NET | 01-03-1996 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 8 |  | 4266 | Dr. J.A.PATEL | ASSIS. PROF.<br>(Part time) | M.A.<br>B.ED,<br>Ph. D | 04-08-1997 |
| 9 |  | 5277 | Dr. D.K.VYAS | ADHYAPAK<br>SAHAYAK | M.Com.<br>M.B. A.<br>Ph.D.<br>NET<br>(COMMERCE)<br>NET<br>(MANAGEMENT)<br>GSET | 05-09-2022 |
| 10 |  | 5517 | Dr. P.R.SHRIMALI | ADHYAPAK<br>SAHAYAK | M.A.<br>B.ED,<br>M. Phil.<br>Ph. D. | 10-01-2024 |
| 11 |  | 5519 | Dr.<br>R.R.VANKARSADH<br>U | ADHYAPAK<br>SAHAYAK | M.A.<br>M.Phil.<br>Ph. D.<br>NET JRF,<br>GSET | 15-02-2024 |
| 12 |  | 5593 | Dr. S.R.TANK | ADHYAPAK<br>SAHAYAK | PTC<br>M. A.<br>Ph. D.<br>NET<br>GSET | 08-07-2024 |
| 13 |  | 5610 | Dr. K.K. JOSHI | ADHYAPAK<br>SAHAYAK | M.A.<br>M.Phil.<br>Ph. D. | 25-07-2024 |
| 14 |  | ---- | Dr. K. B. PARMAR | TRUST<br>APPOINTED<br>TEACHING<br>FACULTY | M.A.,<br>Ph. D. | -------- |

## SANKHEDA COLLEGE ADMINISTRATIVE STAFF

| NO. | | NAME | DESIGNATION | EDUCATIONAL QUALIFICATION |
|---|---|---|---|---|
| 1 |  | MR M. B. TRIVEDI | CLERK- TRUST APPOINTED | B.COM.<br>D.T.P. |
| 2 |  | MR. H. B. VANKHEDE | CLERK- TRUST APPOINTED | B. A. |
| 3 |  | MR. A. K.PARMAR | Jr.CLERK | B.COM. |
| | | **SANKHEDA COLLEGE NON-TEACHING STAFF** | | |
| 1 |  | MS. M. S. RANA | PEON- TRUST APPOINTED | H.S.C. |
| 2 |  | MR. K. B. KHARADI | PEON- TRUST APPOINTED | S. S.C. |
| 3 |  | MR. V. R. RANA | PEON- TRUST APPOINTED | H.S.C. |

| | | | | |
|---|---|---|---|---|
| 4 |  | MS.R.B.HARIJAN | PEON- TRUST APPOINTED | $7^{TH}$ STANDARD |

| અનુક્રમણિકા | | |
|---|---|---|
| ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
| ૧ | પ્રમુખશ્રીનું નિવેદન | I |
| ૨ | ઉપપ્રમુખશ્રીનું નિવેદન | II |
| 3 | મંત્રીશ્રીનું નિવેદન | III |
| ૪ | આચાર્યશ્રીનું નિવેદન | IV થી VII |
| ૫ | સંસ્થાના ઉદાર દાતાશ્રીઓ અને પદાધિકારીઓ | VIII |
| ૬ | સંખેડા કૉલેજ પરિવાર | IX થી XII |
| ૭ | અનુક્રમણિકા | XIII |
| ૮ | વિદ્યાર્થીઓની સંખ્યા: વર્ષ ૨૦૧૮-૨૦૧૯ થી ૨૦૨૫-૨૬ | 1 |
| ૯ | શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના પરિણામો: એપ્રિલ -૨૦૨૫ | 2 |
| ૧૦ | વર્ષ દરમ્યાન થયેલ વિદ્યાર્થીલક્ષી પ્રવૃતિઓ | 3 થી 25 |
| ૧૧ | વર્ષ દરમ્યાન અધ્યાપકો દ્વારા કોલેજ બહાર આપેલ સેવાની વિગતો | 26 થી 27 |
| ૧૨ | એન.એન.એસ. વાર્ષિક શિબિરનો અહેવાલ | 28 થી 46 |
| ૧૩ | વર્ષ દરમ્યાન થયેલ રમત-ગમતની પ્રવૃતિઓનો અહેવાલ | 47 થી 56 |
| ૧૪ | અધ્યાપકોના લેખો | 57 થી 122 |
| ૧૫ | અધ્યાપકો દ્વારા વર્ષ દરમ્યાન રજું કરવામાં આવેલ/પ્રકાશિત થયેલ પેપર | 123 થી 126 |
| ૧૬ | સંખેડા કોલેજ : સમાચાર પત્રોની નજરે | 127 થી 131 |

❖ વિદ્યાર્થીઓની સંખ્યા :-વર્ષ-૨૦૧૮-૨૦૨૫

| B.Com. | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| YEARS | OPEN | | | S. C. | | | S. T. | | | PH. | | | S.E.B.C. | | | E.W.S. | | | OTHERS | | | TOTAL | | |
| | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. |
| 2018-2019 | 8 | 12 | 20 | 2 | 1 | 3 | 4 | 5 | 9 | 0 | 0 | 0 | 21 | 13 | 34 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 35 | 31 | 66 |
| 2019-2020 | 13 | 15 | 28 | 1 | 2 | 3 | 2 | 9 | 11 | 0 | 0 | 0 | 23 | 28 | 51 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 39 | 54 | 93 |
| 2020-2021 | 8 | 5 | 13 | 1 | 1 | 2 | 8 | 10 | 18 | 0 | 0 | 0 | 11 | 12 | 23 | 0 | 0 | 0 | 1 | 0 | 1 | 29 | 28 | 57 |
| 2021-2022 | 8 | 12 | 20 | 2 | 2 | 4 | 13 | 8 | 21 | 0 | 0 | 0 | 20 | 24 | 44 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 43 | 46 | 89 |
| 2022-2023 | 14 | 20 | 34 | 2 | 2 | 4 | 19 | 10 | 29 | 0 | 0 | 0 | 24 | 32 | 56 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 59 | 64 | 123 |
| 2023-2024 | 32 | 20 | 52 | 2 | 2 | 4 | 9 | 9 | 18 | 0 | 0 | 0 | 14 | 16 | 30 | 3 | 0 | 3 | 0 | 0 | 0 | 60 | 47 | 107 |
| 2024-2025 | 33 | 26 | 59 | 1 | 0 | 1 | 16 | 5 | 21 | 0 | 0 | 0 | 19 | 27 | 46 | 1 | 1 | 2 | 0 | 0 | 0 | 70 | 59 | 129 |
| 2025-2026 | 33 | 25 | 58 | 1 | 1 | 2 | 13 | 6 | 19 | 0 | 0 | 0 | 29 | 21 | 50 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 77 | 53 | 130 |
| B.A. | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| YEARS | OPEN | | | S. C. | | | S. T. | | | PH. | | | S.E.B.C. | | | E.W.S. | | | OTHERS | | | TOTAL | | |
| | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. | F. | M | T. |
| 2018-2019 | 10 | 13 | 23 | 6 | 6 | 12 | 13 | 24 | 37 | 0 | 0 | 0 | 34 | 61 | 95 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 63 | 104 | 167 |
| 2019-2020 | 16 | 20 | 36 | 2 | 4 | 6 | 17 | 27 | 44 | 0 | 0 | 0 | 60 | 49 | 109 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 95 | 100 | 195 |
| 2020-2021 | 16 | 21 | 37 | 5 | 10 | 15 | 16 | 21 | 37 | 0 | 0 | 0 | 39 | 70 | 109 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 76 | 122 | 198 |
| 2021-2022 | 11 | 21 | 32 | 4 | 4 | 8 | 21 | 23 | 44 | 0 | 0 | 0 | 60 | 51 | 111 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 96 | 99 | 195 |
| 2022-2023 | 21 | 37 | 58 | 2 | 6 | 8 | 36 | 37 | 73 | 0 | 0 | 0 | 91 | 111 | 202 | 0 | 0 | 0 | 0 | 1 | 1 | 150 | 192 | 342 |
| 2023-2024 | 50 | 55 | 105 | 2 | 11 | 13 | 29 | 37 | 66 | 0 | 0 | 0 | 65 | 78 | 143 | 2 | 1 | 3 | 0 | 0 | 0 | 148 | 182 | 330 |
| 2024-2025 | 15 | 11 | 26 | 5 | 1 | 6 | 18 | 18 | 36 | 0 | 0 | 0 | 66 | 65 | 131 | 1 | 1 | 2 | 0 | 0 | 0 | 105 | 96 | 201 |
| 2025-2026 | 31 | 16 | 47 | 2 | 6 | 8 | 28 | 14 | 42 | 0 | 0 | 0 | 39 | 27 | 66 | 2 | 1 | 3 | 0 | 0 | 0 | 102 | 64 | 166 |

**Shree Govind Guru University   Examination - Result March-April 2025**

| Semester | First Class With Distinction | First Class | Higher Second Class | Second Class | Pass Class | Absent | Not Cleared | Withheld | Total |
|---|---|---|---|---|---|---|---|---|---|
| B.A. Semester-6 | 0 | 03 | 06 | 38 | 156 | 04 | 31 | 71 | 310 |
| B.Com. Semester-6 | 01 | 02 | 11 | 37 | 40 | 01 | 09 | 13 | 114 |

## વર્ષ દરમ્યાન થયેલ વિદ્યાર્થીલક્ષી અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ


કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા

જ્ઞાનસંગ્રામ ૨૦૨૫-૨૬: (ડૉ.દિવ્યાંગ કે વ્યાસ)    પ્રોગ્રામ: વિશ્વ આદિવાસી દિવસ ક્વિઝ

તારીખ: ૦૧/૦૭/૨૦૨૫ થી ૩૧/૦૭/૨૦૨૫        જ્ઞાનસંગ્રામ ૨૦૨૫-૨૬

સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા દ્વારા વિદ્યાર્થીઓને સરકારી પરીક્ષાની તૈયારી માટે પ્રેરણા મળે તે હેતુથી "જ્ઞાનસંગ્રામ ૨૦૨૫-૨૬ - GPSC વર્ગ ૩ વિશેષ ક્વિઝ" નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઓનલાઇન ક્વિઝ સ્પર્ધા 01 જુલાઈ 2025 થી 31 જુલાઈ 2025 સુધી યોજાઈ હતી, જેમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી કુલ 489 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાના દરેક પ્રશ્ન માટે 2 ગુણ મુજબ કુલ 50 પ્રશ્નો અને કુલ 100 ગુણની ક્વિઝ રાખવામાં આવી હતી.જે વિદ્યાર્થીઓએ 40% કે તેથી વધુ ગુણ મેળવ્યા, તેમને તેમના નોંધાયેલા ઇ-મેઇલ ઉપર ઇ-સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. નોંધનીય છે કે, આ ક્વિઝમાં ભાગ લેવો સંપૂર્ણપણે નિઃશુલ્ક હતી. આ પ્રેરણાદાયી પ્રવૃત્તિ કોલેજના આચાર્યશ્રી ડો. દીપકકુમાર વી પટેલના નેતૃત્વ હેઠળ આ કાર્યક્રમના ઈવેન્ટ ઇન્ચાર્જ ડૉ. દિવ્યાંગ કે. વ્યાસ (કોમર્સ અને એકાઉન્ટન્સી વિભાગ) દ્વારા કરવામાં આવી, જેમણે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું.

સારાંશ: સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કાપડીયા નગીનદાસ મગનલાલ માણેકલાલ સાર્વજનિક આર્ટસ કોલેજ એન્ડ ધી સંખેડા નાગરિક સહકારી બેંક સાર્વજનિક કોમર્સ કોલેજ, સંખેડા દ્વારા 'વિશ્વ આદિવાસી દિવસ' ક્વીઝનું તા. ૦૭/૦૮/૨૦૨૪ થી તા. ૧૦/૦૮/૨૦૨૪ સુધી આયોજન કરવામાં આવેલ હતું. આ ક્વિઝમાં સંખેડા કોલેજમાં અભ્યાસ કરતા કુલ ૧૧૮ વિદ્યાર્થીઓ તેમજ ૦૭ અધ્યાપકશ્રીઓ ભાગ લીધો હતો જેમાંથી 103 લોકો 40% થી વધુ ગુણ મેળવી માત્ર બે જ મિનિટની અંદર તેમના દ્વારા આપવામાં આવેલ ઇ-મેલ આઇડી ઉપર ડિજિટલ સર્ટિફિકેટ મેળવવા પાત્ર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય અને તમામ સ્ટાફનો મહત્વનું યોગદાન રહ્યું છે.






કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા

અહેવાલ વર્ષ-2025-26

## સાંસ્કૃતિક સમિતિ

### સંખેડા કોલેજમાં ગુરુપૂર્ણિમા દિવસ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી.

તારીખ 10/07/2025 ના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાં સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે ગુરુપૂર્ણિમા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. જેમાં સૌપ્રથમ દીપ પ્રાગટ્ય કરી પ્રાર્થના કરવામાં આવી અને ગુરુઓનું પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ આચાર્યશ્રી ડૉ. ડી.વી.પટેલ દ્વારા કાર્યક્રમને અનુરૂપ ઉદ્દબોધન આપવામાં આવ્યું. આ પછી કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓએ ગુરુવંદના ને લગતા ભજન અને વક્તવ્ય રજૂ કર્યા. છેલ્લે કાર્યક્રમની આભાર વિધિ ડો.રાકેશભાઈ દ્વારા કરવામાં આવી સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.પી.આર. શ્રીમાળી અને ડૉ.કનુભાઈ પરમાર અને દ્વારા કરવામાં આવ્યું હતું.









**સંખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગુરુપૂર્ણિમા દિવસ અને પ્રવેશોત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી**

કમલેશ પટેલ, સંખેડા

આજ રોજ તારીખ 10/07/2025 ના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાં ગુરુપૂર્ણિમા અને પ્રવેશોત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. જેમાં સૌપ્રથમ દીપ પ્રાગટ્ય કરી પ્રાર્થના કરવામાં આવી અને ગુરુઓનું પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ આચાર્યશ્રી ડૉ. ડી.વી.પટેલ દ્વારા કાર્યક્રમને અનુરૂપ માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પછી કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓએ ગુરુવંદના ને લગતા ભજન અને વક્તવ્ય રજૂ કર્યા.ત્યારબાદ પ્રવેશોત્સવ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી તેમાં આર્ટસ અને કોમર્સ પ્રથમ વર્ષમાં એડમિશન લીધેલ વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું. દરેક અધ્યાપક મિત્રોએ તેમનો પરિચય આપ્યો. ત્યારબાદ આર્ટસમાં વિષયોની માહિતી પ્રા. વર્ષાબેન પટેલ દ્વારા આપવામાં આવી અને કોમર્સમાં વિષય વિશે માહિતી ડો.ડી.કે.વ્યાસ દ્વારા આપવામાં આવી. અને વહીવટી માહિતી જુ.ક્લાર્ક હેમંતભાઈ વાનખેડે દ્વારા આપવામાં આવી હતી.છેલ્લે કાર્યક્રમની આભાર વિધિ ડો.રાકેશભાઈ દ્વારા કરવામાં આવી સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.પી.આર. શ્રીમાળી અને ડૉ.કનુભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

સાંસ્કૃતિક સમિતિ કોર્ડીનેટર — પ્રિન્સીપલશ્રી

ડૉ. આર. આર વણકરસાધુ — ડૉ. ડી.વી.પટેલ

તા.: 10/07/2025

સ્થળ: સંખેડા

## કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા

## ગુજરાતી વિભાગ

## કન્વીનર પ્રા. રાજેશ્રી જોશી

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડામાં તા. ૨૧-જુલાઈએ કવિશ્રી ઉમાશંકર જોશીની જન્મ જયંતિ નિમિત્તે કાવ્યપાઠ સ્પર્ધા આયોજિત કરવામાં આવી હતી. જેમાં આચાર્યશ્રી ડી. વી. પટેલ સાહેબે પ્રાસંગિક ઉદબોધન કરી, વિદ્યાર્થીઓને રસ પડે તેવાં કાવ્યો દૃશ્યશ્રાવ્ય માધ્યમથી સંભળાવ્યાં હતાં. પ્રા. રાજેશ્રી જોશીએ મૂર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોશીના બહુઆયામી વ્યક્તિત્વનો તથા તેમના સમગ્ર સર્જનનો પરિચય કરાવ્યો હતો. પ્રા. ડૉ. રાકેશ વણકરસાધુ, પ્રા. પ્રણય શ્રીવાસ્તવ, પ્રા. રાજેશ્રી જોશી, પ્રા. ડૉ. સાધના ટાંક તથા પ્રા. ડૉ. કનુભાઈ પરમાર દ્વારા કાવ્યપાઠ વડે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાની સાથે કવિશ્રીને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. તોરલ હરિજન તથા સ્વેની પાટણવાડિયા દ્વારા કાવ્યપાઠ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ ડૉ. સાધના ટાંકે લાક્ષણિક રીતે કર્યાં હતાં.







**કન્વીનર.** **આચાર્યશ્રી**

**પ્રા. રાજેશ્રી જોશી** **ડૉ. ડી.વી. પટેલ**

**તા.: ૨૧/૦૭/૨૦૨૫**

**સ્થળ: સંખેડા**

કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા

C.W.D.C.વિભાગ

મહેંદી સ્પર્ધા - કન્વીનર પ્રા. વર્ષાબેન પટેલ

કાપડિયા એન.એમ એમ.એસ આર્ટ્સ એન્ડ ધી સંખેડા નાગરિક સહકારી બેંક સંચાલિત કોમર્સ કોલેજ સંખેડા નાં C.W.D.C. યુનિટ દ્વારા તારીખ ૨૫/૦૭/૨૦૨૫ના રોજ મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ. સ્પર્ધા મા કુલ ૨૩ વિદ્યાર્થીઓનીએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું આયોજન પ્રા. વર્ષાબેન પટેલ કયું હતું. જેમા નિર્ણાયક તરીકે પ્રા.ડો.પ્રિયકાંત આર. શ્રીમાળી અને પ્રા.ડો.કવિતા જોશી એ સેવાઓ આપી હતી. કાર્યક્રમની આભાર વિધિ ડૉ. સાધનાબેન ટાંક દ્વારા કરવામાં આવી હતી. કોલેજના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહન આપ્યું હતું.સમગ્ર સ્ટાફે હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવવા માં સહયોગ આપ્યો હતો.



કન્વીનર.
પ્રા. વર્ષાબેન પટેલ
તા.: ૨૫/૦૭/૨૦૨૫
સ્થળ: સંખેડા

આચાર્યશ્રી
ડૉ. ડી.વી. પટેલ

કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા

C.W.D.C.વિભાગ

કેશગૂફન સ્પર્ધા  કન્વીનર.  પ્રા.શ્રીમતી નીલાબેન સોલંકી

કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટસ એન્ડ ધી સંખેડા નાગરિક સહકારી બેંક સંચાલિત કોમર્સ કોલેજ સંખેડા નાં C.W.D.C ના ઉપક્રમે કેશગુફન સ્પર્ધાનું આયોજન તા. ૨૬/૦૭/૨૦૨૫ ના દિવસે કરવામાં આવ્યું હતું. જેમા કુલ ૯ વિદ્યાર્થીઓનીઓએ  ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન C.W.D.Cના  કન્વીનર પ્રા.શ્રીમતી નીલાબેન સોલંકી એ કર્યું હતું. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ડૉ.સાધનાબેન ટાંક અને પ્રા.ડૉ.રાકેશભાઈ વણકરસાધુ એ સેવાઓ આપી હતી. આભાર વિધિ ડૉ. કવિતા જોશીએ કરી હતી. આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું. સમગ્ર સ્ટાફ મિત્રોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



| | |
|---|---|
| કન્વીનર. | આચાર્યશ્રી |
| પ્રા.શ્રીમતી નીલાબેન સોલંકી | ડૉ. ડી.વી.પટેલ |

તા.: ૨૬/૦૭/૨૦૨૫

સ્થળ: સંખેડા

કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા

અર્થશાસ્ત્ર વિભાગ

નિબંધ સ્પર્ધા-૨૦૨૫-૨૬ કન્વીનર - પ્રા. ડૉ.કવિતા જોશી

કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનું આયોજન તા.05/08/2025 ના રોજ કરવામાં આવેલ હતું. કાર્યકર્મના આરંભે આચાર્યશ્રીએ પ્રસંગ અનુરૂપ ઉદબોધન કર્યું હતું. આ નિબંધ સ્પર્ધા નો વિષય "ગાંધીજી ના આર્થિક વિચારો"હતો આ સ્પર્ધામાં કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના કુલ-10 જેટલા વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અર્થશાસ્ત્રના પ્રાધ્યાપિકા ડૉ.કવિતા જોશી દ્વારા કરવામાં આવ્યું હતું અને નિર્ણાયક કમિટીના અંતર્ગત પ્રો. પરેશ પુરાણી તથા ડૉ.રાકેશભાઈ રમેશભાઈ વણકરસાધુ દ્વારા સ્પર્ધાનું સફળ નિર્ણય કરવામાં આવ્યું હતું.




કન્વીનર. આચાર્યશ્રી

પ્રા. ડૉ.કવિતા જોશી ડૉ. ડી.વી. પટેલ

તા.: ૦૫/૦૮/૨૦૨૫

સ્થળ: સંખેડા

**કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા**

**C.W.D.C, ઇનોવેશન ક્લબ અને ઉદ્યોગ સાહસિક સમિતિના સંયુક્ત ઉપક્રમે**

**રાખી મેકિંગ સ્પર્ધા-૨૦૨૫-૨૬ કન્વીનર પ્રા. ડૉ.કવિતા જોશી**

કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજના C.W.D.C, ઇનોવેશન ક્લબ અને ઉદ્યોગ સાહસિક સમિતિ ના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન તા.06/08/2025 ના રોજ કરવામાં આવેલ હતું. કાર્યકર્મના આરંભે આચાર્યશ્રીએ પ્રસંગ અનુરૂપ ઉદબોધન કર્યું હતું. આ રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન C.W.D.C સમિતિના સભ્યો અને ઉદ્યોગ સાહસિક સમિતિના કન્વીનર પ્રા. ડૉ.કવિતા જોશીએ કર્યું હતું. આ સ્પર્ધામાં કોલેજના કુલ-10 જેટલા વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતો. અને નિર્ણાયક કમિટીના અંતર્ગત ડૉ.પ્રિયકાન્ત શ્રીમાલી તથા ડૉ. રાકેશભાઈ વણકરસાધુ દ્વારા સ્પર્ધાનું સફલ નિર્ણય કરવામાં આવ્યું હતું.

**સંખેડા : રાખી મેકિંગ સ્પર્ધાનું સફળ આયોજન કરાયું**



કમલેશ પટેલ | સંખેડા

કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજના C.W.D.C, ઈનોવેશન ક્લબ અને ઉદ્યોગ સાહસિક સમિતિ ના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન તા.06/08/2025 ના રોજ કરવામાં આવેલ હતું. કાર્યકર્મના આરંભે આચાર્યશ્રીએ પ્રસંગ અનુરૂપ ઉદબોધન કર્યું હતું. આ રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન C.W.D.C સમિતિના સભ્યો અને ઉદ્યોગ સાહસિક સમિતિના કન્વીનર પ્રા. ડૉ.કવિતા જોશીએ કર્યું હતું. આ સ્પર્ધામાં કોલેજના કુલ-12 જેટલા વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતો. અને નિર્ણાયક કમિટીના અંતર્ગત ડૉ.પ્રિયકાન્ત શ્રીમાલી તથા ડૉ. રાકેશભાઈ વણકરસાધુ દ્વારા સ્પર્ધાનું સફલ નિર્ણય કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માં પ્રથમ ક્રમે વસાવા માહી ધીરુભાઈ એ.,દ્વિતીય ક્રમે તડવી રેશમા જગદીશભાઈ તેમજ મોરે વિભૂતી ભરતભાઈ અને તૃતીય ક્રમે ભોઈ યોગીના ગોવિંદભાઈ તેમજ તડવી નિશા રમેશભાઈ વિજેતા રહ્યા હતા. તેમ જ આ કાર્યક્રમની આભારવિધિ ડો. સાધના ટાંક દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમમા આચાર્ય ડો. ડી. વી. પટેલ દ્વારા પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

| | |
|---|---|
| કન્વીનર. | આચાર્યશ્રી |
| પ્રા. ડૉ.કવિતા જોશી | ડૉ. ડી.વી. પટેલ |

તા.: ૦૬/૦૮/૨૦૨૫

સ્થળ: સંખેડા

**સંખેડા કૉલેજમાં C.W.D.C. ઇનોવેશન ક્લબ અને ઔદ્યોગિક સાહસિકતા સમિતિના સંયુક્ત ઉપક્રમે 'નેઇલ આર્ટ કાર્યશાળા'નું સફળ આયોજન. 06/08/2025**

**ડૉ. સાધના ર. ટાંક : નેઇલ આર્ટ કાર્યશાળા**

સંખેડા કૉલેજમાં C.W.D.C. ઇનોવેશન ક્લબ અને ઔદ્યોગિક સાહસિકતા સમિતિના સંયુક્ત ઉપક્રમે 'નેઇલ આર્ટ કાર્યશાળા'નું આયોજન કરવામાં આવ્યું. જે અંતર્ગત "સ્થાનિક નવીનતા પર સર્જનાત્મકતા અને નવીનતા કાર્યશાળા – સંકલ્પના" શીર્ષક હેઠળ વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા ખિલાવવા હેતુ 'નેઇલ આર્ટ'ની કાર્યશાળા યોજાઈ જેમાં વિષય નિષ્ણાંત તરીકે વ્યાવસાયિક નિષ્ણાંત ગોહિલ હિરલબા અર્જુનસિંહ દ્વારા નિદર્શન અને વ્યાખ્યાન પ્રયુક્તિ દ્વારા નખને સુંગમ ઘાટ આપી, તેને રંગબેરંગી રંગોથી રંગીને તેમાં સુંદરભાત પાડી સજાવતાં સદૃષ્ટાંત  શીખવવ્યું. ત્યારબાદ નેઈલ આર્ટલક્ષી પ્રશ્નોત્તરી, પ્રતિભાવો અને આગામી સ્પર્ધાની જાહેરાત થઈ. આ કાર્યશાળામાં કૉલેજની વિદ્યાર્થીની બહેનોએ સહભાગી રહી લાભ લીધો અને ભવિષ્યમાં આ કળા દ્વારા પારંગત બનવાની પ્રતિબદ્ધતા દર્શાવી આ રીતે આ કાર્યશાળા સફળતા પામી. આ કાર્યશાળાનું આયોજન C.W.D.C. વિભાગના તમામ સભ્યો અને ઇનોવેશન કલબના કન્વીનર ડૉ. સાધના આર. ટાંકની આગેવાનીમાં કરવામાં આવ્યું હતું અને તેમણે આ કાર્યક્રમનું સમગ્ર આયોજન અને સંચાલન કર્યું હતું. આ સ્પર્ધામાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ સક્રિય રહી આ કળા શીખી હતી. તેમ જ આ કાર્યક્રમની આભારવિધિ ડૉ. કવિતા જોશી દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યશાળા માટે આચાર્યશ્રી ડૉ. ડી. વી. પટેલ દ્વારા પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડ્યાં અને સમગ્ર કાર્યક્રમની સફળતા માટે તેમણે C.W.D.C., ઇનોવેશન ક્લબ અને ઔદ્યોગિક સાહસિકતા સમિતિ વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.








સંખેડા : રાખી મેકિંગ સ્પર્ધાનું સફળ આયોજન કરાયું

કમલેશ પટેલ | સંખેડા

કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજના C.W.D.C, ઈનોવેશન ક્લબ અને ઉદ્યોગ સાહસિક સમિતિ ના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન તા.06/08/2025 ના રોજ કરવામાં આવેલ હતું. કાર્યક્રમના આરંભે આચાર્યશ્રીએ પ્રસંગ અનુરૂપ ઉદબોધન કર્યું હતું. આ રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન C.W.D.C સમિતિના સભ્યો અને ઉદ્યોગ સાહસિક સમિતિના કન્વીનર પ્રા. ડૉ. કવિતા જોશીએ કર્યું હતું. આ સ્પર્ધામાં કોલેજના કુલ-12 જેટલા વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતી. અને નિર્ણાયક કમિટીના અંતર્ગત ડૉ. પ્રિયકાન્ત શ્રીમાળી તથા ડૉ. રાકેશભાઈ વણકરસાધુ દ્વારા સ્પર્ધાનું સફળ નિર્ણય કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માં પ્રથમ ક્રમે વસાવા માધી ધીરુભાઈ એ., દ્વિતીય ક્રમે તડવી રેશ્મા જગદીશભાઈ તેમજ મોરે વિભુતી ભરતભાઈ અને તૃતીય ક્રમે ભોઈ યોગીના ગોવિંદભાઈ તેમજ તડવી નિશા રમેશભાઈ વિજેતા રહ્યા હતા. તેમ જ આ કાર્યક્રમની આભારવિધિ ડૉ. સાધના ટાંક દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં આચાર્ય ડૉ. ડી. વી. પટેલ દ્વારા પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

કન્વીનર.
ડૉ. સાધના ર. ટાંક
તા.: ૦૬/૦૮/૨૦૨૫
સ્થળ: સંખેડા

આચાર્યશ્રી
ડૉ. ડી.વી. પટેલ

## સંખેડા કોલેજમાં એન્ટી રેગિંગ સપ્તાહની ઉજવણી.

પ્રો. પરેશ પુરાણી- તા.13/08/2025

12/08/2025 થી 18/ 08/2025 દરમિયાન સંખેડા કોલેજમાં એન્ટિ રેગિંગ સપ્તાહની ઉજવણી થઈ રહી છે. આ સંદર્ભમાં આજરોજ તારીખ 13/08/2025ના રોજ સાહેબ માનનીય જજ સાહેબશ્રી સંખેડા કોર્ટ દ્વારા એન્ટી રેગિંગ વિશે સમજણ માટેનું એક વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. જેમાં માનનીય મેડમ શ્રી એ વિદ્યાર્થીઓને તમામ જુદી જુદી પ્રવૃત્તિઓથી દૂર રહેવાની અને અભ્યાસ ઉપર ફોકસ રાખવાની ખાસ સલાહ આપી હતી એટલું જ નહીં પણ એમને જુદી જુદી રીતે થતાં રેગિંગ અંગે પણ વિસ્તૃત સમજૂતી આપી હતી. આ વ્યાખ્યાનમાં સંખેડા બાર એસોસિએશનના વકીલશ્રીઓએ પણ રેગિંગ અંગે માર્ગદર્શન આપ્યું હતું . એડવોકેટ ખુશ્બુ બેને વિદ્યાર્થીઓને એન્ટીરેગિંગ હેલ્પલાઇન નંબર આપી એમને માર્ગદર્શન આપ્યું હતું.આ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ અને સંખેડા કોલેજના અધ્યાપક મિત્રોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના ઇતિહાસ વિભાગના અધ્યાપક ડો.શ્રી પ્રિયકાન્તભાઈ શ્રીમાળીએ કર્યું હતું તથા કાર્યક્રમના અંતે આભારવિધિ ગુજરાતી વિભાગના સિનિયર પ્રાધ્યાપિકા કુ.રાજેશ્રીબેન જોષી એ કરી હતી. ઉપરાંત એન્ટીરેગિંગ સાઇન ડે નિમિત્તે બેનર ઉપર સૌ વિદ્યાર્થીઓની તથા અધ્યાપકોની સહી પણ લેવામાં આવી હતી.





દિવ્ય ભાસ્કર વડોદરા છોટા ઉદેપુર 14-08-2025

સંખેડાની કોલેજમાં એન્ટિ રેગિંગ સપ્તાહની ઉજવણી કરવામાં આવી

સંખેડા કોર્ટના ન્યાયાધીશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું

સંખેડા | સંખેડા ખાતે આવેલી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં તા.12થી તા.18 ઓગસ્ટ દરમિયાન એન્ટિ રેગિંગ સપ્તાહની ઉજવણી થઈ રહી છે. આ સંદર્ભમાં બુધવારે સંખેડા કોર્ટના ન્યાયાધીશ પી.પી.સોની તેમજ સંખેડા વકીલ મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.કોલેજમાં એન્ટિ રેગિંગ વિશે સમજણ માટેનું એક વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. જેમાં સંખેડા કોર્ટના ન્યાયાધીશ દ્વારા વિદ્યાર્થીઓને બિનજરૂરી પ્રવૃત્તિઓથી દૂર રહેવાની અને અભ્યાસ ઉપર ફોકસ રાખવાની ખાસ સલાહ આપવામાં આવી હતી. એટલું જ નહીં પણ એમને જુદી જુદી રીતે થતા રેગિંગ અંગે પણ વિસ્તૃત સમજૂતી આપી હતી. એડવોકેટ ખુશ્બુબેને વિદ્યાર્થીઓને એન્ટિરેગિંગ હેલ્પલાઈન નંબર આપી એમને માર્ગદર્શન આપ્યું હતું.

વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા ન્યાયધિશ.

| | |
|---|---|
| કન્વીનર. | આચાર્યશ્રી |
| પ્રા. પરેશ એસ. પુરાણી | ડૉ. ડી.વી.પટેલ |

તા.: ૧૩/૦૮/૨૦૨૫

સ્થળ: સંખેડા

**કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા**

**વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી નિમિત્તે**

**ચિત્ર  સ્પર્ધા-૨૦૨૫-૨૬**

કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજ દ્વારા  કોલેજના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન તા. 13/08/2025 ના રોજ કરવામાં આવેલ હતું. કાર્યકર્મના આરંભે આચાર્યશ્રીએ પ્રસંગ અનુરૂપ  ઉદબોધન કર્યું હતું.

આ ચિત્ર સ્પર્ધા નો વિષય “આદિવાસી જીવન શૈલી હતો. આ સ્પર્ધામાં કોલેજના કુલ-12 જેટલા વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો. પરેશ પુરાણી દ્વારા કરવામાં આવ્યું હતું અને નિર્ણાયક કમિટી અંતર્ગત ડૉ. પ્રિયકાન્તભાઇ શ્રીમાલી  તથા ડૉ કનુભાઇ પરમાર  દ્વારા સ્પર્ધાનું સફલ  નિર્ણય કરવામાં આવ્યું હતું. અંતે આભારવિધી ડૉ. રાકેશભાઈ રમેશભાઈ વણકરસાધુ દ્વારા કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમનું આયોજન ડૉ. કવિતા જોશી દ્વારા કરવામાં આવ્યું હતું



કન્વીનર.
પ્રા. પરેશ એસ. પુરાણી

આચાર્યશ્રી
ડૉ. ડી.વી.પટેલ

તા.: ૧૩/૦૮/૨૦૨૫
સ્થળ: સંખેડા

## કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા
## અહેવાલ વર્ષ-2025-26

### શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાઈબલ ચેર પ્રેરિત સંખેડા કૉલેજમાં 'આદિવાસી દિવસ ઉજવણી' સપ્તાહ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ.

સંખેડા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કોલેજમાં ૦૮ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ 'વિશ્વ આદિવાસી દિવસ'ની ઉજવણીના ભાગરૂપે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાઈબલ ચેર પ્રેરિત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું, આ તકે નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાઓનું આયોજન ત્રણ દિવસોમાં કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉમળકાભેર ભાગ લઈને સ્પર્ધાઓને સફળ બનાવી હતી. તા. 11.08.2025ના રોજ પ્રા.નિલાબેન સોલંકીની આગેવાનીમાં 'નિબંધ સ્પર્ધા' યોજાઈ જેમાં આપેલ વિષયો પર વિદ્યાર્થીઓએ નિબંધ લખી તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. આ સ્પર્ધામાં ડૉ. રાકેશ વણકર સાધુ અને ડૉ. સાધના ટાંક નિર્ણાયક રહ્યાં હતાં, તા. 12.08.2025ના રોજ પ્રા.પ્રણય શ્રીવાસ્તવની આગેવાનીમાં 'વકતૃત્વ સ્પર્ધા' યોજાઈ જેમાં આપેલ વિષયો પર વિદ્યાર્થીની બહેનોએ તેમના સુંદર વિચારોની અભિવ્યક્તિ કરી, આ સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ડૉ. સાધના ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું અને ડૉ. દિવ્યાંગ વ્યાસ અને ડૉ. કવિતા જોશીએ નિર્ણાયકની અગત્યની ભૂમિકા ભજવી હતી. ત્યારબાદ તા. 13.08.2025ના રોજ પ્રા. પરેશ પુરાણીની આગેવાનીમાં 'ચિત્ર સ્પર્ધા' યોજાઈ. જેમાં આપેલ વિષયો પર વિદ્યાર્થીઓએ કલાત્મક ચિત્રો દોર્યા હતાં. આ સ્પર્ધાના નિર્ણાયક ડૉ. પ્રિયકાન્ત શ્રીમાળી અને ડૉ. કનુભાઈ પરમાર રહ્યા હતા. આ આદિવાસી સપ્તાહ વિષયક વિવિધ સ્પર્ધાઓમાં સહભાગી અને હાજર તમામ વિદ્યાર્થીઓને આ સ્પર્ધાઓ થકી આદિવાસી સંસ્કૃતિ અને સભ્યતાનો વિશેષ પરિચય મેળવ્યો તેથી તેમના જ્ઞાનમાં વધારો થયો હતો. તેમ જ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્તમ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને નિર્ણાયકો દ્વારા એકથી ત્રણ ક્રમે વિજેતા જાહેર કરાયાં. આ પ્રત્યેક સ્પર્ધા આચાર્યશ્રી ડૉ. ડી.વી. પટેલની પ્રેરણા અને પ્રોત્સાહન હેઠળ આયોજાઇ અને સમગ્ર કોલેજ સ્ટાફના સહકાર થકી સફળતા પામી હતી.





એન.એસ.એસ.પ્રોગ્રામ ઑફીસર
ડૉ.પી.આર.શ્રીમાળી

પ્રિન્સીપલશ્રી
ડૉ. ડી.વી.પટેલ

## સંખેડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કોલેજના ગુજરાતી વિભાગ દ્વારા વીર નર્મદ જન્મજયંતિના અનુસંધાને 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ની ઉજવણી

વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ની ઉજવણી - ડૉ. સાધના ર. ટાંક   તારીખ: 24 ઓગષ્ટ 2025

સંખેડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કોલેજ, સંખેડાના ગુજરાતી વિભાગ દ્વારા ગુજરાતી સાહિત્યના 'અર્વાચીનોમાં આદ્ય' ગણાતા વીર નર્મદની જન્મજયંતિના અનુસંધાને 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ની ઉજવણીનો કાર્યક્રમ ઉત્સાહપૂર્વક યોજાયો. આ કાર્યક્રમનું આયોજન કૉલેજના આચાર્યશ્રી ડૉ. ડી.વી. પટેલની પ્રેરણા અને પ્રા. રાજશ્રી જોશીના માર્ગદર્શન હેઠળ ડૉ. સાધના ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ડૉ. કનુભાઈ પરમાર દ્વારા પ્રાસંગિક ઉદબોધન આપવામાં આવ્યું હતું, જ્યારે પ્રા. રાજશ્રી જોશીએ વિદ્યાર્થીઓને વીર નર્મદના જીવન, સાહિત્ય અને ભાષાસેવા વિશે માહિતીસભર માર્ગદર્શન આપ્યું હતું. વિધાર્થીઓ દ્વારા વીર નર્મદનો જીવનપરિચય તેમજ તેમની વિવિધ સાહિત્યકૃતિઓ વિષે વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. આ રીતે વીર નર્મદને શબ્દાંજલિ અર્પણ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. સાધના ટાંક દ્વારા કરવામાં આવી હતી.કાર્યક્રમના પરિણામ સ્વરૂપે વિદ્યાર્થીઓ 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ના મહત્ત્વથી પરિચિત થયા તેમજ ગુજરાતી ભાષા અને સાહિત્યના સંવર્ધનમાં વીર નર્મદની અવિસ્મરણીય ભૂમિકા અંગે ઊંડો અભિગમ વિકસ્યો.






**સંખેડા | વીર નર્મદ જન્મ-જયંતિના અનુસંધાને 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ની ઉજવણી કરાઈ**

કમલેશ પટેલ,સંખેડા |સંખેડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના ગુજરાતી વિભાગ દ્વારા ગુજરાતી સાહિત્યના 'અર્વાચીનોમાં આદ્ય' ગણાતા 'વીર નર્મદ જન્મ-જયંતિ'ના અનુસંધાને 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ની ઉજવણી કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. ડી.વી. પટેલની પ્રેરણા અને પ્રા. રાજશ્રી જોશીના માર્ગદર્શન હેઠળ ડૉ. સાધના ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. કનુભાઈ પરમાર દ્વારા પ્રાસંગિક ઉદબોધન અને પ્રા. રાજશ્રી જોશી દ્વારા વિદ્યાર્થીઓને વીર નર્મદ વિશે જ્ઞાનપ્રદ માહિતી પરિસવામાં આવી. વિધાર્થીઓ દ્વારા વીર નર્મદનો પરિચય, તેમની વિવિધ કૃતિઓ વિશે વક્તવ્ય રજૂ કરાયું અને આ રીતે વીર નર્મદને શબ્દાંજલિ અર્પણ કરાઈ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. સાધના ટાંક દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમના ફળસ્વરૂપે વિદ્યાર્થીઓ જેમના કારણે 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે એવા 'નવયુગના પ્રહરી વીર નર્મદ' અને તેમની સાહિત્ય સેવાથી પરિચિત થયાં હતાં.

| | |
|---|---|
| કન્વીનર. | આચાર્યશ્રી |
| ડૉ. સાધના ર. ટાંક | ડૉ. ડી.વી. પટેલ |

તા.: ૨૪/૦૮/૨૦૨૫

સ્થળ: સંખેડા

**કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા****

**અર્થશાસ્ત્ર વિભાગ આયોજિત -પરિચર્ચા**

**વિષય -આધુનિક ભારત માટે આદર્શ "રામ રાજ્ય મોડેલ"-૨૦૨૫-૨૬**

**પ્રો. પરેશ પુરાણી- તા.26/08/2025**

કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ માટે પરિચર્ચાનુ આયોજન તા.26/08/2025 ના રોજ કરવામાં આવેલ હતું. કાર્યકર્મના આરંભે આચાર્યશ્રીએ પ્રસંગ અનુરૂપ ઉદબોધન કર્યું હતું.

આ પરિચર્ચાનો વિષય "આધુનિક ભારત માટે આદર્શ -રામ રાજ્ય મોડેલ" હતો આ પરિચર્ચામા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના કુલ-11 જેટલા વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અર્થશાસ્ત્રના પ્રધ્યાપક ડૉ.રાકેશભાઈ રમેશભાઈ વણકરસાધુ દ્વારા કરવામાં આવ્યું હતું અને નિર્ણાયક કમિટીના અંતર્ગત પ્રો. પરેશ પુરાણી દ્વારા સ્પર્ધાનું સફલ નિર્ણય કરવામાં આવ્યું હતું જેમા પ્રથમ ક્રમે બરિયા સ્નેહા, દ્વિતિય ક્રમે પાટણવાડિયા સ્વેની અને તૃતીય ક્રમે દોલી સરોજ અને ઉપાધ્યાય ગ્રીષ્મા રહ્યા હતા. અન્તમાં કાર્યક્રમની આભારવિધિ ડૉ. કવિતા જોશી દ્વારા કરવામાં આવી હતી.



કન્વીનર.
પ્રા. પરેશ એસ. પુરાણી

આચાર્યશ્રી
ડૉ. ડી.વી.પટેલ

તા.: ૨૬/૦૮/૨૦૨૫
સ્થળ: સંખેડા

કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા

C.W.D.C.વિભાગ

આરતી શણગાર - કન્વીનર પ્રા. વર્ષાબેન પટેલ

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા ખાતે સી ડબ્લ્યુ ડી સી વિભાગ દ્વારા આરતી શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું આ સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જેમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમ વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમનું સંચાલન કન્વીનર પ્રધ્યાપિકા વર્ષાબેન પટેલે કર્યું હતું આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ડો. દિવ્યાંગ કે વ્યાસ અને ડો. કવિતાબેન જોશીએ સેવા આપી હતી. કાર્યક્રમના અંતે આભાર વિધિ ડો્ સાધનાબેન ટાંક દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમા કોલેજના આચાર્યશ્રી ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતુ. તેમ જ સમગ્ર સ્ટાફ મિત્રોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.





| | |
|---|---|
| કન્વીનર. | આચાર્યશ્રી |
| પ્રા. વર્ષાબેન પટેલ | ડૉ. ડી.વી. પટેલ |

તા.: ૨૯/૦૮/૨૦૨૫

સ્થળ: સંખેડા

કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા

C.W.D.C.વિભાગ

પ્રસાદ સુશોભન સ્પર્ધા  કન્વીનર.  પ્રા.શ્રીમતી નીલાબેન સોલંકી

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા ખાતે સી ડબ્લ્યુ ડી સી વિભાગ દ્વારા પ્રસાદ સુશોભન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું આ સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન સી ડબ્લ્યુ ડી સી ના કન્વીનર પ્રધ્યાપિકા નીલાબેન સોલંકીએ કર્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ડો. દિવ્યાંગ કે વ્યાસ અને પ્રિયકાંત શ્રીમાળી સાહેબે સેવાઓ આપી હતી. કાર્યક્રમના અંતે આભાર વિધિ ડો. રાકેશ વણકરસાધુ સાહેબે કરી હતી .આ કાર્યક્રમમા કોલેજના આચાર્યશ્રી ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતુ .તેમ જ સમગ્ર સ્ટાફ મિત્રોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.





કન્વીનર. આચાર્યશ્રી

પ્રા.શ્રીમતી નીલાબેન સોલંકી ડૉ. ડી.વી.પટેલ

તા.: ૩૦/૦૮/૨૦૨૫

સ્થળ: સંખેડા

કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા

C.W.D.C.વિભાગ

સાડી ડે સ્પર્ધા  કન્વીનર.  પ્રા.શ્રીમતી નીલાબેન સોલંકી

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડાના સી.ડબલયુ  ડી.સી. વિભાગ દ્વારા સાડી ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો કાર્યક્રમનું સફળ આયોજન સી ડબ્લ્યુ સી ના કન્વીનર પ્રધ્યાપક નીલાબેન સોલંકી અને વર્ષાબેન પટેલે  પ્રા. રાજશ્રી  જોશી એ કર્યું હતું. જેમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમ વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા . જેમાં નિર્ણાયક તરીકે  ડૉ.કવિતા જોશી અને ડૉ સાધના ટાંકે સેવાઓ આપી હતી.



કન્વીનર.
પ્રા.શ્રીમતી નીલાબેન સોલંકી

આચાર્યશ્રી
ડૉ. ડી.વી.પટેલ

તા.: ૦૪/૦૯/૨૦૨૫
સ્થળ: સંખેડા

## કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા

## સાંસ્કૃતિક સમિતિ

### આર્ટસ અને કોમર્સ કોલેજ સંખેડામાં નવરાત્રિ નિમિત્તે ગરબાનો કાર્યક્રમ યોજાયો...

આજ રોજ તારીખ 26/9/2025 ના રોજ સંખેડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે નવરાત્રીના પાવન પર્વ અંતર્ગત કોલેજના પરિસરમાં રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સૌ વિદ્યાર્થી મિત્રો અને તમામ અધ્યાપક ગણ તથા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ માં જગદંબાની આરતી કરી ગરબામાં જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાંસ્કૃતિક સમિતિના કોર્ડીનેટર ડો.રાકેશ આર.વણકર સાધુ દ્વારા કરવામાં આવ્યુ હતું. તથા સાંસ્કૃતિક સમિતિના સભ્યો ડો. પ્રિયકાન્ત આર. શ્રીમાળી તથા પ્રા. વર્ષાબેન પટેલનો સહકાર સંભાળ્યો હતો. સમગ્ર કાર્યક્રમને આચાર્યશ્રી ડો.દીપકભાઈ વી.પટેલ  પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું.







**સંખેડા કોલેજમાં નવરાત્રિની ઉજવણી: વિદ્યાર્થીઓ અને સ્ટાફે ઉત્સાહભેર રાસ-ગરબા કર્યા**

કમલેશ પટેલ | સંખેડા, છોટા ઉદેપુર | 26/09/25



સંખેડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે 26 સપ્ટેમ્બર, 2025ના રોજ નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજ પરિસરમાં રાસ-ગરબાનું આયોજન કરાયું હતું.



આ ઉજવણીમાં વિદ્યાર્થીઓ, અધ્યાપક ગણ, તેમજ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ ઉત્સાહભેર જોડાયા હતા. સૌએ મા જગદંબાની આરતી કર્યા બાદ ગરબા રમ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સાંસ્કૃતિક સમિતિના કોઓર્ડિનેટર ડો. રાકેશ આર. વણકર સાધુ દ્વારા કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક સમિતિના સભ્યો ડો. પ્રિયકાન્ત આર. શ્રીમાળી અને પ્રા. વર્ષાબેન પટેલે આયોજનમાં સહયોગ આપ્યો હતો. કોલેજના આચાર્ય ડો. દીપકભાઈ વી. પટેલે આ સમગ્ર કાર્યક્રમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

| | |
|---|---|
| **સાંસ્કૃતિક સમિતિના કોર્ડીનેટર** | **પ્રિન્સીપલશ્રી** |
| **ડો.રાકેશ આર.વણકરસાધુ** | **ડૉ. ડી.વી.પટેલ** |

તા.:26/09/2025

સ્થળ:સંખેડા

કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા

GKIQની પરીક્ષા યોજાઈ      કન્વીનર પ્રા. ડૉ.કવિતા જોશી

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડામાં તા. 28/09/2025, રવિવારે સવારે 9 થી 10-30 સમય દરમ્યાન વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ભાવનગર આયોજિત GKIQ ની પરીક્ષા લેવાઈ હતી. જેમાં 35 જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પરંતુ વરસાદી માહોલને કારણે 28 જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહી શક્યાં હતા. આ પરીક્ષા આચાર્યશ્રી ડૉ. ડી.વી. પટેલની પ્રેરણાથી પ્રા. ડૉ. કવિતા જોશીના સંચાલનપણા હેઠળ લેવાઈ હતી. પરીક્ષામાં સુપરવાઈઝર તરીકે ડૉ. કનુભાઈ પરમારે સેવા આપી હતી.




કન્વીનર.                                   આચાર્યશ્રી

પ્રા. ડૉ.કવિતા જોશી                          ડૉ. ડી.વી. પટેલ

તા.: ૨૮/૦૯/૨૦૨૫

સ્થળ: સંખેડા

# ચિત્ર સ્પર્ધા ૨૦૨૫-૨૬

**પ્રા. પી.એન. શ્રીવાસ્તવ તા. 07 /10 /2025**

આજે તારીખ 07 /10 /2025 ના રોજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાં 'ચિત્ર સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું. તેના વિષય હતું "પ્રાકૃતિક સૌંદર્ય". આમાં 14 જેટલા વિદ્યાર્થીઓને ભાગ લીધો હતો. આચાર્યશ્રી સાથે સમસ્ત ટીચિંગ સ્ટાફ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરા પાડવા માટે હાજર હતા. બહુ ઉત્સાહભેર વિદ્યાર્થીઓને ચિત્ર દોર્યું હતું . અને આજની સ્પર્ધાના નિર્ણાયક ડૉ. કવિતાબેન જોશી અને ડો. સાધનાબેન ટાંક હતા. આમાં પ્રથમ ક્રમે આવે છે ભોઈ ટીશા કે. બીજા ક્રમે આવે છે ભોઇ યોગીના બી. અને સરોજ ડોલી એ. ત્રીજા ક્રમે ત્રણ વિદ્યાર્થીઓ હતા એમાં તડવી યાદવકુમાર એસ. , ભોઈ નિરાલી પી. અને ભોઈ તનિષા અને. આવે છે. આમાં આર્ટસ અને કોમર્સ બંને વિષયના વિદ્યાર્થીઓ હતા . અને ભારે ઉત્સાહ વિદ્યાર્થીઓમાં જોવા મળ્યા હતા. કાર્યક્રમના અંતે પ્રોફેસર પી.એન. શ્રીવાસ્તવ ને બધાના આભાર પ્રદર્શન કર્યું હતું.



કન્વીનર. — આચાર્યશ્રી

પ્રા. પી.એન. શ્રીવાસ્તવ — ડૉ. ડી.વી. પટેલ

તા.: ૦૭/૧૦/૨૦૨૫

સ્થળ: સંખેડા

## "મહાત્મા ગાંધી જયંતિ વિશેષ" ઓનલાઈન ક્વિઝ – ૨૦૨૫

**આયોજક વિભાગ અને સંચાલક / ઇવેન્ટ ઇન્ચાર્જ ડૉ. સાધના ર. ટાંક ગુજરાતી વિભાગ,**

ઓનલાઈન ક્વિઝ / મૂલ્યઆધારિત શૈક્ષણિક પ્રવૃત્તિમા મોટાભાગના વિદ્યાર્થીઓએ ૨૫ થી ૩૫ ગુણ વચ્ચે ગુણ મેળવ્યા હતા, જે વિદ્યાર્થીઓમાં વિષય અંગે સારી સમજ દર્શાવે છે. મહાત્મા ગાંધી જયંતિ નિમિત્તે તા. ૦૨/૧૦/૨૦૨૫ના રોજ "મહાત્મા ગાંધી જયંતિ વિશેષ" ઓનલાઈન ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્વિઝ દ્વારા ગાંધીજીના જીવન, સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમના યોગદાન, સત્યાગ્રહ, અહિંસા તથા રાષ્ટ્રીય મૂલ્યો અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ક્વિઝ **Google Form** દ્વારા લેવામાં આવી હતી. કુલ ૧૯૭ પ્રતિસાદ પ્રાપ્ત થયા હતા, જેમાંથી ૧૮૯ વિદ્યાર્થીઓએ ૪૦%થી વધુ ગુણ પ્રાપ્ત કરી ક્વિઝ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. તમામ સફળ વિદ્યાર્થીઓને તેમની નોંધાયેલ ઇ-મેલ આઈડી પર ડિજિટલ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રવૃત્તિમાં કૉલેજના આચાર્યશ્રી અને અધ્યાપકોનું પ્રેરક યોગદાન રહ્યું. ગાંધીજીના વિચારો અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ વધેલી જોવા મળી. મૂલ્યઆધારિત શિક્ષણને પ્રોત્સાહન મળ્યું. વિદ્યાર્થીઓમાં ઓનલાઈન શૈક્ષણિક પ્રવૃત્તિ પ્રત્યે ઉત્સાહ વધ્યો. પરિણામ વિશ્લેષણથી સકારાત્મક શૈક્ષણિક અસર સ્પષ્ટ થઈ "મહાત્મા ગાંધી જયંતિ વિશેષ ઓનલાઈન ક્વિઝ – ૨૦૨૫" ડૉ. સાધના ર. ટાંકના સંચાલન હેઠળ સફળતાપૂર્વક આયોજિત થઈ હતી. આ પ્રવૃત્તિ વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક, મૂલ્યપ્રેરક અને NAAC માપદંડોને અનુરૂપ સાબિત થઈ હતી.




**કન્વીનર.** **આચાર્યશ્રી**

ડૉ. સાધના ર. ટાંક ડૉ. ડી.વી. પટેલ

તા.: ૦૨/૧૦/૨૦૨૫

સ્થળ: સંખેડા

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે આંતર કોલેજ યુવક મહોત્સવ (સ્પંદન-૨૦૨૫)
## (સાંસ્કૃતિક સમિતિ કોર્ડીનેટર--ડૉ. આર.આર.વણકરસાધુ)

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા ખાતે ૧૪ અને ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫નાં રોજ આંતર કોલેજ યુવક મહોત્સવ (સ્પંદન-૨૦૨૫)નું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત અલગ અલગ સ્પર્ધાઓ યોજાઇ હતી. જે અનુસંધાને આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાંથી સાંસ્કૃતિક સમિતિ કોર્ડીનેટર--ડૉ. આર.આર.વણકરસાધુનાં માર્ગદર્શન હેઠળ જુદી-જુદી સ્પર્ધાઓમા કોલેજના ૧૯ જેટલા વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતો. જેમને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી તરફથી ભાગ લેવા બદલ પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. જેમાં સાંસ્કૃતિક સમિતિના સભ્યો ડૉ. પી. આર. શ્રીમાળી તથા પ્રા. વર્ષાબેન પટેલનો સંપૂર્ણ સાથ-સહકાર પ્રાપ્ત થયો હતો. ઉપરાંત કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી.વી. પટેલ સાહેબ તથા કોલેજ પરિવારે ભાગ લીધેલ વિદ્યાર્થીઓને સુભેચ્છાઓ પાઠવી હતી.





સાંસ્કૃતિક સમિતિના કોર્ડીનેટર
ડો.રાકેશ આર.વણકરસાધુ

પ્રિન્સીપલશ્રી
ડૉ. ડી.વી.પટેલ

તા.: તા.14/10/2025
સ્થળ: શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટ્સ એન્ડ ધી એસ.એન.એસ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ,સંખેડા

ગાંધી પરીક્ષા યોજાઈ		કન્વીનર પ્રા. ડૉ.કવિતા જોશી

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડામાં તા. 22/12/2025, સવારે 10:00 થી 11:00 ગાંધી રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા ગાંધી વિચાર સંસ્કાર પરીક્ષા – 2025 દરમ્યાન વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ભાવનગર આયોજિત GKIQ ની પરીક્ષા લેવાઈ હતી. જેમાં 35 જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પરંતુ વરસાદી માહોલને કારણે 28 જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહી શક્યાં હતા. આ પરીક્ષા આચાર્યશ્રી ડૉ. ડી.વી. પટેલની પ્રેરણાથી પ્રા. ડૉ. કવિતા જોશીના સંચાલનપણા હેઠળ લેવાઈ હતી. પરીક્ષામાં સુપરવાઈઝર તરીકે ડૉ. કનુભાઈ પરમારે સેવા આપી હતી.



કન્વીનર.		આચાર્યશ્રી

પ્રા. ડૉ.કવિતા જોશી		ડૉ. ડી.વી. પટેલ

તા.: ૨૨/૧૨/૨૦૨૫

સ્થળ: સંખેડા

## સંસ્કૃત શ્લોક ગાન સ્પર્ધા ૨૦૨૫-૨૬

### ઈવેન્ટ ઇન્ચાર્જ     ડૉ. જીતેન્દ્રભાઈ એ પટેલ

સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કાપડીયા નગીનદાસ મગનલાલ માણેકલાલ સાર્વજનિક આર્ટ્સ કોલેજ અને સંખેડા નાગરિક સહકારી બેંક સાર્વજનિક કોમર્સ કોલેજ, સંખેડા દ્વારા વિદ્યાર્થીઓને સંસ્કૃત ઉત્થાન માટે પ્રેરણા મળે તે હેતુથી સંસ્કૃત શ્લોક ગાન સ્પર્ધા ૨૦૨૫-૨૬ નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે સંસ્થાના પ્રાધ્યાપક ડો. દિવ્યાંગ વ્યાસ તેમજ ડો. કવિતાબેન જોશીએ ભૂમિકા ભજવી હતી. આ પ્રેરણાદાયી પ્રવૃત્તિ કોલેજના આચાર્યશ્રી ડો. દીપકકુમાર વી પટેલના નેતૃત્વ હેઠળ આ કાર્યક્રમના ઈવેન્ટ ઇન્ચાર્જ ડૉ. જીતેન્દ્રભાઈ એ પટેલ (સંસ્કૃત વિભાગ) દ્વારા કરવામાં આવી, સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્કૃત વિભાગના પ્રાધ્યાપિકા વર્ષાબેન પટેલ દ્વારા કરાયું. ઉપરોક્ત પ્રસંગે સંસ્થાના સમગ્ર સ્ટાફ ગણે આ કાર્યક્રમને ઉત્સાહપૂર્વક વધાવી લીધો.


**સંખેડા કોલેજમાં સંસ્કૃત શ્લોક ગાન સ્પર્ધા યોજાઈ:** વિદ્યાર્થીઓને સંસ્કૃત ઉત્થાન માટે પ્રેરણા મળી

કમલેશ પટેલ | સંખેડા, છોટા ઉદેપુર | 07/01/26



સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કાપડીયા નગીનદાસ મગનલાલ માણેકલાલ સાર્વજનિક આર્ટ્સ કોલેજ અને સંખેડા નાગરિક સહકારી બેંક સાર્વજનિક કોમર્સ કોલેજ દ્વારા સંસ્કૃત શ્લોક ગાન સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષાના ઉત્થાન માટે પ્રેરણા આપવાનો હતો.



| | |
|---|---|
| કન્વીનર. | આચાર્યશ્રી |
| પ્રા. ડૉ. જીતેન્દ્રભાઈ એ પટેલ | ડૉ. ડી.વી. પટેલ |

તા.: ૨૨/૧૨/૨૦૨૫

સ્થળ: સંખેડા

## વર્ષ દરમ્યાન અધ્યાપકો ધ્વારા કોલેજ બહાર આપેલ સેવાની વિગતો વર્ષ: ૨૦૨૫-૨૬

### WHAT IS ORGANIZED AND UNORGANIZED RETAILING?

Retailing industry is gaining the attention of government, researchers, academicians and policy makers .For any country Retailing is a distinct, diverse and dynamic sector which is of huge economic significance to most developed nations. It generates revenue and wealth for nation, encourages investments and brings technological advancements. It also brings employment and creates wealth of the economy and vibrant part of our changing society and a major source of employment.

Retailing Industry is divided into two sectors: Organized Retailing Sector and Unorganized Retailing Sector.

**Organized Retailers -** Organized Traders/Retailers are those who are licensed for doing trading activities and registered to pay different taxes to the government.

**Unorganized Retailers** – Unorganized Retailers are those consisting of small shops - conventional Kirana shops, general stores, corner shops among various other small retail outlets selling different items in small quantity ,normally not paying tax to the government and majority of them are managed or controlled by the local government authorities.

Retailing in unorganized sector is not a profit oriented vocation but a mere source of livelihood. Naturally, the capital investment is very low and the infrastructure is rudimentary. The

unorganized retailing sector dominates the total retailing activity in India.. It includes thousands of small retail shops spread over the entire geographical area of the country. It refers to the traditional format of retail industry. These sectors is mainly characterized by small retailers and are subject to tax evasion and lack of labour law system. Example: Local kirana shops, pan bidi shops etc.

**TYPES OF CUSTOMERS OF ORGANIZED RETAILING SHOPS**

Persons who are visiting to shopping malls are described or called as customers or consumers or buyers or shoppers and the below mentioned is a new classification.

**1) TIRED CUSTOMERS** : They are non productive. Such customers are usually just bored. They are hit by work fatigue and find solace in visiting malls for a change. The idea is to get away from drudgery.

**2) ATTIRED CUSTOMERS :** These are the productive type. They come to malls purposefully with the intention of buying their own attire. Be it jeans, shirts, salwar kameez,a watch, a belt or shoes- the attired consumers will buy it all. They do not think twice before spending and would occasionally even go to the extent of buying jewellery. Malls are said to be reacting pretty strongly to this clan.

**3) RETIRED CONSUMERS :** They are highly productive but claims that they are not taken seriously by malls who gun for the younger crowd . Sales persons at malls are not seen to be paying too much attention to these consumers. But, the fact is, they have the buying power. All they want is respect. If they don't get it at malls, they would be very happy to go back to their old, neighborhood departmental stores . Though the retired consumers can be productive, malls are not taking advantage of this kind of consumers.

**4) ADMIRED CONSUMERS :** These are basically window-shoppers. They would window shop from outside a shop or inside shop. But they rarely make purchases. Therefore, they are non productive types.. Malls are hopeful that the admired consumers would transform into the attired consumers only the time will tell.

ISBN: 978-93-344-1368-7

**5) ASPIRED CONSUMERS :** They are highly productive. They come with the deliberate intention to buy quality products. They aspire to upgrade each time they come to a mall, be it in foods, information technology or fashionable attire. The aspired consumers always wants to know what is new. The mall is thus the right place for them and they are the right consumers for a mall.

**6) DESIRED CONSUMERS :** These are not productive ,but could become so in time to come. They have an ardent desire to buy things at a mall but do not have buying power. They would go from mall to mall to look around and treat their eyes but would finally end up at the food court. Malls see a future in these desired consumers.

**7) FIRED CONSUMERS :** They are the fighter cocks who indulge in occasional tiffs with sales persons. . Their favorite line is call the manager. Such a consumers usually disrupt the atmosphere and may be the mood of serious shoppers as well.

**8) HIRED CONSUMERS :** Even since malls have come up, market research has gained importance . It is important to understand what consumers like in a mall. ,why they are there ,what is it that they would like changed?. The hired consumers – the market research people—throng malls in search for consumer insight. They are not there to make purchase and thus they are the unproductive type.

**9) WIRED CONSUMER :** They are IT savvy and frequently going to malls to satisfy their ever growing hunger for the latest gadgets. Sale of laptops, latest phones, ipods, pen drives and electronics thrives on such people. Wired consumers are very productive for malls. But there is a catch. Malls need to keep pace with the latest happenings in the IT world if they have to cater to the need of the wired consumer. The sales person better be as knowledgeable if not more, than the wired consumers about the latest in technology.

ISBN: 978-93-344-1368-7

# સને 2025માં આર્થિક ક્ષેત્રે ભારત

પ્રા.પરેશ એસ.પુરાણી

અર્થશાસ્ત્ર

આપણો દેશ છેલ્લા ઘણા વર્ષોથી હાર્દિક ક્ષેત્રે ઝડપી પ્રગતિ નોંધાવી રહ્યો છે ચાલુ વર્ષે નીચેના કેટલાક મુખ્ય ક્ષેત્રોમાં ખૂબ જ ઝડપી આર્થિક પ્રગતિ દર્શાવી છે જે ક્ષેત્રો છે. -

ક્લિનિકલ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સી

ઈલેક્ટ્રીક ટુ વ્હીલર્સ

વિદેશ વેપાર

ઓફિસનો વિસ્તાર

સેમિ કંડકટર

રિન્યુએબલ એનર્જી

ક્લિનિકલ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સી:

ભારતે ક્લિનીશીયન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સીમાં સારી એવી પ્રગતિ નોંધાવી છે ગયા વર્ષે 12% ક્લિનિશિયન્સ આર્ટિફિશિયલ ટેકનોલોજી નો ઉપયોગ કરતા હતા. ચાલુ વર્ષે ઓક્ટોબર મહિના સુધીમાં એક અભ્યાસ મુજબ 40% ભારતીય ક્લિનિશિયન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સી નો ઉપયોગ કરી રહ્યા છે. આ આંકડા યુનાઇટેડ સ્ટેટ્સ અને યુકે માટે અનુક્રમે 48% અને 34% છે. આ ઉપરથી એવું તારણ નીકળી શકે કે ભારતીય ક્લિનિશિયન્સ ભવિષ્યમાં મોટાભાગના દર્દીઓનું નિદાન કરવામાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સીનો વપરાશ વધારશે. આ આંકડાઓ અને અપેક્ષાઓ ભારતના આરોગ્યક્ષેત્રમાં કાર્યક્ષમતામાં ઝડપથી સુધારો થશે.

**ઈલેક્ટ્રીક ટુવ્હીલર્સ:**

ISBN: 978-93-344-1368-7

છેલ્લા આંકડા મુજબ ભારતમાં ઈલેક્ટ્રીક ટુ વ્હીલર્સની નોંધણીમાં 18% નો વધારો સૂચવે છે. આમાં મુખ્ય કંપનીઓ ઓલા ઈલેક્ટ્રીક,હીરો મોટો કોર્પ,એથર એનર્જી,ટીવીએસ,બજાજ વગેરે દ્વારા મોટા પાયે ટકાવારીની દ્રષ્ટિએ ઉછાળો આવેલ છે.

ઈલેક્ટ્રીક વાહનોનો વધતો વપરાશ દર્શાવે છે કે ભારતમાં ટકાઉ વિકાસને વેગ મળી રહ્યો છે.

**વિદેશ વેપાર:**

ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ પાંચ મહિના દરમિયાન માલ સામાનની નિકાસ ૨.૫ ટકા વધી છે. જેમાં યુએસમાં નિકાસ 18 ટકા વધી છે. ભારત સરકાર દ્વારા વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવા માટેના પ્રયત્નોનું આ સીધું પરિણામ છે. આ દર્શાવે છે કે ભારત સરકાર દ્વારા વિકાસકારોને આપવામાં આવતા ટેકાને કારણે વેપાર અને આર્થિક વૃદ્ધિમાં વધારો થઈ રહ્યો છે.

**કોમર્શિયલ રીયલ એસ્ટેટ:**

ભારતના ટોચના 8 શહેરોમાં ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ઓફિસ લિઝિંગમાં 35% નો વધારો જોવા મળ્યો છે. જે 16.3 મિલિયન ચોરસ ફુટ પર પહોંચ્યો છે. એટલે કે ઓફિસ લિઝિંગ વિસ્તાર વધ્યો છે. આમાં અગ્રણી શહેરો દિલ્હી,બેંગલોર,ચેન્નાઇ. પુણે અને મુંબઈનો સમાવેશ થાય છે. આમાં ગ્લોબલ કેપેબીલીટી સેન્ટર્સ,આઈટી,એન્જિનિયરિંગ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. સાથે સાથે ઓફિસના ભાડામાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

કોમર્શિયલ રિયલ એસ્ટેટની મજબૂત માંગ સૂચવે છે કે ભારતમાં આર્થિક પ્રવૃત્તિઓમાં ઝડપી વધારો થઈ રહ્યો છે.

**સેમિ કંડકટર:**

ચાલું નાણાકીય વર્ષ દરમિયાન સેમિકોન ઇન્ડિયાની દિલ્હીમાં 2025 સમિટ યોજાઈ હતી. જેમાં લગભગ 350 પ્રદર્શન કાર્યોએ ભાગ લીધો હતો. 15,000 થી વધુ મુલાકાતીઓ આવ્યા હતા. આ સમિટમાં સરકારી પ્રતિબધ્ધતા અને ઉદ્યોગ ની ભાગીદારી દ્વારા ચીપ ડિઝાઇન,ઉત્પાદન અને પેકેજીંગમાં થયેલી પ્રગતિનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેનો

ISBN: 978-93-344-1368-7

ઉદ્દેશ ભારતને પૂર્ણ ટેક સેમિકન્ડક્ટર રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવાનો છે. આ ક્ષેત્રમાં કાર્યરત કંપનીઓએ લોજિસ્ટિક સપ્લાય ચેન,હાર્ડવેર, એન્જિનિયરિંગ અને પ્રોડક્ટ મેનેજમેન્ટ નો સમાવેશ કરવા માટે પોતાની કામગીરીમાં વિસ્તાર કર્યો છે. સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે હજારો એન્જિનિયર અને તૈયાર કરવા માટે લાંબા ગાળાની યોજનાઓ પણ ઘડવામાં આવી છે.

આ બાબત એ દર્શાવે છે કે ભારત વૈશ્વિક સેમી કંડકટર ઉદ્યોગમાં મુખ્ય ખેલાડી તરીકે સ્થાપિત થશે અને ટેકનોલોજી ક્ષેત્રે આત્મનિર્ભર બનશે.

**રિન્યુએબલ એનર્જી:**

ભારતે ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન રિન્યુબલ એનર્જી ક્ષેત્રમાં નોંધપાત્ર સફળતા મેળવી છે. ભારતે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં 20.1GW રિનેબલ એનર્જી ક્ષમતા ઉમેરી છે જે પાછલા વર્ષની સરખામણીએ 123 ટકાનો વધારો દર્શાવે છે. ઉપરાંત હાલમાં 142.8GW વિકાસ હેઠળ છે. ચાલુ નાણાકીય વર્ષમાં સોલર સેલ અને મોડ્યુલની નિકાસમાં વાર્ષિક ધોરણે 21 ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. હાલમાં ભારતીય સોલર નિકાસ પર તાજેતરની યુએસની ટેરીફ 50% છે જે ભવિષ્યમાં નિકાસના જથ્થાને અસર કરવાની સંભાવના દર્શાવે છે. ચાલુ વર્ષની વિગતો દર્શાવે છે કે ભારત ટકાઉ ઊર્જાના લક્ષ્ય તરફ પ્રગતિ કરી રહ્યું છે અને પેટ્રોલિયમ ઉપર નિર્ભરતા ધીરે ધીરે ઘટી રહી છે.

ઉપરોક્ત ચર્ચાના આધારે આપણે જાણી શકીએ છીએ કે ભારત આર્થિક રીતે મક્કમ અને ટકાઉ વિકાસ કરી રહ્યો છે. તેથી આપણે વિકસિત ભારત તરીકે ખૂબ જલ્દી ઓળખાઈ શકીશું.

ISBN: 978-93-344-1368-7

# રાષ્ટ્રવિભૂતિ જમશેદજી ટાટા અને ઔદ્યોગિક વિકાસ

- પ્રા. નિલાબેન કે. સોલંકી

(વાણિજ્ય વિભાગ)

જમશેદજી ટાટા ભારતમાં ઔધોગિક વિકાસનો પાયો નાખનારા ભારતના આદ્ય ઉદ્યોગપતિ હતા.   ઔદ્યોગિક ક્રાંતિની આવશ્યકતા વિશે જમશેદજી ટાટા પૂર્વે ન્યા. રાનડે, દાદાભાઈ નવરોજી, ફિરોજ મહેતા જેવાઓએ કર્યો હતો.પરંતુ ભારતમાં ઔદ્યોગિક ક્રાંતિની કલ્પનાને સ્વરૂપ આપનાર તે જમશેદજી ટાટા.

ટાટાએ પોતાની દૂરંદેશી વિચારસરણી, અથાગ પરિશ્રમ, સાહસ અને સાથે જ રાષ્ટ્ર હિતની ભાવનાના અજંપાથી પ્રેરાઈને 19મી સદીના ઉત્તરાર્ધમાં ટાટા ઉદ્યોગસમૂહનો અને આ ઉદ્યોગસમૂહ દ્વારા ભારતમાં ઔદ્યોગિક વિકાસનો પાયો નાખ્યો. એ પછી 130 વર્ષથી અધિક સમયગાળા દરમિયાન ટાટા ઉદ્યોગ સમૂહે પોતે સ્વીકારેલા વ્યવસાયનો સાંગોપાંગ વિસ્તાર કર્યો. પશ્ચિમની હરીફાઈમાં વિશાળ લોખંડનું કારખાનું સ્થાપ્યું. મોટરો, રસાયણો, યંત્રસામગ્રી, રોજિંદી જરુરિયાતોની વસ્તુઓ, કાપડ, ઈલેક્ટ્રોનિક્સ, પરસ્પર વ્યવહાર જેવાં દરેક ક્ષેત્રોમાં પોતાના કારખાના ઊભા  કરીને ભારતને આધુનિક વિશ્વમાં લાવી મૂકે છે. વીજળીનું ઉત્પાદન મોટા પ્રમાણમાં કરીને તેનું વિતરણ કરીને ઔદ્યોગિક વૃદ્ધિમાં મહત્વનો ફાળો આપ્યો છે.એટલું જ નહીં પણ વૈજ્ઞાનિક શિક્ષણની અનેક સંસ્થાઓ ઊભી કરીને ભવિષ્યની પેઢીનો પાયો નાખ્યો. બીજા અનેક વ્યવસાયોનું જાતે નિર્માણ કર્યું અને તેને સફળતાપૂર્વક ચલાવીને બીજાઓ માટે ઉદાહરણ રજૂ કર્યું.

જમશેદજી ટાટાનું મૂળ વતન ગુજરાતનું નવસારી. તેમનો જન્મ 3 માર્ચ 1839માં થયો હતો. તેમના પૂર્વજો પારસી ધર્મ ઉપદેશક હતાં. કૌટુંબિક પરિસ્થિતિ મધ્યમ હતી.તેર વર્ષની વયે જમશેદજી ટાટા મુંબઈ અભ્યાસ માટે આવ્યા. વીસ વર્ષની ઉમરે તેઓ ચીન ગયા અને ત્યાં વ્યપાર શરૂ કરી ગોઠવાયા. ચીનમાં તેઓએ ચાર વર્ષના સમયગાળા જેવો વસવાટ કર્યો એ પછી હોંગકોંગ અને શાંગહાઈમાં તેમણે પોતાની પેઢીની ચાર શાખાઓ ઊભી કરી. ચીનથી પરત ફર્યા પછી તેઓ લંડન ગયા અને ત્યાં કપાસનો વ્યાપાર કરવા લાગ્યા. ત્યાંની મિલોનું નિદર્શન કરી એમના મનમાં વિચાર આવ્યો  કે આપણે માત્ર માલની લેવડદેવડ ન કરીને ઉત્પાદનના ક્ષેત્રમાં ઝંપલાવવૂં જોઈએ અને આ વિચારથી તેઓ દ્રઢનિશ્ચયિ થયા અને મુંબઈ ખાતે એલેકઝાન્ડ્રા મિલની શરૂઆત કરી. જો કે મોટાભાગની મિલો મુંબઈ જેવા શહેરમાં ચાલતી હતી પણ ટાટાને એમ થયું કે જે જગ્યાએ કપાસનું ઉત્પાદન થાય છે ત્યાં જ  આપણી મિલ હોવી જોઈએ. એટલે એમણે ઈ.સ.1877માં નાગપુર ખાતે એમ્પ્રેસ મિલની શરૂઆત કરી. આ એક લિમિટેડ કંપની હતી. ત્યારબાદ મુંબઈમાં સ્વદેશી મિલ, અમદાવાદમાં એગવાન્સ મિલ જેવી કાપડની મિલો સફળતાપૂર્વક સ્થાપી. એમના ધ્યાનમાં એક  એવી બાબત આવી કે મુંબઈ શહેરને શોભાવે એવી એકપણ હોટલ મુંબઈમાં નથી જેથી તમણે મુંબઈના દરિયાકિનારે તાજ હોટલ સ્થાપી.     મુંબઈની તાજ હોટેલના જમશેદજીને એક બે આવા જ સપના હતા. જે તેમના પરિવારના સભ્યોએ પૂરા કર્યા તે દિવસોમાં ડિસેમ્બર 1903 માં 4કરોડ 21 લાખન રૂપિયાના વિશાળ ખર્ચ સાથે હોટલ તાજમહેલ બનાવવામાં આવી હતી તે દિવસોમાં તે ભારતની એકમાત્ર હોટલ હતી જેમાં વીજળીની વ્યવસ્થા હતી. આજે આટલા લાંબા સમય પછી પણ આ હોટલની ભવ્યતાની સરસાઈ કરી શકે તેવી કોઈ હોટલ નથી.

ISBN: 978-93-344-1368-7

રાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસના પાયામાં ઉદ્યોગ જોઈએ એ ખ્યાલ તેમના મનમાં હતો. અને આવા ઉદ્યોગો માટે દેશમાં લોખંડ અને પોલાદ પર્યાપ્ત પ્રમાણમાં ઉપલબ્ધ થવું જોઈએ. પર્યાપ્ત વીજ ઉત્પાદનની જરૂરિયાત છે અને શ્રેષ્ઠ તાંત્રિક અને વૈજ્ઞાનિક શિક્ષણની સવલત નિર્માણ થવી આવશ્યક છે એવું તેઓ વિચારતા હતા. આ વિચારને અનુસરીને ઈ.સ.1882માં જમશેદજીએ પોલાદનું કારખાનું શરૂ કરવાનો જોરદાર પ્રયત્નો શરૂ કર્યા. પોલાદ બનાવવાનું તંત્રજ્ઞાન ન હતું અને લોખંડનો સંગ્રહ ક્યાં છે એની જાણકારી પણ નહીં. આવી પરિસ્થિતિમાં જમશેદજીએ જીદપૂર્વક વિજય હાંસલ કર્યો. મયૂરગંજ રજવાડાની હદમાં કોલસા, લોખંડનો સંગ્રહ મળ્યો અને તેને કારણે ત્યાં જ કારખાનું શરુ કરવાનું વિચાર્યું. આના માટે પરદેશથી તંત્રજ્ઞાન પણ તેમણે મેળવ્યું. પણ પેલો મૂડીનો પ્રશ્ન તો સામે ઊભો જ છે. એ સમયે બે કરોડ બત્રીસ લાખ રૂપિયાની મૂડી શેર વેચાણ દ્વારા પ્રાપ્ત કરીને પણ વાસ્તવિક લોખંડનું ઉત્પાદન જોવા જમશેદજી હયાત રહ્યાં નહીં. ઈ.સ.1904ના મે મહિનાની 19મી તારીખે જર્મનીમાં નોહેમ મુકામે તેઓ અવસાન પામ્યા.

1907 માં જમશેદજીના મૃત્યુના ત્રણ વર્ષ પછી ટાટા આર્યન એન્ડ સ્ટીલ કંપનીની સ્થાપના કરવામાં આવી અને ત્યારબાદ ઝારખંડમાં (સકી ગામમા) પ્લાન્ટ અને ઔદ્યોગિક ટાઉનશિપ પર કામ શરૂ કર્યું. જમશેદજી ટાટા એ કામદારો ને સુવિધાઓ મળે તે માટે સ્વચ્છ સુવ્યવસ્થિત અને આધુનિક શહેર જમશેદપુર ની રચના કરી જે આજે ભારતના પ્રથમ આયોજનબદ્ધ ઔદ્યોગિક શહેરમાંનું એક છે.

છતાં એટલું કહી શકાય કે તેમણે પોતાની બધી જ યોજનાઓનો પાયો એટલો મજબૂત નાખ્યો હતો કે અન્ય સાથીઓએ તેમના સ્વપ્ન પૂરાં કર્યા. તેમની બધી યોજનાઓ સફળ નીવડી. તેમના પુત્ર દોરાબજી ટાટાએ પિતાના મૃત્યુ પછી તેમના વીજળી ઉત્પાદનના સ્વપ્નને વળવણ અને મૂળશી

ISBN: 978-93-344-1368-7

મુકામે બંધ બાંધીને પૂરું કર્યું.વીસમી સદીના અંતે ટાટા ઉદ્યોગ સમૂહના છત્ર હેઠળ 80 કંપનીઓ કાર્યરત હોવા સાથે  એકંદર કારભાર છત્રીસહજાર કરોડ જેટલો થયો.

દેશની યુવાપેઢી વૈજ્ઞાનિક અને તાંત્રિક ક્ષેત્રે સિદ્ધિઓ મેળવે એવી જમશેદજી ટાટાની ઈચ્છા હતી એટલે તેમણે પોતાની હયાતીમાં જ  ઈ.સ.ઈ.સ.1898માં વિજ્ઞાન યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે મુંબઈની પોતાની ચૌદ ઈમારતો જેવી માલમિલકત દાનમાં આપવાની ઘોષણા કરી. તેમાંથી જ બેંગ્લોરની 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ' જેવી ઉત્કૃષ્ટ દરજ્જાની સંસ્થા ઊભી થઈ.

ટાટા ગ્રુપ એમની બહેતરીન પ્રોડક્ટ થી તો જાણીતું છે જ પરંતુ બીજી ઘણી બાબતો એ પણ ખાસ છે જાણીને આનંદ થાય તેવી વાત એ છે કે વિશ્વ ના સૌથી મોટા દાનવીર એક ભારતીય છે આ દાનવીર બીજા કોઈ નહીં પરંતુ જમશેદજી ટાટા છે જેવો વિશ્વમાં સૌથી વધુ ચેરિટી કરવા માટે જાણીતા છે એડલ ગીવ ફાઉન્ડેશન અને હુરૂન રિપોર્ટ 2021 અનુસાર ટાટા ગ્રુપના સ્થાપક જમશેદજી ટાટાને છેલ્લી સદીના વિશ્વના સૌથી મોટા પરોપકારી અને દાનવીર તરીકે વર્ણવવામાં આવ્યા છે જમશેદજી ટાટા એ તેમના દાનમાં આપેલા નાણા નો મોટો હિસ્સો શિક્ષણ અને આરોગ્ય પાછળ ખર્ચો હતો તેમણે 1892 માં જ મોટા પાયા પર ચેરિટી શરૂ કરી હતી.

જમશેદજી ટાટા એ એક રાષ્ટ્રવિભૂતિ હતા. 125વર્ષ પૂર્વે તેમને આધુનિક ભારતનું સ્વપ્ન દેખાતું હતું. તેના બળે તેમણે ભારતની આધિભૌતિક સમૃદ્ધિનો પાયો નાખ્યો. તેમની દૂરદ્રષ્ટિએ સમૃદ્ધિના મૂળભૂત રહસ્ય જાણી લીધા હતા. પોલાદ, વીજળી અને વિજ્ઞાન એ તેમણે ભારતને આપેલી ભેટ છે. ટાટા ઉદ્યોગ સમૂહે જમશેદજીના સ્વપ્નો પૂરા કરવા માટે દેશના અનેક મૂળભૂત ઉદ્યોગોનો તો વિકાસ કર્યો જ પણ સામાજિક પ્રતિબદ્ધતા સાથે શિક્ષણ, વિજ્ઞાન-સંશોધન, તબીબી-સંશોધન, સંગીત, કલા જેવા જીવનસ્પર્શી અનેક કાર્યોને, તેમાં કાર્ય કરનાર સંસ્થાઓને તેમણે યોગદાન પણ આપ્યું. આ સર્વ

પાયો જમશેદજીએ નાખ્યો હતો. જે સમયે ઉદ્યોગના સ્વપ્ન જોવા જ  વ્યવહાર્ય હતા તેવા સમયે લોખંડ અને પોલાદ ઉદ્યોગ જેવા વિપુલ મૂડી રોકાણ તંત્રકુશળ ઉદ્યોગના સ્વપ્ન તેમણે જોયા અને તે સાકાર કર્યા.

કારોબારના દરેક ક્ષેત્રમાં ટાટા જૂથે પોતાની હાજરી નોંધાવી એક સમય એવો આવ્યો કે ટાટાગૃપ સામાન્ય માનવજીવનને દરેક રીતે પ્રભાવિત કરે છે.  ભાગ્યે જ કોઈ ક્ષેત્ર હશે જેમાં ટાટા કંપનીની કોઈ રીતે ભૂમિકા ન હોય ટાટા કંપની દેશમાં મીઠાથી માંડી વ્યવસાયિક વાહનો અને લક્ઝરીયસ હોટલની ચેન બનાવવા માટે જાણીતી છે.

સંદર્ભ:

(1) 'એક હજાર વર્ષના ઘડવૈયાઓ'

સંપાદક: સુહાસ કુલકર્ણી અને મિલિંદ ચંપાનેરકર  (આર. આર. શેઠની કંપની, 2007)

(2) 'પરિવર્તનના પ્રણેતા:જમશેદજી ટાટા'

-કિરણ મહેતા (દિવ્યભાસ્કર)

(3) Gujarati.webdunia.com

ISBN: 978-93-344-1368-7

## રમતોમાં પંચકાર્ય

પ્રા. વિજય એન.ગામીત

ડાયરેક્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન

ખેલકૂદમાં કે કોઈપણ રમતની સ્પર્ધામાં પંચનું કાર્ય અનિવાર્ય છે. તેની પાછળનો હેતુ એ છે કે સ્પર્ધા તટસ્થ રીતે થાય અને નિયમસર થાય. પંચ શું કરશે કે રમત દરમિયાન તેના નીતિ નિયમોપૂર્વક નિરીક્ષણ કરશે અને જો નીતિ નિયમોનો ભંગ થતો હશે તો નિયમ મુજબ ભૂલ કરનારને શિક્ષા પણ જાહેર કરશે.

પંચ ઘણી વખત યોગ્ય નિર્ણય આપી શકતા નથી. એની પાછળ તેમનું અજ્ઞાન, અનુભવની ખામી તથા ઓછી કાર્યક્ષમતા જવાબદાર છે. યોગ્ય અને જવાબદાર પંચ બનવા માટે નીચેની કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

૧. રમતમાં પ્રત્યક્ષ રીતે ભાગ લઈને રસ કેળવવો જોઈએ તથા તેના નિયમો અને નિયમ ભંગ ની શિક્ષા નો યોગ્ય અનુભવ મેળવવો જોઈએ.

૨. રમતોરસ પૂર્વક જોવી જોઈએ, પુસ્તકોના અભ્યાસ દ્વારા નવા બદલાયેલા નિયમો વિશે પણ જ્ઞાન મેળવવું જોઈએ અને નિયમો વિશેની યોગ્ય સમજણ કેળવવી જોઈએ.

૩. રમત દરમિયાન ઉપસ્થિત થતી પરિસ્થિતિને પહોંચી વળવાની સૂચ કેળવવી પડે. આ ઉપરાંત ત્વરિત નિર્ણયશક્તિ તથા પંચ સાથે  સુસંવાદિતા, તટસ્થતા, પ્રામાણિકતા જેવા ગુણો વિકસાવવા જોઈએ. સાથે સાથે પોતાના શારીરિક બાંધા ઉપર પણ ધ્યાન આપવું જોઈએ.

૪. મહત્વનું એ છે કે પંચ કાર્ય માટે જરૂરી સાધનો જેવા કે વ્હિસલ, નિયમો અંગેની માહિતી, નોટ, પેન્સિલ, ઘડિયાળ વગેરે સાથે રાખવા જોઈએ. ઘડિયાળ શરૂઆતમાં જ બરાબર તપાસી લેવી અને

રમતના સમય મુજબ જ રમત શરૂ થશે તે જોવું જોઈએ અને તે માટે સમય બરાબર લેવાયો છે કે નહીં તેની ચકાસણી કરવા માટે ઘડિયાળ મુખ્ય પંચને આપવું યોગ્ય ગણાય. ઉપરાંત રમત મંડળ દ્વારા નક્કી કરવામાં આવેલા ગણવેશને પણ ધારણ કરવો જોઈએ.

૫. પંચે હંમેશા નિર્ધારિત સમયથી અડધો કલાક વહેલા આવવું જોઈએ અને નીચે મુજબની કેટલીક કામગીરીઓ ચકાસી લેવી જોઈએ.

અ. રમતનુ મેદાન બરાબર,યોગ્ય અને નિયમસર દોરેલું છે કે નહીં તે જોવું જોઈએ. જો બરાબર ન હોય તો તેમાં સુધારણા કરવી.

બ. રમત દરમિયાન વપરાતા સાધનો પૂરતા અને પ્રમાણસર તથા યોગ્ય ગુણવત્તાવાળા છે કે નહીં તે તપાસવું જોઈએ.

ક. સાથી પંચોને યોગ્ય કામગીરી સોંપવી નવા નિયમોની જાણકારી આપવી તથા તેની ચર્ચા કરીને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.

ડ. રમત નક્કી કરેલા સમય મુજબ શરૂ થાય તે બાબતનું ધ્યાન રાખવું જોઈએ.આ કાર્ય માટે મુખ્ય પંચ અને મદદનીશ પંચ પાસે સહકાર મેળવવો જોઈએ.

૬. પંચે ખેલાડીના નામ,નંબર વગેરે યોગ્ય રીતે લખીને રમત દરમિયાન ખેલાડી દ્વારા મેળવતા ગુણની તટસ્થ રીતે નોંધ કરવી જોઈએ.પરિણામ લખી, તૈયાર કરી ટીમના નાયકોની, બીજા પંચની વગેરેની સહી લઈને ગુણપત્રક પૂર્ણ કરી મુખ્ય પંચને સુપ્રત કરવું જોઈએ.

૭. મુખ્ય પંચ દ્વારા જ રમત અંગેના યોગ્ય રીતે ચકાસેલા પરિણામો જાહેર કરવાનો આગ્રહ રાખવો.

સંદર્ભ: અખિલ અમદાવાદ વ્યાયામ મહામંડળ ૧૯૯૭

ISBN: 978-93-344-1368-7

## 'સંસ્કૃત સાહિત્યમાં દેવીસ્તોત્ર'

-પ્રા. વર્ષાબેન યુ. પટેલ

(સંસ્કૃત વિભાગ)

આજનો માનવી વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યો છે વિવિધ સંશોધનો અને નવી શોધખોળના કારણે માનવી આકાશને આંબવાનો પ્રયત્ન કરી રહ્યો છે. ઇન્ફોર્મેશન ટેકનોલોજીની મદદથી જોજનો દૂર-સદૂરની માહિતી એકત્ર કરી સમુદ્રને લાંઘવાનો પ્રયત્ન કરી રહ્યો છે આમ આરંભ કાળ થી જ જીજ્ઞાસુ એવો માનવી રહસ્યને પામવા મથતો રહ્યો છે ક્યારેક સુખની પ્રાપ્તિ માટે પ્રબળ પુરુષાર્થ કરનારો માનવી હારી થાકી જાય છે વિપત્તિમાં ફસાઈ જાય છે ત્યારે પોતાના ઉદ્ધાર માટે પરમ તત્વ એવા પરમાત્માને દીન ભાવે વિનવે છે અગમ્ય અગોચર એવા સૃષ્ટિના સર્જનહાર માટે તેના હૈયામાં અહોભાવ જાગે છે અને તેની અનન્ય ભાવે ભક્તિ કરે છે મુશ્કેલીથી ઘેરાયેલો માનવી આર્ત ભાવે આજીજી કરે છે પોતાના ઈષ્ટદેવના મહિમાનું ગાન કરે છે ભક્ત હૃદયના વિવિધ ભાવોને ભાવનાત્મક રીતે જોડી દેવામાં આવે છે. ભક્તની સરલ તરલ ભાષામાં એને શબ્દ બદ્ધ કરવામાં આવે છે.

સ્તોત્ર શબ્દ જ સૂચવે છે કે જેમાં પ્રધાન પણે સ્તુતિ હોય . જેમાં ભક્ત હ્રદયની ઊર્મિઓને પોતાના ઈષ્ટદેવ સાથે ભક્તિ ભાવ પૂર્વક જોડી દેવામાં આવે છે.જેના પરીણામે ભક્તિનો ઉભરો ઠલવાય છે.

કેટલાક સંપ્રદાયો તથા સંપ્રદાયો રહિત ભક્ત કવિએ પોતાની ઈષ્ટ દેવી ભક્તિનો મહિમા ગાયો છે ઇતિહાસ પુરાણમાં અસંખ્ય દેવી સ્તોત્ર પ્રાપ્ત થાય છે પણ પુરાણોમાં પ્રસ્તુત દેવી ચરિતને આધારે

ISBN: 978-93-344-1368-7

શિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં કવિઓ ભક્ત કવિઓ તથા આચાર્ય દ્વારા રચાયેલા પ્રમુખ દેવી સ્તોત્ર નું પરીશીલન કરવાનો મારો ઉપક્રમ રહ્યો છે.

**શ્યામલા દંડક:**

પ્રાચીન સ્તોત્ર કૃતિ તરીકે કાલિદાસના શામળા દંડક ને સ્થાન અપાય છે એમાં માતંગીની સ્તુતિ કરાઈ છે એના પ્રારંભમાં કેશાદિપાન્ત વર્ણન શૈલીમાં દેવીના વસ્ત્રાભૂષણ તેમજ અંગ સૌંદર્યનું નિરૂપણ થયું છે દેવીના નખશિખ વર્ણનમાં  શૃંગારી ભાવનાઓનો સમાવેશ કર્યો છે. દેવીની ત્રિવલીમા કવિને સૌંદર્ય રત્નાકર નો સમુલ્લાસ પ્રતીત થાય છે.જો કે આ સ્રોતનું કર્તૃત્વ સંદીગ્ધ છે.

**ચંડી શતક:**

શતક પ્રકાર ના દેવી સ્રોત ની પરંપરા નો ભંગ કરી બાણભટ્ટ દેવી સ્તોત્રની સીમિત પરિધિનું અતિક્રમણ કરે છે ચંડી શતકમા શિવ પત્ની કાલી સ્વરૂપ ભવાની ની સ્તુતિ છે મહિષાસુરનો સંહાર કરવાની દેવીની અપ્રતિમ શક્તિના ગૌરવ ગાન માટે આની રચના થઈ આ દ્વારા કવિએ પોતાના કપાય ગયેલા હાથ પગની પુન:પ્રાપ્તિ કરી હતી એવી કથા પ્રચલિત છે સ્તુતિના બળે માનસિક તેમજ શારીરિક અનિષ્ટમાંથી મુક્તિ મળ્યા ની આવી અનેક કથાઓ પ્રચલિત છે. સાહિત્યમાં પ્રકૃતિનું સ્થાન નારીને પ્રાપ્ત થતા રૂપ ચરિત્ર અને શૃંગારનો સમાવેશ દેવી સ્તોત્રમાં પણ થવા લાગ્યો એનો સંકેત ચંડીશતકમાં પ્રાપ્ત થાય છે બાણ ભટ્ટને મહિસાસુર સામે ઝઝુમતી ભવાની મા શણગાર ક્ષેત્રની નર્મ ક્રીડાઓ દેખાય છે.

ISBN: 978-93-344-1368-7

**પંચશતી:**

મુક કવિનું 500 પદોમાં રચાયેલો ગેય કાવ્ય છે. આ સ્તોત્રમાં ધાર્મિક ભાવના ની સાથે સાથે કામાક્ષીદેવીના સૌંદર્ય વર્ણનમાં શૃંગારિક ભાવનાઓને વણી લીધી છે. કાંચી પૂરની અધિષ્ઠાત્રી દેવી કામાક્ષીની મનોહારિતાનું  વર્ણન કટાક્ષ શતક, મંદસ્મિત શતક, પાદારવિન્દ શતક, આર્યાશતક અને સ્તુતિ શતક આ પાંચ શતક દ્વારા થયું છે કામાક્ષી નો કટાક્ષ નીલવર્ણનો હોવા છતાં હરિમાં અધિકા રાગ જન્માવે  છે ચંચળ હોવા  છતાં માણસમાં સ્થિર ભક્તિ જન્મ આવે છે વક્ર હોવા છતાં પ્રણામ કરનાર માણસમાં  સમતા વિસ્તારે છે .એક એક અંગ વર્ણનમાં સો સો શ્લોક ના નિર્માણમાં કવિ ની કલ્પનાપૂર્ણ  શક્તિમત્તા નું દર્શન થાય છે.

**દેવીશતક:**

નવમી સદીના ધ્વનિકાર આનંદ વર્ધનના દેવી શતક સ્તોત્રમાં દેવી પાર્વતી ની મહત્તા વિવિધ રૂપે વ્યક્ત થાય છે. છતાં ત્યાં દુર્ઘટ  રચના શૈલીના કારણે ભાવાભિવ્યક્તિનો  અભાવ ખટકે છે. દેવોનો ભય હરતી, મહિસાસુર ને હણતી અને નમન કરનારને કીર્તિવંત બનાવતી દેવી લોકોની રક્ષા કરે એવી વ્યાપક કલ્યાણની ભાવના વ્યક્ત થાય છે. દેવી ભક્તિના માહાત્મ્ય  બતાવતા કવિ કહે છે કે દેવી ના નામ સ્મરણથી લક્ષ્મી ચપળ બનતી નથી પરંતુ અલક્ષ્મી પલાયન થઈ જાય છે સંસારમાં દેવીની ભક્તિ સાર તત્વ છે. તેથી જ કવિ દેવી પાસે નિર્મળ ભક્તિ યોગની પ્રાર્થના કરે છે.  દેવી તો અવિદિત પરામાર્થા હોવા છતાં ભક્તિ થી સુલભ છે.ભાવાનુકુળ હોવા છતાં ભવ હણે છે. ધ્યેય હોવા છતાં અધ્યેતાને પામે  છે.  દેવીનું તો આવું વિસ્મયકારી ચરિત છે એમ. કૃષ્ણમાચાર્ય આને મધુર ઊર્મિ કાવ્ય કહેવા પ્રેરાય છે.

ISBN: 978-93-344-1368-7

**વક્રોક્તિ પંચાશિકા:**

રાજાનક રત્નાકરનું આ સ્તોત્ર છે. જે વક્રોક્તિ સંપન્ન કાવ્ય છે, તેમાં શ્લેષ રચનાથી શિવપાર્વતીનો સંવાદ રજૂ થયો છે. વક્રોક્તિનું સર્જન કરી શિવપાર્વતીના પરિહાસાત્મક આનંદનું નિરૂપણ કરે છે.

**લક્ષ્મીસહસ્ત્ર:**

વૈંકટાધ્વરી રચિત સ્તોતર્ છે. જેમાં 25 સ્તબકોમાં ગ્રથિત 2018 શ્લોક પુષ્પની વિષ્ણુ પત્ની ભગવતી લક્ષ્મીની સ્તુતિ માળા અર્પણ કરેલ છે. વિષયોમાં રાચતા અને ખિન્ન થતા કવિનો કરુણાકંદન ધ્વનિ સ્તોત્રમાં વારંવાર સંભળાય છે. આ સ્તોત્રમાં મધુર ભક્તિરસ અને શૃંગારનો સમન્વય થાય છે.

**યમુનાષ્ટક:**

વૈષ્ણવ સ્તોત્ર મોટેભાગે અષ્ટક પ્રકારના છે પૃષ્ટિ માર્ગમાં યમુનાને દેવીનો રૂપ અપાયું છે વલ્લભાચાર્ય વિઠ્ઠલેશ્વર રઘુનાથજી યમુનાષ્ટકોમાં કરુણામય રિદ્ધિ સિદ્ધિ પ્રદાયિકા કાલિન્દી તનયા યમુનાનો મહિમા રજૂ થયો છે વિઠ્ઠલેશ્વર દ્વારા રચિત યમુનાષ્ટક પદીમાં વ્રજેશ પ્રિયા યમુનાના અસંખ્ય નયન કુવલયની કલ્પના વૈચિત્ય સંપન્ન છે.

**ત્રિપુરાસુંદરી પૂજન:**

સામરાજ દીક્ષિત નું આ આ સ્તોત્ર કાવ્ય છે. જેમાં ભક્ત કવિએ 70 શ્લોકમાં અંબિકા પાર્વતી ની માનસિક પૂજા કરે છે. તેની સાથે પોતાના ભાવાત્મક ભાવને જોડી દે છે.

**આનંદ સાગર સ્તવ:**

નીલકંઠ દીક્ષિતનું 108 લોકોમાં રચાયેલ આ સ્તોત્ર કાવ્ય છે. શિવની પ્રિયતમા મીનાક્ષીની સ્તુતિ કરવામાં આવી છે. નિર્વ્યાજ કરુણા રેલાવતી વિશ્વ માતાના વાત્સલ્યની અભિવ્યક્તિ રમણીય છે.

**ગંગાલહેરી:**

પંડિત જગન્નાથ રચિત ત્રણ દેવીસ્તોત્રમાનું આ એક છે. સ્તોત્રમાં અસહાય ભક્તની આત્મનિવેદનાત્મક ભક્તિનો ઉત્કૃષ્ટ નમૂનો જોવા મળે છે. ગંગા પ્રત્યેનો ભક્તિ ભાવ કરુણ ભાવ રેલાવતી વાણીમાં વ્યક્ત થયો છે.

**અમૃતલહેરી:**

આ સ્તોત્ર કાવ્યમાં યમુનાની સ્તુતિ છે. ભક્તકવિ પંડિત જગન્નાથ યમુનાના જળ પ્રવાહ નામ ઈત્યાદિનો મહિમા ગાય છે.યમુનાના સ્નાન મહિમા દર્શાવતું એક પદ દર્શનીય છે.

**લક્ષ્મીલહેરી:**

જગન્નાથ એ 41 શ્લોકો દ્વારા લક્ષ્મીના મહિમાને વર્ણવ્યો છે. આ વર્ણનમાં વેદાંતનો પ્રભાવ જોવા મળે છે. માતા લક્ષ્મી આગળ શિશુ સમ ભક્તકવિની યાચનામાં ભક્તિનો ધ્વનિ હૃદય સ્પર્શી છે.

**ચંડી કુચપંચાશિકા:**

લક્ષ્મણાચાર્ય રચિત દેવી ચંડીના સ્તનનો મહિમા ગાવા વિવિધ વૃત્તોમા સ્તુતિ કરી છે. સ્તોત્ર કાવ્યમાં શૃંગારની પરાકાષ્ઠાનુ દર્શન થાય છે. શ્લોક 19 થી 68 માં કવિએ ચંડીના સ્તનનું વિવિધ રીતે કલ્પના પ્રચુર વર્ણન અલંકૃત શૈલીમાં કરીને પોતાની શૃંગારી સૌંદર્ય વૃત્તિનું ભવ્ય પ્રદર્શન કર્યું છે. ભક્તિની માધુરીના અભાવમાં કૃતિ માત્ર અલંકૃત શૃંગારી કાવ્ય બની રહે છે.

ISBN: 978-93-344-1368-7

**આનંદમંદિર સ્તોત્ર:**

કાશી નિવાસી લલ્લા દીક્ષિતે તે ઈ.સ. 1802 માં દેવીભવાનીની સ્તુતિ કરતું આ સ્તોત્ર રચ્યું. સમગ્ર કૃતિ  વર્ણાનુપ્રાસ -યમકની છટાથી આકર્ષક બની છે માતા ભવાની ની સમક્ષ કાકલુદી તેમજ રોદન કરતા શિશુ ભક્ત કવિના દૈન્યની અનુરૂપ શબ્દમાં અભિવ્યક્તિ થઈ છે. શ્લોક 26 થી 60 માં પાદાદિકેશાન્ત વર્ણન છે. ભવાની ને પૂર્ણિમાની રાત સરોવર અને સંધ્યાના અપાયેલા રૂપકો રમ્ય છે. સરોવર રૂપી દેવીનું શબ્દ ચિત્ર દર્શનીય છે. ભવાનીની ત્રિવલીમાં શિવને જીતવા સ્તનપર્વ પર તપ કરતાં મદનની હૈમી નિઃ શ્રેણીક અને નાભી સરોવરની સોપાન પંક્તિની ઉત્પ્રેક્ષા પરંપરિત છે.

**સૌંદર્યલહરી:**

શંકરાચાર્ય રચિત ત્રણ સ્તોત્ર મળે છે. સૌંદર્ય લહેરી આનંદ લહેરી અને લક્ષ્મી લહેરી જેમાં વિવિધ દેવીની સ્તુતિ જોવા મળે છે.

**સંદર્ભ: 'સસ્કૃત સાહિત્યનો ઈતિહાસ'**

(1) -પ્રિ. સી. એલ. શાસ્ત્રી

(ભારત પ્રકાશન, અમદાવાદ- ૧૯૬૨)

ISBN: 978-93-344-1368-7

# The Transformative Power of AI in Education

**Pro.P.N.Shrivastav**
**English Department**

Artificial intelligence (AI) is revolutionizing the education sector, offering numerous benefits and opportunities for students, teachers, and administrators alike. By leveraging AI-powered tools and algorithms, education can become more personalized, adaptive, and engaging.

## Personalized Learning

AI-driven platforms can analyze vast amounts of data about students' learning styles, strengths, weaknesses, and progress to provide tailored learning experiences. This approach helps students learn at their own pace, reinforcing their understanding of concepts and filling knowledge gaps. AI-powered adaptive learning platforms use machine learning algorithms to continually adapt and adjust the learning path for each student [1].

## Key Applications of AI in Education

- **Automated Administrative Tasks:** AI automates grading, scheduling, and report generation, significantly reducing the workload on educators. Tools like Gradescope use AI to provide consistent and objective grading of assignments.
- **Intelligent Tutoring Systems:** AI-powered tutoring systems provide personalized, adaptive, and interactive instruction to students. Examples include Carnegie Learning and DreamBox.
- **Enhanced Online Discussion Boards:** AI enhances online discussion boards by moderating content, facilitating discussions, and providing personalized feedback. Tools like Packback use AI to encourage critical thinking and engagement in online forums.
- **Virtual Labs and Simulations:** AI replicates real-life scenarios in virtual environments, allowing students to conduct experiments and learn through practical experience. Platforms like Labster offer virtual labs where students can safely explore and experiment with scientific concepts [2].

## Benefits of AI in Education

ISBN: 978-93-344-1368-7

- **Improved Learning Outcomes:** AI provides personalized instruction, immediate feedback, and targeted interventions, leading to better learning outcomes.
- **Increased Efficiency:** AI automates routine tasks, freeing up educators to focus on more meaningful instructional activities and student interactions.
- **Enhanced Accessibility:** AI-powered tools support students with different needs and learning styles, promoting inclusivity and accessibility [3].

**The Future of AI in Education**

As AI continues to evolve, its role in education will expand and become more integrated into learning platforms. We can expect AI to provide even more personalized learning experiences, support teachers, and improve accessibility. Virtual and augmented reality powered by AI may provide students with fully immersive learning experiences, making education more interactive and engaging [4].

**Challenges and Opportunities**

While AI offers numerous benefits in education, there are also challenges to overcome, including issues related to data privacy and digital equity. However, the potential benefits of AI in education are immense, and its transformative power can revolutionize the way we learn and teach. By embracing AI in education, we can create a more responsive, adaptive, and efficient learning environment that supports the diverse needs of students and educators alike [4].

**Sources**

1. The Evolution of Al in Education: Past, P...teachflow.ai
2. Al in Education: 39 Examples - Universit...onlinedegrees.sandiego.edu
3. Al in Education: Benefits, Challenges, a...blog.openlearning.com
4. How Al is Shaping the Future of Educati...www.sciencenewstoday.org

ISBN: 978-93-344-1368-7

**પુરુરવાની ઉર્વશીના પાત્રમાં માનવભાવ: 'विक्रमोर्वशीयम्' તથા 'उर्वशी ' ના સંદર્ભે.**

**પ્રા. રાજેશ્રી એચ. જોશી**

**ગુજરતી વિભાગ**

'વિક્રમોર્વશીયમ્' તથા 'ઉર્વશી'કૃતિઓમાં આલેખિત ઉર્વશી અને પુરુરવાની પ્રણયકથા પ્રસિદ્ધ ગ્રંથોમાંથી લેવામાં આવી છે. આ કથા ઋગ્વેદ (૧૦:૯૫સંવાદસૂક્ત) થી માંડીને જુદા જુદા પુરાણો અને 'કથાસરિત્સાગર'સુધી. નિરૂપાયેલી છે. કાલિદાસના નાટકનું કથાવસ્તુ મત્સ્યપુરાણને વધુ મળતું આવે છે. કાલિદાસે તેમાં યોગ્ય પરિવર્તન અને આયોજન વડે નાટકને મૌલિક બનાવ્યું છે. દિનકરજીએ પુરુરવાને સનાતન પુરુષ અને ઉર્વશીને સનાતન સ્ત્રીનાં પ્રતીક તરીકે પ્રયોજ્યાં છે. 'ઉર્વશી' શબ્દનો કોશગત અર્થ થાય છે – ઉત્કટ અભિલાષા, અપરિમિત વાસના, ઈચ્છા અથવા કામના. ઉર્વશી ચક્ષુ, રસના, ત્વચા, ઘ્રાણ અને શ્રોત્રની કામનાઓનું પ્રતીક છે તથા પુરુરવા રૂપ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દોથી મળનારા સુખોમાં રાચનાર પુરૂષનું પ્રતીક છે.

'विक्रमोर्वशीयम् ' નાટકની નાયિકા ઉર્વશીમાં દૈવી અને માનુષી ગુણોનું વિલક્ષણ મિશ્રણ જોવા મળે છે. જેટલું અપ્રતિમ ઉર્વશીનું સૌંદર્ય છે તેટલા જ અલૌકિક ગુણો પણ તેનામાં છે. પોતાની આસપાસની તમામ વ્યક્તિઓ – સખીઓ, પ્રિયતમ પુરુરવા તથા સપત્ની ઔશીનરીને-તે ઉત્કટતાપૂર્વક ચાહે છે. બંને કૃતિઓમાં સર્જકોએ ઉર્વશીના પાત્રને ઉદાત્ત રીતે વ્યક્ત કર્યું છે. 'વિક્રમોર્વશીયમ્ 'માં ઉર્વશી મૂર્છામાંથી જાગૃત થતાં જ પોતાનું રક્ષણ કરનાર રાજાના પ્રેમમાં પ્રથમ દર્શને જ પડે છે. એ સમય પહેલાં તેને રાજાનો પરિચય નથી. જ્યારે દિનકરજીની રચનામાં ઉર્વશીએ દેવરાજ ઈન્દ્રની સભામાં પરાક્રમી પુરુરવાની પ્રશંસા સાંભળી છે. ત્યારથી તેને માટે આકર્ષણ પણ અનુભવે છે. અપ્સરા હોવા છતાં, દેવોની સાધારણ સ્ત્રી હોવા છતાં પૃથ્વી પરના રાજા માટેનું ઉર્વશીનું આ આકર્ષણ તેને દિવ્ય કરતાં માનવ્ય વધુ બનાવે છે. કાલિદાસની કૃતિમાં ભરતમુનિના શાપને કારણે તથા ઈન્દ્રની કૃપાદૃષ્ટિથી તે પુરુરવાને પામી શકી છે. 'ઉર્વશી'માં દેવરાજની કૃપાનો કોઈ ઉલ્લેખ નથી. પરંતુ પ્રિયતમ માટેના આકર્ષણને કારણે સખી ચિત્રલેખાને લઈ ઉર્વશી પૃથ્વી પર રાજાના ઉપવનમાં ઉપસ્થિત થાય છે. પુરુરવાના પોતાના વિશેના મનોભાવો જાણતાં જ અધીરાઈપૂર્વક તેની સામે આવે છે. નાટકના ચોથા અંકમાં

વિદ્યાધર કન્યા ઉદયવતીને ધ્યાનમગ્ન બનીને જોતા પુરુરવા પર ઉર્વશી ગુસ્સે થાય છે. ત્યારે તેનામાં માનવસહજ સંશયવૃત્તિ અનુભવાય છે. પોતાનો પ્રિયતમ અન્ય નારીપાત્રને મુગ્ધતાથી જુએ તેથી ઈર્ષાભાવ અનુભવતી ઉર્વશી માનવીય લાગે છે. વળી ઉર્વશી જ્યારે ઔશીનરીનાં સૌન્દર્યની તુલના ઈન્દ્રાણી સાથે કરીને તેનાં વખાણ કરે છે ત્યારે તે માનવ સ્ત્રી કરતાં ચડિયાતી અનુભવાય છે. ઉપરાંત આ નાટકમાં ઉર્વશી પુરુરવાને પત્ર લખવા તત્કાળ ભૂર્જપત્ર બનાવે છે, તિરસ્કરિણી વિદ્યાથી અદશ્ય રહી શકે છે, ઈચ્છિત વસ્તુને જાણી શકે છે, આકાશમાર્ગે ગમન કરી શકે છે, પ્રસુતિનાં ચિહ્નો છુપાવી શકે છે – એ રીતે તેનાં પાત્રમાં દિવ્યતાનું તત્ત્વ, અપાર્થિવતા વારંવાર પ્રગટ થાય છે. જ્યારે દિનકરજીની નાયિકા પાર્થિવ પ્રેમિકા જ બની રહે છે. 'उर्वशी ' કૃતિનો ત્રીજો અંક પુરુરવા અને ઉર્વશીનો સંવાદ છે. ત્યાં ઉર્વશી રાજાને જણાવે છે કે રાજાએ તેને યુદ્ધ વડે જીતી હોત અથવા તેનું અપહરણ કર્યું તો પોતાને વધુ ગમ્યું હોત. તેની આ ઉક્તિઓ તેનાં સૌન્દર્યથી પુરુરવા જેવો પરાક્રમી રાજા આકર્ષિત થયો છે એવો દર્પ સૂચવે છે. જે વિશેષે માનવસહજ છે. કવિએ પોતે પણ ઉર્વશી માટે रूपगर्विता, स्वतंत्र अस्मिता बनाए रखने की इच्छुक, मांसल प्रेम की पक्षधर જેવાં વિશેષણો પ્રયોજ્યાં છે. પુરુરવા પાસેથી તે પોતાનાં પ્રેમનું પ્રતિદાન ઈચ્છે છે. તેથી પુરુરવાના દાર્શનિક વક્તવ્યથી ગુસ્સે થાય છે. પુરુરવાની અનાસક્તિ તેને વ્યથિત કરે છે.

કાલિદાસના નાટકમાં પોતાના પુત્રને ચ્યવન ઋષિના આશ્રમમાં મૂક્યા પછી ઉર્વશીનો આશ્રમમાં જવાનો કોઈ ઉલ્લેખ નથી. દિનકરજી ચોથા અંકમાં ઉર્વશીને પોતાના પુત્રને મળવા જતી વર્ણવે છે. પતિ અને પુત્ર – બંનેને એકસાથે ક્યારેય પામી નહિ શકે એની વેદના હૃદયસ્પર્શી રીતે વર્ણવાઈ છે. શાપિત હોવાને કારણે પુત્રને છોડી ફરી પતિ પાસે પાછી ફરે છે. ઈન્દ્રિયરાગની સંતૃપ્તિ માટે પૃથ્વી પરના જીવનને પસંદ કરનારી આ અપ્સરા અહીં વાત્સલ્યમયી માતા તરીકે ભાવકનું હૃદય જીતી લે છે. જાણે ઉર્વશીમાં પરંપરાગત ભારતીય નારી અનુભવાય છે.

દેવો તથા અપ્સરાઓનું જીવન ક્યારેય વિકલ્પોમાં વિભાજિત હોતું નથી. શ્રેષ્ઠતમ એવું સર્વકાંઈ તેમને પ્રાપ્ય હોય છે. જ્યારે માનવજીવન વિકલ્પોથી ભરેલું છે. તેથી માનવી હંમેશા આ વિકલ્પોની પસંદગીના દ્વંદ્વમાંમૂકાય છે. દિનકરજીની કૃતિમાં ઉર્વશીનું પાત્ર શરૂઆતથી અંત સુધી દ્વન્દ્વમાં ઘેરાયેલું છે. પુરુરવાના પોરુષ

ISBN: 978-93-344-1368-7

પ્રત્યેની તેની આસક્તિ અને પુરુરવાની તેના પ્રત્યે ક્યારેક આસક્તિ તો ક્યારેક અનાસક્તિ, પુત્રજન્મ પછી પુત્ર કે પતિ – બેમાંથી એકને જ તે પામી શકે છે એવાં દ્વન્દ્વોમાં ઉર્વશી વહેંચાતી રહે છે.

કાલિદાસે પાંચમાં અંકમાં પુરુરવા અને પુત્ર આયુના મિલન પછી સ્વર્ગમાં પાછા ફરવાની ઉર્વશીને મળેલી શરતને કારણે દુખાન્ત બનતા નાટકને શરતભંગ ન ગણાય એ રીતે દેવરાજ ઈન્દ્રના પુનઃ અનુગ્રહ પછી હંમેશા પૃથ્વી નિવાસ પામતી ઉર્વશી વડે નાટકને સુખાન્ત બનાવ્યું છે. દિનકરજીએ એમ કર્યું નથી. પુત્ર અને પતિના મિલનથી શરત પ્રમાણે ઉર્વશી તરત જ સ્વર્ગગમન કરે છે. રાજા પણ પુત્ર આયુનો યુવરાજપદે રાજ્યાભિષેક કરી પ્રવજ્યા લે છે. ઔશીનરી આયુને પુત્ર તરીકે સ્વીકારી રાજમાતા બનવામાં ગૌરવ લે છે.

દિનકરજીએ દેવત્વ અને મનુષ્યત્વની તુલના કરીને મનુષ્યની વિશેષતા પ્રતિપાદિત કરી છે. માનવજીવન અનેક રીતે સીમિત હોવા છતાં લાગણીની ઉષ્મા, આવેગ અને પ્રબળ જિજિવિષાને કારણે મર્ત્ય હોવા છતાં વધુ ચૈતન્યશીલ અને સ્પૃહણીય છે એમ ઉર્વશીના પાત્ર વડે દર્શાવ્યું છે.

ISBN: 978-93-344-1368-7

## શ્રીમદ્ ભગવદ્ગીતાના **अपर्याप्तं...** (૧.૧૦) શ્લોક નો ભાવાર્થ

ડૉ.જિતેન્દ્ર એ. પટેલ

ખંડસમયના વ્યાખ્યાતા, સંસ્કૃત વિભાગ

ભગવદ્ગીતા સદીઓથી કર્મ, જ્ઞાન અને ભક્તિનો પ્રકાશ વિશ્વમાં ફેલાવી રહી છે. અનેક જિજ્ઞાસુઓએ ગીતામાંથી સંદેશ પ્રાપ્ત કરીને પોતાના જીવનને યોગ્ય દિશા આપી છે. શંકરાચાર્યાદિ આચાર્યોએ પોતપોતાના દર્શનને અનુકૂળ સિદ્ધાંતો ભગવદ્ગીતામાં જોયા છે. બતાવ્યા છે. સૈદ્ધાંતિક રીતે પરસ્પર વિરોધી એવા દર્શનોના આચાર્યોએ પણ ભગવદ્ગીતા પર ભાષ્યો લખ્યાં છે. આચાર્યોનાં ભાષ્યો ઉપર પણ અનેકાનેક ટીકાઓ લખાઈ છે. આમ, ગીતાને મનીષીઓના ગહનચિંતનનો લાભ મળ્યો છે.

આમ હોવા છતાં ઘણા ભાષ્યકારો અને ટીકાકારોએ બીજા અધ્યાયથી જ ભાષાર્થો રજૂ કર્યા છે. પ્રથમ અધ્યાયને ગીતાજ્ઞાન માટેની ભૂમિકા માત્ર ગણીને ટીકાઓ લખેલ નથી. શ્રી શંકરાચાર્યે પ્રથમ અધ્યાય ઉપર ભાષ્ય લખેલ નથી. આધુનિક ટીકાકારોમાંથી શ્રી બાળ ગંગાધર ટિળકે પણ પ્રથમ અધ્યાયના બહુ ઓછા શ્લોકો ઉપર ટિપ્પણી લખી છે. આમ,દ્વિતીયાદિ અન્ય અધ્યાયો બાબતે જેવું ઊંડું ચિંતન થયું છે, તેવું પ્રથમ અધ્યાયમાં થયું નથી. આથી ભગવદગીતા સદીઓથી લખાતી-વંચાતી હોવા છતાં પ્રથમ અધ્યાયમાં હજુ સંશોધનને અવકાશ છે.

પ્રથમ અધ્યાયમાં દુર્યોધને આચાર્ય દ્રોણને બન્ને સેનાના મુખ્ય યોદ્ધાઓની જાણ કરી છે. પ્રમુખ સેનાનાયકોના નામ જણાવ્યાં પછી દુર્યોધન આચાર્યને કહે છે કે ભીષ્માભિરક્ષિત આપણી સેના અપર્યાપ્ત છે અને ભીમાભિરક્ષિત પાંડવસેના પર્યાપ્ત છે. આ શ્લોકમાં આવેલા पर्याप्त અને अपर्याप्त શબ્દોના અર્થઘટન બાબતે વિદ્વાનોમાં મતભેદો પ્રવર્તે છે.

अपर्याप्तंतदस्माकंबलंभीष्माभिरक्षितम्□ पर्याप्तंत्विदमेतेषांबलंभीमाभिरक्षितम्□□

(गीता१.१०)

શ્રી બાળ ગંગાધર ટિળકે આ 'શ્લોક પર જે ટિપ્પણી' લખી છે, તેના ગુજરાતી અનુવાદના કેટલાક અંશો પ્રસ્તુત છે.

ISBN: 978-93-344-1368-7

૧."આ શ્લોકમાં 'પર્યાપ્ત' અને 'અપર્યાપ્ત' એ બે શબ્દોના અર્થ કેવા કરવા, તે બદલ મતભેદ છે. 'પર્યાપ્ત' એ શબ્દનો સામાન્ય અર્થ 'પૂરતું' - 'જોઈએ તેટલું' એવો થાય છે. અને તેથી પાંડવોનું સૈન્ય પૂરતુ અને આપણું 'જોઈએ તેના કરતાં ઓછા બળવાળું - અને પૂરું પડી ન શકે તેટલું એવો અર્થ કેટલાક કરે છે, પણ આ અર્થ બરાબર નથી."

૨ સૈનિકોને પ્રોત્સાહન આપવા હર્ષથી આ વર્ણન કરેલું હોવાથી 'અપર્યાપ્ત' એનો 'અમર્યાદિત અમાપ - અગણિત' આ સિવાય બીજો અર્થ સંભવતો નથી.

૩ દુર્યોધન ડરીને પોતાનું સૈન્ય અપર્યાપ્ત' 'અપૂરતું' એમ કહે છે, એવો જે ખુલાસો કેટલાદ આપે છે, તે બરાબર નથી, કારણ કે દુર્યોધન ડરેલો હતો, એવું કોઈ ઠેકાણે વર્ણન નથી, એટલું જ નહીં પણ ઊલટું દુર્યોધનનું સૈન્ય મોટું હોવાથી પાંડવોએ વજ્ર્ય  નામનું વ્યૂહ રચ્યું. અને કૌરવોનું સૈન્ય મોટું જોઈને યુધિષ્ઠિરને વિષાદ થયો હતો.....

ઉપર્યુક્ત ટીકાઓમાં ટિકળના જે વિચારો સ્પષ્ટ થાય છે, તેમાંથી ત્રણ બાબતો ખાસ નોંધવાલાયક છે. ટિળક માને છે કે –

(૧) દુર્યોધને સૈનિકોને પ્રોત્સાહન આપવા હર્ષથી બન્ને સેનાઓનુ વર્ણન કર્યું છે.

(૨) દુર્યોધન ભૂતકાળના કોઈપણ પ્રસંગોમાં ડર્યો નથી. આથી અહીં મહાભારતના યુદ્ધના પ્રારંભે પણ ડર્યો ન હોય.

(3) દુર્યોધન પોતાના સૈન્યને પ્રોત્સાહિત કરી રહ્યો છે. આથી તે પોતાના સૈન્યને વધારે તાકાતવાળું અને પાંડવસૈન્યને ઓછી તાકાતવાળું જ જણાવે.

**આ અર્થઘટનથી ઉદ્ભવતા પ્રશ્નો**

આ અર્થઘટનને સ્વીકારવાથી પ્રથમ અધ્યાયના અન્ય શ્લોકોના અર્થ કરતી વખતે કેટલાક પ્રશ્નો ઉદ્ભવે છે. જેમ કે,

(૧) દુર્યોધન દ્રોણાચાર્ય પાસે જાય છે અને તેમને જણાવે છે કે "આચાર્ય ! આપ પાંડુપુત્રોની મોટી સેનાને જુઓ.!" પાંડવોના પક્ષે સાત અક્ષૌહિણી અને કૌરવોના પક્ષે અગિયાર અક્ષૌહિણી સેના હોવા છતાં દુર્યોધનને પાંડવસેના મંહતી શા માટે જણાય છે ? પોતાના સૈન્યને પ્રોત્સાહિત કરતો નાયક શત્રુ સેનાને મંહતી કહે ખરો ? નીડર

વ્યક્તિને શત્રુબળ હંમેશાં અલ્પ અને આત્મબળ વધારે જણાતું હોય છે. પરંતુ અહીં યુદ્ધારંભે દુર્યોધન શત્રુસેનાને મંહતી આ માટે કહે છે ?

(૨) દુર્યોધન શ્લોક-૧૧માં સમગ્ર સેનાને તાકીદ કરે છે કે “સર્વ અયનોમાં રહીને તમારે ભીષ્મનું જ રક્ષણ કરવું.... "આપણું બળ અપર્યાપ્ત (પૂરતું) અને પાંડવબળ પર્યાપ્ત (અપૂરતું) છે' એમ દશમા શ્લોકમાં જણાવી તરત જ ૧૧મા શ્લોકમાં તે ભીષ્મના રક્ષણની વાત શા માટે કરે છે?

આ સંભવિત પ્રશ્નનો ખુલાસો આપતાં ટિળકે લખ્યું છે કે "સેનાપતિ ભીષ્મ એ પોતે પરાક્રમી અને કોઈથી પણ જિતાય નહીં તેવા હોવા છતાં ‘સર્વએ સર્વ બાજુએથી તેમનું રક્ષણ કરવું જોઈએ' એમ કહેવાનું કારણ દુર્યોધને બીજે ઠેકાણે  એવું આપેલું છે કે શિખંડીની સામે પોતે શસ્ત્ર લેનાર નથી. એવો ભીષ્મનો નિશ્ર્વય હોવાથી શિખંડીથી ભીષ્મનો ઘાત થયાનો સંભય હતો. એટલે સર્વેએ ખબરદારી રાખવી જોઈએ.

અહીં શિખંડીવાળી સમગ્ર બાબત અપ્રાસંગિક જણાય છે. પોતાની સેનાને યુદ્ધના આરંભની પૂર્વે પ્રોત્સાહન આપતો વિચક્ષણ દુર્યોધન પોતાની સેનાના નાયકના રક્ષણની વાત કરે, તે બાબત આસાનીથી ચાલુ પ્રસંગ સાથે ભળી શકતી નથી.

(3) કવિ શ્લોક – ૧૨માં તેને હર્ષ પમાડતાં ભીષ્મે શંખનાદ કર્યો એમ જણાવે છે. જો તે હર્ષાન્વિત જ હોય તો ભીષ્મે તેને હર્ષ પમાડવા પ્રયત્ન ન કરવો પડે. કવિના तस्यसंजनयन् એ શબ્દો, એ બાબતને સૂચવે છે કે, તે સમયે દુર્યોધન હર્ષાસ્થિત ન હતો.

દુર્યોધને પોતાની સેનાને પ્રોત્સાહિત કરી લીધા પછી ભીષ્મે તેને હર્ષ પમાડયા શા માટે પ્રયત્ન કરવો પડયો ? તે પ્રશ્નનો ઉત્તર ઉપર્યુક્ત અર્થઘટનથી મળતો નથી.

(૪) ભીષ્મપિતામહના શંખનાદને અનુસરીને કૌરવસેનામાં ભેરી, પણવાનક ઇત્યાદિના વિભીષક અવાજો થવા લાગ્યા. પાંડવસેનામાંથી પણ મહારથીઓએ ભયંકર શંખનાદ કર્યો. વ્યાસજી ૧૯મા શ્લોકમાં જણાવે છે કે પાંડવસેનામાં થતા ભયકર શંખનાદથી કૌરવોના હૃદય ચિરાઈ ગયાં. કવિએ અહીં ધૃતરાષ્ટ્રપુત્રોના હૃદયો

ISBN: 978-93-344-1368-7

ચીરાવાની વાત સ્પષ્ટ શબ્દોમાં કરી છે. કૌરવપક્ષે અગિયાર અક્ષૌહિણી સેના હોવા છતાં, તેમનાં હૃદયો ચિરાવાની વાત કવિ શા માટે કરે છે ?

આમ, દુર્યોધને ઉભયસેનાનું કરેલું વર્ણન પોતાની સેનાને પ્રોત્સાહિત કરવા માટે છે, અને તે સમયે દુર્યોધનની માનસિક પરિસ્થિતિ બિલકુલ સ્વસ્થ જ છે, એમ સ્વીકારવાથી ઉપર્યુક્ત પ્રશ્નો ઉદભવે છે. આથી આ બાબતો ઘણું સંશોધન માંગી લે તેવી છે.

(૧) શ્રી ટિળકે લખ્યું છે કે "સૈનિકોને પ્રોત્સાહન આપવા હર્ષથી આ વર્ણન કરેલું હોવાથી 'અપર્યાપ્ત'નો "અમર્યાદિત -અમાપ-અગણિત આ સિવાય બીજો અર્થ સંભવતો નથી

(૨) કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોએ, દુર્યોધન ડરીને આચાર્ય પાસે ગયો હોવાનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ શ્રી ટિળક દુર્યોધનના પાત્રને ધ્યાનમાં રાખીને સાચું જ લખે છે કે તે ભૂતકાળમાં ક્યારેય ડર્યો નથી. આથી આ પ્રસંગે તેને ડરેલો માનવાથી તેના પાત્રને અન્યાય થશે.

વળી, અત્યાર સુધીના યુદ્ધપ્રસંગો કરતાં આ યુદ્ધપ્રસંગ બિલકુલ જુદા પ્રકારનો છે. અત્યાર સુધીના પ્રસંગો દુર્યોધનની કપટનીતિના જ એક ભાગ રૂપ હતા. તે તે પ્રસંગે છળ કરીને પાંડવોને હંફાવવામાં તેને અપાર આનંદ મળતો હતો. તેની ઈર્ષ્યાવૃત્તિને પરમ સંતોષ પ્રાપ્ત થતો હતો. પરંતુ આ તો અંતિમ યુદ્ધ હતું. અહીં તો શત્રુપક્ષે પણ અનેક મહારથીઓ યુદ્ધ માટે સજ્જ થઈને ઊભા હતા. આવા સમયે મૃત્યુનો કે ઘાયલ થવાનો ડર દુર્યોધન જેવા શૂરવીરને ન હોય તે સ્વાભાવિક છે, પરંતુ યુદ્ધના પરિણામ અંગેની દહેશત તો હોઈ શકે. આમ, યુદ્ધને જીતી લેવાના રઘવાટને કારણે કે યુદ્ધના પરિણામ અંગેની દહેશતને લીધે તે વ્યગ્ર હોઈ શકે. શૂરવીર દુર્યોધનમાં ડરને સ્થાન ન હોય, પરંતુ ઉચ્ચ મહત્ત્વાકાંક્ષી દુર્યોધનમાં રઘવાટ કે દહેશતજન્ય વ્યગ્રતાને તદ્દન નકારી શકાતાં નથી.

સંદર્ભસુચિ:-

(૧) શ્રીમદ્ ભગવતગીતા રહસ્ય (ગુજરાતી અનુવાદ)

(૨) શ્રીમદ્ ભગવતગીતા (સાધક સંજીવની) ગીતા પ્રેસ ગોરખપુર

ISBN: 978-93-344-1368-7

## શિક્ષક અને શિક્ષણ : આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના યુગમાં

**-ડો. દિવ્યાંગ કે વ્યાસ**

**કોમર્સ એન્ડ એકાઉન્ટસી વિભાગ**

**✦ પ્રસ્તાવના**

માનવજીવનના વિકાસમાં શિક્ષણનું સ્થાન સર્વોચ્ચ માનવામાં આવે છે. પ્રાચીન ગુરુકુળથી લઈને આજના આધુનિક સ્માર્ટ ક્લાસરૂમ સુધી, શિક્ષણવ્યવસ્થા સતત પરિવર્તિત થતી રહી છે. દરેક યુગમાં ટેક્નોલોજીએ શિક્ષણને નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે. પથ્થર પર લખાણથી શરૂઆત કરીને છાપખાનાની ક્રાંતિ, પછી ઈન્ટરનેટ અને હવે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) – આ દરેક તબક્કાએ શિક્ષણને અલગ જ દિશામાં આગળ ધપાવ્યું છે.

આજના યુગમાં AI માત્ર એક ટેક્નોલોજી નથી પરંતુ એ માનવ જીવનની દરેક પ્રવૃત્તિને અસર કરતું શક્તિશાળી સાધન છે. આરોગ્ય, કૃષિ, વેપાર, ઉદ્યોગ જેવા ક્ષેત્રો સાથે સાથે શિક્ષણક્ષેત્રમાં પણ તેનો વ્યાપક પ્રભાવ જોવા મળી રહ્યો છે. AI આધારિત સ્માર્ટ લર્નિંગ સિસ્ટમો, પર્સનલાઇઝ્ડ કોર્સ, ડિજિટલ એસેસમેન્ટ, વર્ચ્યુઅલ ક્લાસરૂમ અને ઇ-લાઇબ્રેરી – આ બધું શિક્ષણના સ્વરૂપને જ બદલી રહ્યું છે.

પરંતુ, આવા સમયમાં શિક્ષકની ભૂમિકા શું રહી? શું AI શિક્ષકનું સ્થાન લઈ શકે? કે પછી શિક્ષક અને AI મળીને શિક્ષણને વધુ પ્રભાવશાળી બનાવી શકે? આ પ્રશ્નો અત્યંત મહત્વપૂર્ણ છે.

**✦ શિક્ષકની અવિનાશી ભૂમિકા**

શિક્ષક હંમેશા માત્ર જ્ઞાન પ્રદાન કરનાર નથી, પરંતુ માર્ગદર્શક, પ્રેરણાસ્ત્રોત અને સંસ્કારદાતા તરીકે ઓળખાય છે. AI જેટલું પણ પ્રગતિ કરે, તે માનવીય મૂલ્યો, ભાવનાઓ અને સંવેદનાઓ આપી શકતું નથી.

- **માર્ગદર્શક તરીકે શિક્ષક :** વિદ્યાર્થીને કઈ દિશામાં આગળ વધવું, કયા વિષયમાં કારકિર્દી બનાવવી કે જીવનમાં કયા મૂલ્યો અપનાવવા – તેનું માર્ગદર્શન માત્ર શિક્ષક આપી શકે છે.

ISBN: 978-93-344-1368-7

- **પ્રેરણા આપનાર શિક્ષક :** ઘણીવાર વિદ્યાર્થીની પ્રતિભા હોવા છતાં તે આત્મવિશ્વાસના અભાવે આગળ વધી શકતો નથી. એવા સમયે શિક્ષક જ તેને પ્રેરણા આપીને જીવનમાં સફળ બનાવી શકે છે.
- **મૂલ્યોના સંવર્ધક શિક્ષક :** ટેક્નોલોજી જ્ઞાન આપે છે, પરંતુ સંસ્કાર, માનવીય મૂલ્યો, નૈતિકતા શિક્ષક જ આપી શકે છે.

**✦ AI દ્વારા શિક્ષણમાં લવાયેલા બદલાવ**

AI એ શિક્ષણની પદ્ધતિઓમાં અનેક નવાપણું લાવ્યું છે, જે પરંપરાગત પદ્ધતિ કરતાં ઝડપી અને સુગમ છે.

**૧. વ્યક્તિગત અભ્યાસ (Personalized Learning)**

દરેક વિદ્યાર્થીની ક્ષમતા, ગતિ અને રસ અલગ હોય છે. AI આધારિત એપ્લિકેશન્સ વિદ્યાર્થીની પ્રગતિનું વિશ્લેષણ કરીને તેને અનુકૂળ અભ્યાસક્રમ તૈયાર કરે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ વિદ્યાર્થી ગણિતમાં નબળો હોય તો AI તેને વધુ પ્રેક્ટિસ એક્સરસાઇઝ આપે છે.

**૨. સ્માર્ટ મૂલ્યાંકન (Smart Assessment)**

પરંપરાગત પરીક્ષામાં પરિણામ આવતા અઠવાડિયાં લાગી જાય. પરંતુ AI આધારિત સિસ્ટમ તરત જ મૂલ્યાંકન કરીને વિદ્યાર્થીને ફીડબેક આપે છે. આથી વિદ્યાર્થી તરત જ પોતાની ભૂલ સમજવા સક્ષમ બને છે.

**૩. ડિજિટલ સાધનો (Digital Tools)**

વર્ચ્યુઅલ રિયાલિટી (VR) અને ઑગમેન્ટેડ રિયાલિટી (AR) દ્વારા અભ્યાસને જીવંત બનાવવામાં આવે છે. ઈતિહાસનો પાઠ શીખવો હોય તો AI આધારિત VR સિસ્ટમ વિદ્યાર્થીઓને સીધા જ એ યુગમાં લઈ જઈ શકે છે.

**૪. આજીવન શિક્ષણ (Lifelong Learning)**

AI આધારિત ઓનલાઈન પ્લેટફોર્મ્સના કારણે હવે અભ્યાસ માત્ર શાળામાં મર્યાદિત નથી રહ્યો. કોઈપણ વ્યક્તિ કોઈપણ વયે નવી કૌશલ્ય શીખી શકે છે – જેમ કે નવી ભાષા, પ્રોગ્રામિંગ, ડિજિટલ માર્કેટિંગ વગેરે.

**✦ શિક્ષણમાં AI ના લાભ**

ISBN: 978-93-344-1368-7

1. **ઝડપ અને સુગમતા –** કોઈપણ માહિતી તાત્કાલિક ઉપલબ્ધ થાય છે.
2. **સમયની બચત –** મૂલ્યાંકન, નોટ્સ તૈયાર કરવી જેવી કામગીરી AI તરત કરે છે.
3. **વિદ્યાર્થીની પ્રગતિનું ચોક્કસ વિશ્લેષણ –** AI ડેટા આધારિત અભ્યાસક્રમ આપે છે.
4. વિશ્વવ્યાપી જ્ઞાન સુધી પહોંચ – કોઈપણ વિષય પર વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ અભ્યાસ સામગ્રી તરત મેળવી શકાય છે.

**✦ પડકારો અને ચિંતાઓ**

AI જેટલૂ લાભદાયી છે તેટલું જ કેટલાક પડકારો પણ ઊભા કરે છે.

- **સર્જનાત્મકતાનો અભાવ :** AI પર અતિનિર્ભરતા વિદ્યાર્થીની કલ્પનાશક્તિ અને સ્વતંત્ર વિચારશક્તિને ઓછી કરે છે.
- **માનવીય મૂલ્યોની ખામી :** નૈતિકતા, સહાનુભૂતિ, સહકાર, કરુણા જેવા ગુણ AI શીખવી શકતું નથી.
- **ડેટા સુરક્ષા :** AI સિસ્ટમો માટે ડેટા અત્યંત મહત્વનો છે. પરંતુ વિદ્યાર્થીઓની વ્યક્તિગત માહિતી લીક થવાનો ખતરો રહે છે.
- **શિક્ષકની અવગણના :** જો AI પર વધારે ભાર મૂકવામાં આવે તો શિક્ષકનું મહત્વ ઘટી શકે છે, જે લાંબા ગાળે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

**✦ શિક્ષક અને AI : સુમેળની જરૂરિયાત**

AI શિક્ષકનો શત્રુ નથી, પરંતુ સહાયક છે. શિક્ષક અને AI વચ્ચેનો સુમેળ જ શિક્ષણક્ષેત્રને નવી મંજિલો સુધી લઈ જઈ શકે છે.

શિક્ષક માનવીય મૂલ્યો અને પ્રેરણા આપે, જ્યારે AI માહિતી અને ડેટા આધારિત સહાય આપે.

શિક્ષક વિદ્યાર્થીઓને જીવન કૌશલ્ય શીખવે, જ્યારે AI તેમને ટેકનિકલ જ્ઞાન પ્રદાન કરે.

શિક્ષક અને AI મળીને શિક્ષણને સર્વાંગી વિકાસ તરફ દોરી શકે છે.

ISBN: 978-93-344-1368-7

**✦ ઉપસંહાર**

AI ના યુગમાં શિક્ષણ વધુ ઝડપથી, વધુ સરળતાથી અને વધુ રસપ્રદ રીતે આગળ વધી રહ્યું છે. પરંતુ એ સાથે જ, શિક્ષકની ભૂમિકા અવિનાશી છે. શિક્ષક જ એવો પ્રેરણાસ્ત્રોત છે જે જ્ઞાનને સંસ્કાર સાથે જોડે છે અને વિદ્યાર્થીને માત્ર સફળ જ નહીં પરંતુ સાર્થક જીવન જીવવા પ્રેરિત કરે છે. **ભવિષ્યનું શિક્ષણ એ AI અને શિક્ષક વચ્ચેના સુમેળનું શિક્ષણ હશે – જ્યાં ટેક્નોલોજી સહાયક તરીકે કાર્ય કરશે અને શિક્ષક પ્રેરણાસ્ત્રોત તરીકે અવિનાશી રહેશે.**

ISBN: 978-93-344-1368-7

# દેવ મોગરાનો મેળો

ડૉ.પ્રિયકાન્ત આર.શ્રીમાળી

અધ્યાપક સહાયક, ઇતિહાસ વિભાગ

**પ્રસ્તાવના:**

Apart from the above, the education system also struggles with language barriers, regional disparities, student dropouts, and outdated curricula. Moreover, social issues such as child labor, early marriage, and socio-cultural attitudes toward education—especially for girls—further exacerbate these challenges

## Future of Education in India

The future of education in India is poised for a major transformation driven by inclusivity, technology, and innovation. With the implementation of the National Education Policy (NEP) 2020, By encouraging innovation, critical thinking, and lifelong learning, India hopes to become a worldwide knowledge superpower. The emphasis is shifting from traditional learning to skill-based and experiential learning, which allows students to apply knowledge in real-world circumstances.

Digital learning platforms, smart classrooms, and artificial intelligence are reshaping how education is delivered, making it more interactive, accessible, and personalized. Emphasis on vocational education and entrepreneurship will equip students with employable skills suited to the needs of a rapidly changing job market.

Furthermore, the integration of multidisciplinary education, research, and global collaboration will foster innovation and adaptability. The vision is to build an education system that is flexible, inclusive, and future-ready, empowering India's youth to lead confidently in a competitive, technology-driven world.

## Conclusion

Education is not merely a process of acquiring knowledge; it is the very foundation upon which the progress and prosperity of a nation rest. The Indian education system, with its deep historical roots and continuous evolution, reflects the country's enduring commitment to learning and development. From the ancient Gurukul tradition to today's technology-enabled classrooms, India's journey in education has been both inspiring and transformative.

ISBN: 978-93-344-1368-7

Despite remarkable achievements, challenges such as inequality in access, inadequate infrastructure, and the gap between education and employability continue to persist. However, with the implementation of progressive reforms like the National Education Policy (NEP) 2020, there is renewed hope for a more inclusive, flexible, and skill-oriented education system.

The future of Indian education lies in blending traditional wisdom with modern innovation, fostering critical thinking, creativity, and global competence among learners. If effectively implemented, these reforms can empower the youth to become not only job seekers but also job creators, contributing meaningfully to the nation's growth.

The fundamental goal of education must be to create responsible citizens with the values, information, and abilities to create a just and sustainable society. In order to achieve the goal of "Viksit Bharat 2047," which is to make India a fully advanced, knowledge-driven country, a strong, creative, and caring educational system will be essential.

ISBN: 978-93-344-1368-7

## 'સાહિત્ય અને સમાજ'

ડૉ.કનુભાઈ બી. પરમાર

(ગુજરાતી વિભાગ)

સમાજને પ્રતિબિંબિત કરવાનું સૌથી ઉત્તમ માધ્યમ એટલે સાહિત્ય. સાહિત્ય એક સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિ છે. સંસ્કૃતિનાં અંગોમાં સાહિત્ય અને સમાજ બંને સમાવિષ્ટ છે. સમાજ સાંસ્કૃતિક પ્રગતિ માટે છે, તેમ સાહિત્ય પણ માનવ અને સંસ્કૃતિના વિકાસ અર્થે છે. સાહિત્ય સમાજને સ્પર્શતું અને તેને સુધારતું - સંસ્કારતું - આનંદ આપતું કલાસ્વરૂપ છે.

**સાહિત્ય : સામાજિક સ્વરૂપ**

સાહિત્ય સામાજિક સ્વરૂપ છે. સાહિત્યમાં સર્જક અને ભાવક એટલે કે સામાજિકનો સંગમ કે સહભાવ થાય છે. નાટક સામાજિકોના આનંદ અને ઉપદેશ માટે છે તેમ કહેવાયું છે. સાહિત્ય એક સમૂહમાધ્યમ છે, તે એક સમાજ કે જનસમૂહને સ્પર્શે છે અને તેના જીવનને પ્રભાવિત કરે છે.

કવિતા જેવાં આત્મલક્ષી સ્વરૂપોને બાદ કરીએ તો સાહિત્યનાં વિવિધ સ્વરૂપો પરલક્ષી અને સમાજલક્ષી છે. નાટક તો સમાજ વચ્ચે રજૂ થાય છે અને સમાજના મનોરંજન સાથે સમાજને ઉન્નત કરવાનું સામાજિક કલ્યાણનું કાર્ય કરે છે. નવલકથા તો સ્વરૂપે જ સામાજિક છે. એક નવલકથા એટલે એક સમાજ. 'માનવીની ભવાઈ' એટલે ઇડરિયા મુલકનો સમાજ ને 'બનગરવાડી' એટલે મહારાષ્ટ્રના એક ગામડાના પશુપાલકોનો સમાજ. 'સરસ્વતીચંદ્ર' જાતજાતના સમાજની ઝાંખી કરાવે. સાહિત્યમાં ક્યાંક શિષ્ટ સમાજ આવે, તો ક્યાંક પલ્લીસમાજ, નવલકથા, વાર્તા કે નાટક સમાજનું ચિત્રણ ને અવલોકન કરે છે. સમાજનું નવનિર્માણ કરવાનો પ્રયત્ન પણ કરે છે. નવલકથા સમાજપરિવર્તનના મહાનિબંધનો વિષય છે.

**સાહિત્ય : સમાજદર્પણ**

મધ્યકાલીન સાહિત્યમાં ભક્તિ-જ્ઞાન-દર્શનની અનુભૂતિની ઊર્મિકવિતામાં સમાજ બહુ ઓછો આવતો. જ્ઞાન અને ભક્તિનો બોષ કરનારા કવિઓ સંસારને અસાર માનતા અને સમાજને ભાંડતા. એ ભાંડણલીલામાંથી સમાજના વરવા રૂપનું દર્શન થાય છે. અખાના છપ્પા કે ભોજાના ચાબખા સમાજની ટીકા કરે છે, પણ તે પર્મની દ્રષ્ટિએ. એટલે તે સાચી સામાજિક કવિતા નથી. આખ્યાનોમાં 'કુંવરબાઈનું મામેરું' જેવામાં ગુજરાતી સમાજનું વાસ્તવિક કે પછી સાહિત્યિક દસ્તાવેજ જેવું ચિત્ર મળે છે, ત્યાં પણ સમાજનું તટસ્થ નિરૂપણ નથી. 'જુઓને, આ સમાજ ભગતન કેવો હેરાન કરે છે?' એવું દર્શાવવા માટે આલેખાયેલું ચિત્ર છે.

**સાહિત્ય : સમાજસુધારાનું માધ્યમ**

નર્મદ-દલપતરામનો સુધારાયુગ સમાજની સમીક્ષા કરી સુધારાની ક્રાન્તિનો બોધા કરે છે. મોટે ભાગે કુરિવાજોને દૂર કરવાની અને સુધારો અપનાવવાની એ ઝુંબેશ છે. ગાંધીજી તો સમાજસુધારક હતા. એટલે ગાંધીયુગનું સામાજિક સાહિત્ય વિવિધ ક્ષેત્રોને સ્પર્શે છે. ખાસ કરીને ભદ્રલોકથી નીચે ઊતરી શુદ્રલોકને અપનાવે છે. દરિદ્રનારાયણની ભાવનાથી નીચલા વર્ગના સમાજના ઉચ્ચ ગુણો પ્રગટાવે છે. ધૂમકેતુનો અલીડોસો, ભૈયાદાદા અને મોચી તથા દ્વિરેફની ખેમી એ રીતે ખાન ખેંચે છે. ર. વ. દેસાઈ સમાજજીવનની નવલકથાઓ આપે છે. મુનશી સામાજિક નાટકો ને નવલો આપે છે. સમાજવાદી અભિગમ આવે છે. માર્ક્સ અને ગાંધીની ભાવના ભેગી ઘૂંટાય છે ને ઠેરઠેર વ્યક્ત થાય છે. નવલકથામાંનું 'કલ્યાણગ્રામ' તો 'સરસ્વતીચંદ્ર'થી આગળ વધી 'ગ્રામલક્ષ્મી' ને છેક 'બાવડાનાં બળે' સુધી આલેખાયા છે. સાહિત્ય સમાજજીવનનાં આંદોલનને ઝીલતું આગળ વધે છે અને આધુનિક સાહિત્યના અ-સમાજ સુધી પહોંચે છે.

ISBN: 978-93-344-1368-7

આમ, સાહિત્ય અને સમાજનો સંબંધ સતત પરસ્પરના પ્રભાવને ઝીલતો રહે છે. સમાજજીવનનાં આંદોલનો સાહિત્યમાં આંદોલન સર્જે છે. સમાજવાદી સાહિત્ય કે પ્રગતિવાદી સાહિત્ય એનાં નિદર્શન છે. તો, સાહિત્ય પણ સમાજપરિવર્તનનું એક અનોખું સાધન છે.

**સાહિત્ય : સમાજજીવનની સમીક્ષા**

સાહિત્યમાં આલેખાય છે તે સમાજજીવન એ સાહિત્યે કરેલી સમાજજીવનની સમીક્ષા પણ છે. સાહિત્ય એ જીવનની સમીક્ષા છે, એટલે સમાજજીવનની પણ સમીક્ષા છે. સમાજશાસ્ત્રીય અવલોકન સાહિત્યનો વિષય બને છે. આજે પણ  દહેજ, પૈઠણ, સ્ત્રી ઉપરના બળાત્કાર, સ્ત્રીહત્યા, લગ્ન, છુટાછેડા, કુટુંબજીવનના પ્રશ્નો, સામાજિક સમસ્યાઓ સાહિત્યમાં વિષય બનીને આવે છે. સમાજ આંતરિક વ્યવહાર અને પરસ્પર સહકારના પાયા પર ઊભો છે. એ આધાર હ્રચમર્થ એવી ઘટનાઓ સાહિત્યનો વિષય બને છે. કેટલાક સાહિત્યકારો તો સામાજિક સાહિત્યકારો જ છે. સાહિત્યમાં સામાજિક નવલકથાઓ અને સામાજિક નાટકોના તો વિશિષ્ટ વર્ગ છે.

સમાજવાદની સામે વ્યક્તિવાદ આવે છે અને સાહિત્યના આધુનિક પ્રકારોમાંથી સમાજ ઓછો થઈ જાય છે. લઘુનવલ સમાજને બદલે વ્યક્તિને કેન્દ્રમાં રાખે છે. 'સરિયલ' સાહિત્ય અચેતન મનને આલેખે છે, જોકે ત્યાં પણ 'સામૂહિક અચેતન મન' છે. ઍબ્સર્ડ નાટકો વિચિત્ર સમાજ કરતાં વિચિત્ર વ્યક્તિઓને જ વિશેષ આલેખે છે. વાર્તા-કવિતા વ્યક્તિના આંતરિક વ્યાપારનું દર્શન કરાવે છે. અસ્તિત્વવાદી નવલકથામાં સમાજના સંદર્ભમાં માનવીનું અસ્તિત્વ વર્ણવાય છે. આજનું સાહિત્ય સમાજના વાસ્તવિક ચિત્રને આલેખે છે, અ-સામાજિક તત્ત્વોને પણ આલેખે છે.

આધુનિક સાહિત્ય સમાજથી દૂર ચાલ્યું ગયું છે. સાહિત્ય અને સમાજ વચ્ચે જે પરસ્પરને પોષક સંબંધ હતો તે ઓછો ને આછોપાતળો થઈ ગયો છે. આપણું સમાજજીવન કથળતું જાય છે, સમાજમાં જીવનધોરણો

ISBN: 978-93-344-1368-7

કે મૂલ્યો બદલાતાં જાય છે. 'ક્યાં છે સમાજ?' એમ પૂછવાનું મન થાય છે. સમાજનો પ્રભાવ કે દાબ ચાલ્યો ગયો છે. સમાજનાં નીતિનિયમોનાં બંધનો કે સામાજિક અંકુશ ઊઠી ગયો છે, ત્યાં સાહિત્યિક સામાજિકતાનું પણ અવમૂલ્યન થાય એ સ્વાભાવિક છે. આજે સાહિત્ય સમાજસુધારાનું શસ્ત્ર રહ્યું નથી. પણ સાહિત્યમાં સમાજનું સૂક્ષ્મ સ્વરૂપ તો આલેખાય છે જ. દલિત સાહિત્ય તો આક્રોશપૂર્વક સામાજિક સમાનતા, સ્વતંત્રતા અને માનવબંધુતાની હાકલ કરે છે. હવે પ્રાદેશિક સમાજો એ અજાણ્યા સમાજો રહ્યા નથી, એથી પ્રાદેશિક સામાજિક નવલકથાઓ અને વાર્તાઓનો યુગ આથમી ગયો છે.

**સાહિત્ય : એક વિશ્વસમાજ**

પણ હવે નવલકથામાં એક વિશ્વસમાજનું આલેખન થઈ રહ્યું છે. દર્શકે ‘ઝેર તો પીધાં છે જાણી જાણી'માં ગ્રામસમાજ, નગરસમાજ, દેશસમાજ પછી વિદેશસમાજનું કે આંતરરાષ્ટ્રીય સમાજનું આલેખન કર્યું. 'સમયદ્વીપ'માં બે સમાજની તુલના પણ છે. ‘ઊર્ધ્વમૂલ'માં મૂળ વગરનાં માનવીઓના સમાજજીવનની સમસ્યા છે. મહાનવલો તો પલટાતા સમાજના રંગો આલેખ્યા વગર રહેતી જ નથી. મહાનગરના પચરંગી સમાજનું આલેખન તો આજેય કથાત્મક સાહિત્યનું આકર્ષણ છે. સાહિત્ય સ્વયં એક વિશ્વમેળો છે, આંતરરાષ્ટ્રીય સમાજચેતના છે.

**સાહિત્ય : સામાજિક સંપત્તિ**

સાહિત્ય એ સમાજની સૂક્ષ્મ ઉપયોગી લોકોત્તર સંપત્તિ છે. સાહિત્ય એ સમાજનાં સંવેદનોની ખાતાવહી છે. સાહિત્ય એ સમાજની સમીક્ષા છે. સાહિત્ય સમાજ-અભિમુખ રહે અને સમાજ સાહિત્ય-અભિમુખ રહે એમાં ઉભયનું શ્રેય છે. મેથ્યુ આર્નલ્ડ જનતાનો વિવેચક હતો. તેણે સાહિત્યકારોને સમાજજીવનની સમસ્યાઓની સમીક્ષા દ્વારા સમાજનું ધારણ-પોષણ થાય એવા સાહિત્યનું સર્જન કરવાનો અનુરોધ કર્યો હતો. ગાંધીજીએ પણ નીચલા વર્ગના લોકો માટે સાહિત્ય સર્જવાનું કહ્યું હતું. કમનસીબે સામાન્ય લોકોમાં પ્રિય છે તે લોકપ્રિય

ISBN: 978-93-344-1368-7

સાહિત્ય સાચું ને ઊંચું સાહિત્ય નથી અને ઉત્તમ સાહિત્ય છે તે સમાજ સુધી પહોંચતું નથી. એટલે કલાત્મક સાહિત્ય લઘુ ભદ્ર સમાજનું સાહિત્ય બની રહ્યું છે.

એકંદરે જોતા, સાહિત્ય એ સમાજનું દર્પણ છે, સમાજનો દસ્તાવેજ છે, સમાજની સમીક્ષા છે. સામાજિક શ્રેયનું સામાજિક સમૂહમાધ્યમ છે. સાહિત્ય એ સમાજની અભિવ્યક્તિ છે. પ્લેટો સાહિત્યને સમાજની અનુકૃતિ માનતો. ભરતે પણ નાટકને લોકવૃત્તનું અનુકરણ કહ્યું છે. સૌપ્રથમ, સિસેરોએ કહ્યું હતું કે કવિતા એ સામાજિક રીતિરિવાજોનું દર્પણ છે. લિયોનાર્ડો દ વિંચીએ આગળ વધી કહ્યું કે સાહિત્ય સમાજનું દર્પણ છે તેમ જ કલાકારની ચેતના પણ સાહિત્યનું દર્પણ છે. પ્રશિષ્ટતાવાદી સાહિત્યમાં સમાજનું પ્રતિબિંબ તેમ જ સમાજનો આદર્શ રજૂ થતો. સ્વચ્છંદતાવાદી રંગદર્શી સાહિત્યકારોએ કહ્યું કે સાહિત્ય એ સમાજનો દીપક છે, સમાજને પ્રકાશ આપતું પરિબળ છે. શ્રેષ્ટ કહે છે કે સાહિત્ય સમાજનું દર્પણ કે દીપક નથી, પણ 'ડાયનેમો' છે. અઢારમી સદીમાં લુઈ દ બોના કહે છે કે સાહિત્ય એ જે તે કાળના સમાજને જાણવાનું સાધન છે. સ્ટેન્ટાલ નવલકથા વિષે કહે છે કે તે એવું ફરતું દર્પણ છે, જે ક્યારેક સ્વર્ગિ સૌંદર્ય, તો ક્યારેક ખાડાનું કીચડ-કદર્ય પ્રતિબિંબિત કરે છે. લૉવેન્થલ સાહિત્યને સામાજિક ચેતનાનું માધ્યમ માને છે. ટેઈન કહે છે કે સાહિત્ય એ સમાજની નીપજ છે. પ્રકૃતિવાદીઓ સાહિત્યને સમાજનું યથાર્થ ચિત્રણ માને છે, તો સમાજવાદીઓ સાહિત્યને સમાજકલ્યાણ-પ્રગતિનું સાધન માને છે. લુઈ દ બોના સાહિત્યને સમાજની અભિવ્યક્તિ માને છે. રેને વેલેકને મતે, સાહિત્ય માત્ર સમાજનું દર્પણ જ નથી, પણ તે સંપૂર્ણ ઈતિહાસનો સાર, મૂળ ને સંક્ષેપ છે. આમ, સાહિત્ય અને સમાજ વિવિધ સંબંધે સંકળાયેલાં છે.

સંદર્ભ:

(૧) 'સાહિત્યમીમાંસા'-ડૉ.બહેચરભાઈ પટેલ (યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ)

ISBN: 978-93-344-1368-7

## અધ્યાપકો દ્વારા વર્ષ દરમ્યાન રજુ કરવામાં આવેલ / પ્રકાશિત થયેલ પેપર

| અધ્યાપકનું નામ | રજુ કરવામાં આવેલ / પ્રકાશિત થયેલ પેપરનું શીર્ષક | સેમીનાર/ કોન્ફરન્સ /વર્કશોપ / જર્નલ | જર્નલનું નામ | ISSN/ISBN નંબર | મહિનો અને વર્ષ |
|---|---|---|---|---|---|
| DR D V PATEL | " ROLE OF DIGITAL FINANCIAL SERVICES IN THE UPCOMING ERA OF VIKSHIT BHARAT @ 2047 FROM THE PERSPECTIVE OF COMMERCE AND BUSINESS MANAGEMENT " | INTERNATIONAL JOURNAL | SANKALPA JOURNAL OF MANAGEMENT AND RESEARCH ( A PEER-REVIEWED JOURNAL ) | ISSN NO 2231-1904 VOLUME 15 ISSUE 1 | JANUARY TO JUNE 2025 |
| DR D K VYAS | " ROLE OF DIGITAL FINANCIAL SERVICES IN THE UPCOMING ERA OF VIKSHIT BHARAT @ 2047 FROM THE PERSPECTIVE OF COMMERCE AND BUSINESS MANAGEMENT " | INTERNATIONAL JOURNAL | SANKALPA JOURNAL OF MANAGEMENT AND RESEARCH ( A PEER-REVIEWED JOURNAL ) | ISSN NO 2231-1904 VOLUME 15 ISSUE 1 | JANUARY TO JUNE 2025 |
| DR D K VYAS | ANALYZING THE EFFECT OF EMERGING TRENDS ON THE DIGITAL TRANSFORMATION OF SELECTED MSMES IN DABHOI OF VDODARA DISTRICT | NATIONAL CONFERENCE | PERCEPTION | 2395-0129 (VOL.9 ISSUE 2) | APRIL 2025 |
| DR D K VYAS | THE RISE OF UPI IN INDIA'S DIGITAL FINANCIAL SERVICES: A CATALYST FOR FINANCIAL INCLUSION AND CASHLESS TRANSACTIONS | INTERNATIONAL JOURNAL | INSPIRA | 2395-7069 (VOL.11 ISSUE 3) | SEPT. 2025 |
| Dr.Priyakant R. Shrimali | કલાની દ્રષ્ટીએ ગુજરાતની રંગભૂમિમાં નાટ્યપરંપરા | સેમીનાર/જર્નલ | Soham: an International multidisciplinary peer reviewed research journal Vol-45, Issue-1 | 2350-0697 | July-Sept. 2025 |

| અધ્યાપકનું નામ | રજુ કરવામાં આવેલ / પ્રકાશિત થયેલ પેપરનું શીર્ષક | સેમીનાર/ કોન્ફરન્સ /વર્કશોપ / જર્નલ | જર્નલનું નામ | ISSN/ISBN નંબર | મહિનો અને વર્ષ |
|---|---|---|---|---|---|
| Dr.Priyakant R. Shrimali | પરિવર્તનનો વર્ગખંડ:NEP-2020 શાળાકીય શિક્ષણનો નવો યુગ | **સેમીનાર** | Two days multidisciplinary national seminar on "Science meets society : a multidisciplinary fusion of science, arts, commerce and humanities for sustainable future" | 978-81-996166-7-7 | December 2025 |
| Dr. Rakeshbhai R. Vankarsadhu | Uses of AI tools in Demand Forecasting | Journal | Perception : International Multidisciplinary Referred Journal (Peer-Reviewed) Volume: IX, Issue: IV | 2395-0129 | October - 2025 |
| ડૉ. સાધનાઆર.ટાંક | **અનુવાદ અને આધુનિક ટેકનોલોજી: પડકારો અને** | **સેમીનાર** | **તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત- સરદાર પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન, બાકરોલ અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત એક દિવસીય રાષ્ટ્રીયકક્ષા પરિસંવાદ "ગુજરાતી ભાષા સાહિત્ય: ડિજિટલ યુગ અને બદલાતા પ્રવાહો"** | - | ૩૦/૦૮/૨૦૨૫ |
| ડૉ. સાધનાઆર.ટાંક | ડિજિટલ સંવાદ: ફેસબુક અને ઇન્ટરનેટમાં સાહિત્યિક સર્જનાત્મકતા-નવમાધ્યમ | **સેમીનાર & Journal** | **Bohal Shodh Manjusha AN INTERNATIONAL PEER REVIEWED, REFEREED MULTIDISCIPLINARY & MULTIPLE LANGUAGES RESEARCH JOURNAL UGC Valid Journal (The Gazette of India, Extraordinary Part III, Section 4, Dated July 18, 2018)** | **ISSN: 2395-7115 Impact Factor 8.642 Vol.-22, Issue-3(2)** | **Sept. 2025** |

ISBN: 978-93-344-1368-7

| અધ્યાપકનું નામ | રજુ કરવામાં આવેલ / પ્રકાશિત થયેલ પેપરનું શીર્ષક | સેમીનાર/ કોન્ફરન્સ /વર્કશોપ / જર્નલ | જર્નલનું નામ | ISSN/ISBN નંબર | મહિનો અને વર્ષ |
|---|---|---|---|---|---|
| ડૉ. સાધનાઆર.ટાંક | **"G20 Declaration and Indian Youth: Literary and Linguistic Perspectives on Emerging Challenges"** | સેમીનાર | **National Seminar organised by Khwaja Moinuddin Chishti Language University, Lucknow and Sponsored by Indian Council of Social Science Research (ICSSR), New Delhi**<br>**"Energising Indian Youth in Context of G20 Declaration: Emerging Issues, Challenges and Way Forward"** | - | **07-08 November, 20252** |
| ડૉ. સાધનાઆર.ટાંક | "ચાંદો ઉગ્યો ચોકમાં..: લોકગીત તથા લોકગીતનો સમન્વય" | **Journal** | લોકસાહિત્યકાર શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટ લોકગુર્જરી ત્રિમાસિક **(UGC- care listed)** | **2320-8872** સળંગ અંક : **3** અંક:**78** (વર્ષ **14)** | ડિસેમ્બર **2025** અંક: **3** |
| ડૉ. સાધનાઆર.ટાંક | **CREATIVITY AND RESISTANCE THROUGH TECHNOLOGY: STORYTELLING IN DIASPORA** | **Journal** | **GAP BODHI TARU**<br>**A GLOBAL JOURNAL OF HUMANITIES**<br>**GRAND ACADEMIC PORTAL RESEARCH JOURNAL**<br>**Globally peer-reviewed and open access journal**<br>**Impact Factor: SJIF-5.551, IFS-5.12** | **ISSN-2581-585 Impact Factor: SJIF-5.551, IFS-5.12** | **GAP BODHI TARU-Volume-VIII November 2025 Special Issue on Global Insights: Geopolitics, Commerce and Humanities** |

| અધ્યાપકનું નામ | રજુ કરવામાં આવેલ / પ્રકાશિત થયેલ પેપરનું શીર્ષક | સેમીનાર/ કોન્ફરન્સ /વર્કશોપ / જર્નલ | જર્નલનું નામ | ISSN/ISBN નંબર | મહિનો અને વર્ષ |
|---|---|---|---|---|---|
| ડૉ. સાધનાઆર.ટાંક | મેર બોલી: સૌરાષ્ટ્રની મૌખિક પરંપરાની ત્રિવેણી – ભાષા, સંસ્કૃતિ અને ઓળખનું સામાજિક-સાંસ્કૃતિક અનુસંધાન" | **Journal** | એન. એસ. પટેલ આર્ટ્સ (ઓટોનોમસ) કોલેજ, આણંદ દ્વારા પ્રકાશિત થતા કોલેજ સામાયિક “કંઠસંપદા “કંઠસંપદા મણકો- 23/24 **Gujarati Biannual Peer Reviewed Journal** | **2349 - 5901** | વર્ષ- 2025-26 |
| ડૉ. સાધનાઆર.ટાંક | **भारत के स्वाधीनता संग्राम में साहित्य और साहित्यकारों का योगदान** | - | **राष्ट्रीयता बोध और भारतीय समाज: एक पुनराख्यान** **प्रो. गोपीराम शर्मा डॉ. भूपेन्द्र कुमार महेंद्रा** | **P-ISBN: 978-93-7002-763-3** | **2025** |
| Dr. kavita joshi | Artificial Intelligence and its Impact on Employment in India | E-Book chapter | Research Matrix with imprint HENXI Publication | ISBN: 978-81-987316-8-5 | 5TH SEPT,2025 |
| Dr. kavita joshi | "Economic and Social Challenges Faced by Youth: An Analytical Study" | NATIONAL SEMINAR | Indian Council of Social Science Research (I.C.S.S.R) New Delhi | | November, 7th & 8th, 2025. |
| Dr. kavita joshi | GAP BODHI TARU - A GLOBAL JOURNAL OF HUMANITIES | International Seminar | A COMPARATIVE ANALYSIS OF THE IMF AND WTO: ORIGINS, ROLES, AND FUNCTIONS | ISSN No.: 2581-5857 | November 2025 |
| Dr. kavita joshi | Indian Economy: 2047 Viksit Bharat | National Conference | भारत 2047 : विकास की दिशा में ऐतिहासिक आधार और नीति-नियोजन दृष्टिकोण | - | - |

ISBN: 978-93-344-1368-7

# સંખેડા કોલેજ : સમાચાર પત્રોની નજરે

## વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા સહભાગી બની



કમલેશ પટેલ । સંખેડા

તા.21/6/2025 ના રોજ ડી. બી. પારેખ હાઈસ્કૂલમાં તાલુકા કક્ષાનો વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.તેમાં મામલતદારશ્રી તથા સહકર્મચારીઓની ઉપસ્થિતિમાં શાળા પરિવાર અને કોલેજના આચાર્યશ્રી ડી.વી.પટેલ અને ફિઝિકલ ડાયરેક્ટર શ્રી વી.એન. ગામીત તથા શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા એન.એસ. એસ. ના સ્વયંસેવકો અને કોલેજના વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ યોગ કરી સ્વાસ્થ્ય સુધારવા માટે સહભાગી બન્યા હતા.

અમદાવાદ એક્સપ્રેસ
WEDNESDAY • 10-09-2025

NEWS BRIEF

## સંખેડા કોલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



કમલેશ પટેલ | સંખેડા

તા. 08/09/2025નાં રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા એન.એસ.એસ. વિભાગ દ્વારા એક વૃક્ષ ભારત માતા કે નામ યોજના અંતર્ગત કોલેજ કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવકો તથા આચાર્યશ્રી ડૉ.દીપકભાઈ પટેલ અને શૈક્ષણિક સ્ટાફ તથા વહીવટી સ્ટાફના કર્મચારીઓ પણ જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડૉ.પ્રિયકાંત શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું.જેમાં સમગ્ર કોલેજ પરિવારે સહકાર આપ્યો હતો.

## સંખેડાની કોલેજમાં સ્વચ્છતા અભિયાન: NSS દ્વારા 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ; વિદ્યાર્થીઓ, કોલેજનો સ્ટાફ, સ્વયંસેવકોએ કરી કેમ્પસની સફાઈ

કમલેશ પટેલ | સંખેડા, છોટા ઉદેપુર | 29/09/25




શેર

સંખેડાની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં NSS વિભાગ દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત કેમ્પસ સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ 29 સપ્ટેમ્બર, 2025ના રોજ યોજાયો હતો.

અમદાવાદ એક્સપ્રેસ
WEDNESDAY • 17-09-2025

## નમો કે નામ રક્તદાન પ્રોગ્રામમાં NNS વિભાગ સંખેડા કોલેજ સહભાગી બની




તા.16/9/2025 ના રોજ ડી.બી.પારેખ હાઈસ્કૂલ સંખેડામાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબના જન્મદિવસના ઉજવણીના ભાગરૂપે નમો કે નામ રક્તદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા ના આચાર્યશ્રી ડૉ.ડી.વી.પટેલ એન.એસ.એસ. વિભાગના સ્વયંસેવકો તથા પ્રોગ્રામ ઓફિસર ડૉ.પી.આર શ્રીમાળી અને કોલેજ પરિવાર સહભાગી બન્યા.

-કમલેશ પટેલ. સંખેડા

## એન.એસ.એસ.ડે અંતર્ગત અલગ અલગ સ્પર્ધાઓ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડાનું ગૌરવ



**સંખેડા :** શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરાના યજમાન પદે શ્રી નીલકંઠ કોલેજ કાલોલ મુકામે રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા એન.એસ.એસ.ડે અંતર્ગત અલગ અલગ સ્પર્ધાઓ યોજાઇ હતી. જે અનુસંધાને આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાંથી એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.પ્રિયકાન્ત શ્રીમાળીના માર્ગદર્શન હેઠળ શીઘ્રકાવ્ય સ્પર્ધામાં હરીજન તોરલ, એક પાત્રીય અભિનયમાં તડવી સાક્ષી અને રંગોળી સ્પર્ધામાં ભોઈ ટીશા ભાગ લીધો હતો.જેમાં ત્રણે સ્પર્ધામાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ નંબર આવેલ છે.જે બદલ કોલેજના આચાર્યશ્રી ડો.દિપકભાઈ પટેલ અને કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## સંખેડા કોલેજમાં બાળકોના યૌન શોષણ અંગે જાગૃતિ વિષય ઉપર ઓનલાઇન વેબિનાર કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) સંખેડા, તા.૨૮

ગોવિંદ ગુરુ યુનિવર્સિટી આર્ટ્સ અને કોમર્સ કોલેજ સંખેડા એનએસએસયુનિટ દ્વારા તા. ૨૮/૦૧/ના રોજ ઓનલાઇન વેબીનારનુંસફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાક્ષી એનજીઓ નવી દિલ્હીનાં રક્ષિણ પ્રોજેક્ટ અંતર્ગત બાળકોના યૌન શોષણ અંગે જાગૃતિ વિષય ઉપર માહિતી આપવામાં આવી હતી. જેમાં કો.ઓર્ડિનેટર તલ્હા પઠાણ સાક્ષી એનજીઓ અમદાવાદ દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતું. પ્રોગ્રામના વક્તા અભયકુમાર દુબે સ્પીકર અને ટ્રેનર રક્ષિણ પ્રોજેક્ટ દ્વારા વિદ્યાર્થીઓને સદ્રષ્ટાંત સમજુતી આપવામાં આવી હતી. આચાર્ય ડો. દીપકભાઈ પટેલ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે પ્રા.પ્રણય શ્રીવાસ્તવ આભાર વિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમ સંચાલન ડો. પ્રિયકાન્ત અને ડો.રાકેશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

ISBN: 978-93-344-1368-7

## સંખેડા કોલેજમાં નવરાત્રિની ઉજવણી: વિદ્યાર્થીઓ અને સ્ટાફે ઉત્સાહભેર રાસ-ગરબા કર્યા

કમલેશ પટેલ | સંખેડા, છોટા ઉદેપુર | 26/09/25




શેર

સંખેડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે 26 સપ્ટેમ્બર, 2025ના રોજ નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજ પરિસરમાં રાસ-ગરબાનું આયોજન કરાયું હતું.

## સંખેડા ખાતે સ્વચ્છતાના સંદેશ સાથે તિરંગા યાત્રા યોજાઈ



(પ્રતિનિધિ) સંખેડા, તા.૧૨

સંખેડા તાલુકાના ધારાસભ્ય અભેસિંગ તડવી તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ મલકા બેન પટેલ તેમજ તાલુકા પ્રમુખ અને પૂર્વ તાલુકા પ્રમુખ સંજયભાઈ દેસાઈ ગ્રામ પંચાયત સરપંચ નીતિનભાઈ શાહ અને ઇન્ચાર્જ મામલતદાર અંજનાબેન તેમજ સંખેડા પોલીસ સ્ટેશનના પીઆઈ પંડ્યા તેમજ પીએસઆઇ સોલંકી તથા રાજેશભાઈ પટેલ અને આજુબાજુ ગામના સરપંચો તેમજ ડીબી પારેખ સ્કૂલના વિદ્યાર્થીઓ તથા સંખેડાના નાગરિકો ડીબી પારેખ હાઈસ્કૂલથી લઈ ઝંડા ચોક તેમજ ગાંધી બાપુની પ્રતિમાને ફુલહાર ચડાવ્યા હતા અને સરહદ પર દેશની રક્ષા કાજે લડતા સૈનિકોને ઉત્સાહ અને પ્રોત્સાહન મળે તે હેતુથી દરેક નાગરિક લહેરા દો ના નારા સાથે તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં આ તિરંગા યાત્રામાં જોડાયા હતા.

## સંખેડા કોલેજ ખાતે પાંચ વડીલોનું બહુમાન કરી વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી



(પ્રતિનિધિ) સંખેડા, તા.૮

વિશ્વ 'આદિવાસી દિવસ'ના પૂર્વદિને સંખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા 'વિશ્વ આદિવાસી દિવસ' નિમિત્તે આદિવાસી સંસ્કૃતિ પ્રત્યે કૃતજ્ઞતા અને સન્માન વ્યક્ત કરતો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. કોલેજ આદિવાસી સમુદાયની બહુલતા ધરાવતા વિસ્તારમાં આવેલી હોય માટે તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આસપાસના વિસ્તારના વયોવૃદ્ધ આદિવાસી વડીલોને આમંત્રિત કરી તેઓને શાલ ઓઢાડી હાર્દિક સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું જેમાં ૬૦થી ૮૫ વર્ષના આ સમુદાયના પાંચ વયોવૃદ્ધ વડીલો હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમનો હેતુ આદિવાસી સમાજની સમૃદ્ધ પરંપરા, જીવનશૈલી અને લોકવારસાને નવી પેઢી સમક્ષ રજૂ કરવા તથા સામાજિક સહઅસ્તિત્વનો સંદેશ પ્રસરાવવાનો હતો. કોલેજના આચાર્ય ડૉ. ડી.વી. પટેલે પોતાના સંબોધનમાં કહ્યું કે–આદિવાસી સંસ્કૃતિ ભારતીય વારસાનો અભિન્ન હિસ્સો છે. વડીલોનો અનુભવ અને મૂલ્યો આવનારી પેઢી માટે જીવંત માર્ગદર્શક છે. આ કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકગણ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં અને તેનું સંચાલન પ્રા.વર્ષાબેન પટેલ અને આભારવિધિ ડૉ. દિવ્યાંગ કે.વ્યાસ દ્વારા કરવામાં આવી. શાલ સન્માન સમારોહ સાથે જ કાર્યક્રમ સમાપન આભારવિધિ સાથે થઈ. આ કાર્યક્રમ દ્વારા સમાજમાં આદિવાસી પરંપરા, પર્યાવરણપ્રેમ અને પરસ્પર આદર જાળવવા માટે સૌને પ્રેરણાદાયક સંદેશ મળે છે.

## સંખેડા ખાતે આરતી શણગાર તથા પ્રસાદ સુશોભન સ્પર્ધાનું આયોજન

કમલેશ પટેલ, સંખેડા |તા. 30

તા.29 અને 30 ઓગસ્ટ 2025ના રોજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા ખાતે C.W.D.C.વિભાગ દ્વારા આરતી શણગાર તથા પ્રસાદ સુશોભન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જેમાં પ્રથમ,દ્વિતીય અને તૃતીય ક્રમ વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમનું સંચાલન C.W.D.C.ના કન્વીનર પ્રધ્યાપક નીલાબેન સોલંકી તથા તથા વર્ષાબેન પટેલે કર્યું હતું.આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડો.દિવ્યાંગ વ્યાસ અને ડો.કવિતાબેન ડૉ.પ્રિયકાન્ત શ્રીમાળી સાહેબ એ સેવાઓ આપી હતી. .કાર્યક્રમના અંતે આભાર વિધિ ડો સાધનાબેન ટાંક અને ડો. વણકર સાધુ રાકેશભાઈ કરી હતી.



## સંખેડા કોલેજમાં 'વિશ્વ આદિવાસી દિવસ'ની અનોખી રીતે ઉજવણી



**વયોવૃદ્ધ** વડીલોનું શાલ ઓઢાડી સન્માન

(પ્રતિનિધી) સંખેડા, તા.8

8 ઓગષ્ટના રોજ વિશ્વ 'આદિવાસી દિવસ'ના પૂર્વદિને સંખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા 'વિશ્વ આદિવાસી દિવસ' નિમિત્તે આદિવાસી સંસ્કૃતિ પ્રત્યે કૃતજ્ઞતા અને સન્માન વ્યક્ત કરતો વિશેષ કાર્યક્રમ યોજાયો. કોલેજ આદિવાસી સમુદાયની બહુલતા ધરાવતા વિસ્તારમાં આવેલી હોય માટે તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા સન્માન કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં આસપાસના વિસ્તારના વયોવૃદ્ધ આદિવાસી વડીલોને આમંત્રિત કરી તેઓને શાલ ઓઢાવી હાર્દિક સન્માન અર્પણ કરવામાં આવ્યું. જેમાં 60થી 85 વર્ષના આ સમુદાયના પાંચ વયોવૃદ્ધ વડીલો હાજર રહ્યાં હતાં.

આ કાર્યક્રમનો હેતુ આદિવાસી સમાજની સમૃદ્ધ પરંપરા, જીવનશૈલી અને લોકવારસાને નવી પેઢી સમક્ષ રજૂ કરવા તથા સામાજિક સહઅસ્તિત્વનો સંદેશ પ્રસરાવવાનો હતો.

દિવ્ય ભાસ્કર વડોદરા છોટા ઉદેપુર 14-08-2025

## સંખેડાની કોલેજમાં એન્ટિ રેગિંગ સપ્તાહની ઉજવણી કરવામાં આવી

### સંખેડા કોર્ટના ન્યાયાધીશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું

સંખેડા | સંખેડા ખાતે આવેલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં તા.12થી તા.18 ઓગસ્ટ દરમિયાન એન્ટિ રેગિંગ સપ્તાહની ઉજવણી થઈ રહી છે. આ સંદર્ભમાં બુધવારે સંખેડા કોર્ટના ન્યાયાધીશ પી.પી.સોની તેમજ સંખેડા વકીલ મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.કોલેજમાં એન્ટિ રેગિંગ વિશે સમજણ માટેનું એક વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. જેમાં સંખેડા કોર્ટના ન્યાયાધીશ દ્વારા વિદ્યાર્થીઓને બિનજરૂરી પ્રવૃત્તિઓથી દૂર રહેવાની અને અભ્યાસ ઉપર ફોકસ રાખવાની ખાસ સલાહ આપવામાં આવી હતી. એટલું જ નહીં પણ એમને જુદી જુદી રીતે થતા રેગિંગ અંગે પણ વિસ્તૃત સમજૂતી આપી હતી. એડવોકેટ ખુશ્બુબેને વિદ્યાર્થીઓને એન્ટિરેગિંગ હેલ્પલાઇન નંબર આપી એમને માર્ગદર્શન આપ્યું હતું.



વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા ન્યાયધિશ.

ISBN: 978-93-344-1368-7

## સંખેડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં કેશ ગુફન સ્પર્ધા યોજાઈ



કમલેશ પટેલ | સંખેડા

સંખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, માં C.W.D.C. વિભાગ દ્વારા વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા ખિલાવવા હેતુ 'કેશ ગુફન સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર સ્પર્ધાનું સંચાલન C.W.D.C. વિભાગના કન્વીનર પ્રા. નિલાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ આ વિભાગના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.આ સ્પર્ધામાં ૭ સ્પર્ધકો સક્રિય રહી તેમની કલાત્મકતા પ્રદર્શિત કરી હતી. આ સ્પર્ધામાં નિર્ણાયકો દ્વારા એકથી ત્રણ ઉત્તમ કેશ ગુફન્ વિજેતા જાહેર કરાયાં હતાં. આ તકે ડો. રાકેશ વળકરસાધુ અને ડો. સાધના ટાંક નિર્ણાયક રહ્યાં હતાં. તેમ જ આ કાર્યક્રમની આભારવિધિ ડો. કવિતા જોશી દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડો. ડી. વી. પટેલ દ્વારા પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું અને સફળતા માટે તેમણે સમગ્ર C.W.D.C. વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.

## સંખેડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં GKIQની પરીક્ષા યોજાઈ



કમલેશ પટેલ | આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડામાં તા. 28/09/2025, રવિવારે સવારે ૯થી 10-30 સમય દરમ્યાન વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ભાવનગર આયોજિત GKIQની પરીક્ષા લેવાઈ હતી. જેમાં 35 જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પરંતુ વરસાદી માહોલને કારણે 28 જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહી શક્યાં હતા. આ પરીક્ષા આચાર્યશ્રી ડૉ. ડી.વી. પટેલની પ્રેરણાથી પ્રા. ડૉ. કવિતા જોશીના સંચાલનપણા હેઠળ લેવાઈ હતી. પરીક્ષામાં સુપરવાઈઝર તરીકે ડૉ. કનુભાઈ પરમારે સેવા આપી હતી.

## સંખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગુરુપૂર્ણિમા દિવસ અને પ્રવેશોત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી



કમલેશ પટેલ, સંખેડા

આજ રોજ તારીખ 10/07/2025 ના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાં ગુરુપૂર્ણિમા અને પ્રવેશોત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. જેમાં સૌપ્રથમ દીપ પ્રાગટ્ય કરી પ્રાર્થના કરવામાં આવી અને ગુરુઓનું પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ આચાર્યશ્રી ડૉ. ડી.વી.પટેલ દ્વારા કાર્યક્રમને અનુરૂપ માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પછી કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓએ ગુરુવંદના ને લગતા ભજન અને વક્તવ્ય રજૂ કર્યા.ત્યારબાદ પ્રવેશોત્સવ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી તેમાં આર્ટસ અને કોમર્સ પ્રથમ વર્ષમાં એડમિશન લીધેલ વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું. દરેક અધ્યાપક મિત્રોએ તેમનો પરિચય આપ્યો. ત્યારબાદ આર્ટસમાં વિષયોની માહિતી પ્રા. વર્ષાબેન પટેલ દ્વારા આપવામાં આવી અને કોમર્સમાં વિષય વિશે માહિતી ડૉ.ડી.કે.વ્યાસ દ્વારા આપવામાં આવી. અને વહીવટી માહિતી જુ.ક્લાર્ક હેમંતભાઈ વાનખેડે દ્વારા આપવામાં આવી હતી.છેલ્લે કાર્યક્રમની આભાર વિધિ ડૉ.રાકેશભાઈ દ્વારા કરવામાં આવી સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.પી.આર. શ્રીમાળી અને ડૉ.કનુભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## સંખેડા કોલેજમાં C.W.D.C.વિભાગ દ્વારા મહેંદી સ્પર્ધાનું સફળ આયોજન કરાયું



**સંખેડા** : સંખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, માં C.W.D.C. વિભાગ દ્વારા વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા ખિલાવવા હેતુ 'મહેંદી સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર સ્પર્ધાનું આયોજન C.W.D.C. વિભાગના કન્વીનર પ્રા. નિલાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ આ વિભાગના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું જેના સંયોજક પ્રા. વર્ષાબેન પટેલે સમગ્ર સ્પર્ધાનું સુંદર આયોજન અને સંચાલન કર્યું હતું. આ સ્પર્ધામાં 23 સ્પર્ધકો સક્રિય રહી તેમની કલાત્મકતા પ્રદર્શિત કરી હતી. આ સ્પર્ધામાં નિર્ણાયકો દ્વારા એકથી પાંચ ઉત્તમ મહેંદીને વિજેતા જાહેર કરાયાં હતાં. આ તકે ડો. પ્રિયકાન્ત આર. શ્રીમાળી અને ડો. કવિતા જોશીએ નિર્ણાયક રહ્યાં હતાં. તેમ જ આ કાર્યક્રમની આભારવિધિ ડો. સાધના આર. ટાંક દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ આચાર્ય ડો. ડી. વી. પટેલ દ્વારા પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું અને સફળતા માટે તેમણે સમગ્ર C.W.D.C. વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.

સંખેડા કૉલેજમાં C.W.D.C. ઇનોવેશન ક્લબ અને ઔદ્યોગિક સાહસિકતા સમિતિના સંયુક્ત ઉપક્રમે

## 'નેઈલ આર્ટ કાર્યશાળા'નું સફળ આયોજન



કમલેશ પટેલ | સંખેડા

સંખેડા કૉલેજમાં C.W.D.C. ઈનોવેશન ક્લબ અને ઔદ્યોગિક સાહસિકતા સમિતિના સંયુક્ત ઉપક્રમે 'નેઈલ આર્ટ કાર્યશાળા'નું આયોજન કરવામાં આવ્યું. જે અંતર્ગત "સ્થાનિક નવીનતા પર સર્જનાત્મકતા અને નવીનતા કાર્યશાળા - સંકલ્પના" શીર્ષક હેઠળ વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા ખિલાવવા હેતુ 'નેઈલ આર્ટ'ની કાર્યશાળા યોજાઈ જેમાં વિષય નિષ્ણાંત તરીકે વ્યાવસાયિક નિષ્ણાંત ગોહિલ હિરલબા અર્જુનસિંહ દ્વારા નિદર્શન અને વ્યાખ્યાન પ્રયુક્તિ દ્વારા નખને સુંગમ ઘાટ આપી, તેને રંગબેરંગી રંગોથી રંગીને તેમાં સુંદરભાત પાડી સજાવતાં સદૃષ્ટાંત શીખવવ્યું. ત્યારબાદ નેઈલ આર્ટલક્ષી પ્રશ્નોત્તરી, પ્રતિભાવો અને આગામી સ્પર્ધાની જાહેરાત થઈ. આ કાર્યશાળામાં કૉલેજની વિદ્યાર્થીની બહેનોએ સહભાગી રહી લાભ લીધો અને ભવિષ્યમાં આ કળા દ્વારા પારંગત બનવાની પ્રતિબદ્ધતા દર્શાવી આ રીતે આ કાર્યશાળા સફળતા પામી. આ કાર્યશાળાનું આયોજન C.W.D.C. વિભાગના તમામ સભ્યો અને ઈનોવેશન કલબના કન્વીનર ડૉ. સાધના આર. ટાંકની આગેવાનીમાં કરવામાં આવ્યું હતું અને તેમણે આ કાર્યક્રમનું સમગ્ર આયોજન અને સંચાલન કર્યું હતું. આ સ્પર્ધામાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ સક્રિય રહી આ કળા શીખી હતી. તેમ જ આ કાર્યક્રમની આભારવિધિ ડૉ. કવિતા જોશી દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યશાળા માટે આચાર્યશ્રી ડૉ. ડી. વી. પટેલ દ્વારા પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડ્યાં અને સમગ્ર કાર્યક્રમની સફળતા માટે તેમણે C.W.D.C., ઈનોવેશન ક્લબ અને ઔદ્યોગિક સાહસિકતા સમિતિ વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.

## સંખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં NSS વિભાગ દ્વારા નશામુક્ત ભારત અભિયાન કાર્યક્રમ યોજાયો



**સંખેડા** : આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંખેડામાં બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી છોટાઉદેપુર દ્વારા નશામુક્ત ભારત અભિયાન કાર્યક્રમ યોજાયો જેમાં કાર્યક્રમની શરૂઆતમાં કિનેશભાઇ રાઠવા દ્વારા વિષયને અનુરૂપ માર્ગદર્શન આપવામાં આવ્યું અને ત્યારબાદ એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડો. પ્રિયકાન્ત શ્રીમાળી દ્વારા વ્યસન મુક્તિ માટેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી આવી જેમાં કોલેજના આચાર્યશ્રી, અધ્યાપક સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થી મિત્રો હાજર રહ્યા હતા.

ISBN: 978-93-344-1368-7

## સંખેડા કોલેજમાં એન.એસ.એસ. ઓરિએન્ટેશન પ્રોગ્રામ અને સ્વચ્છતા સર્વેક્ષણ ગ્રામીણ 2025 કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



રીયાઝ ડાબીવાલા - ડભોઇ

સંખેડા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ એન.એસ.એસ ઓરિએન્ટેશન કાર્યક્રમ અને સ્વચ્છતા સર્વેક્ષણ ગ્રામીણ 2025 કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું તેની શરૂઆત એનએસએસ ગીત દ્વારા કરવામાં આવી આચાર્યશ્રી ડૉ. દીપકભાઈ પટેલ દ્વારા કાર્યક્રમને અનુરૂપ માર્ગદર્શન આપવામાં આવ્યું. ડૉ .રાકેશભાઈ વણકરસાધુ દ્વારા એન.એસ.એસ.નો પરિચય આપવામાં આવ્યો. સ્વયંસેવકો દ્વારા આગલા વર્ષના એન.એસ. એસ. વિશે પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. ત્યારબાદ સ્વચ્છતા સર્વેક્ષણ ગ્રામીણ દ્વારા આવેલ બ્લોક કોઓર્ડીનેટર અંકિતભાઈ ડાભી દ્વારા એપ્લિકેશન વિશે માહિતી આપવામાં આવી હતી. અંતમાં આભાર વિધિ ડૉ .કવિતાબેન દ્વારા કરવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ પ્રિયકાન્ત શ્રીમાળી અને ડૉ કનુભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની બહોળી સંખ્યામાં હાજરી રહી હતી અને અધ્યાપક મિત્રોએ પણ હાજર રહી સાથ સહકાર આપ્યો હતો.

## સંખેડા : રાખી મેકિંગ સ્પર્ધાનું સફળ આયોજન કરાયું



કમલેશ પટેલ | સંખેડા

કાપડિયા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા કોલેજના C.W.D.C, ઈનોવેશન ક્લબ અને ઉદ્યોગ સાહસિક સમિતિ ના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ માટે રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન તા.06/08/2025 ના રોજ કરવામાં આવેલ હતું. કાર્યકર્મના આરંભે આચાર્યશ્રીએ પ્રસંગ અનુરૂપ ઉદબોધન કર્યું હતું. આ રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન C.W.D.C સમિતિના સભ્યો અને ઉદ્યોગ સાહસિક સમિતિના કન્વીનર પ્રા. ડૉ.કવિતા જોશીએ કર્યું હતું. આ સ્પર્ધામાં કોલેજના કુલ-12 જેટલા વિદ્યાર્થીઓએ સહર્ષ ભાગ લીધો હતો. અને નિર્ણાયક કમિટીના અંતર્ગત ડૉ.પ્રિયકાન્ત શ્રીમાલી તથા ડૉ. રાકેશભાઈ વણકરસાધુ દ્વારા સ્પર્ધાનું સફલ નિર્ણય કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માં પ્રથમ ક્રમે વસાવા માહી ધીરુભાઈ એ.,દ્વિતીય ક્રમે તડવી રેશમા જગદીશભાઈ તેમજ મોરે વિભૂતી ભરતભાઈ અને તૃતીય ક્રમે ભોઈ યોગીના ગોવિંદભાઈ તેમજ તડવી નિશા રમેશભાઈ વિજેતા રહ્યા હતા. તેમ જ આ કાર્યક્રમની આભારવિધિ ડો. સાધના ટાંક દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમમા આચાર્ય ડો. ડી. વી. પટેલ દ્વારા પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

## સંખેડા કોલેજમાં સાડી ડે નું આયોજન કરવામાં આવ્યું



કમલેશ પટેલ | સંખેડા

આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડાના સી.ડબલયુ ડી.સી. વિભાગ દ્વારા સાડી ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો કાર્યક્રમનું સફળ આયોજન સી ડબ્લ્યુ સી ના કન્વીનર પ્રધ્યાપક નીલાબેન સોલંકી અને વર્ષાબેન પટેલે પ્રા. રાજશ્રી જોશી એ કર્યું હતું. જેમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમ વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા . જેમાં નિર્ણાયક તરીકે ડૉ.કવિતા જોશી અને ડૉ સાધના ટાંકે સેવાઓ આપી હતી.

## સંજયભાઇ દેસાઇની બરોડા અર્બન કો.ઓ. બેન્ક ફેડરેશનમાં વરણી કરાતા અભિનંદનની વર્ષા

(પ્રતિનિધિ) સંખેડા, તા.૧૬



સંખેડા નાગરિક બેન્કના પ્રમુખ અને એપીએમસીના ઉપપ્રમુખ સંજયભાઇ દેસાઇની બરોડા અર્બન કો.ઓપરેટીવ બેન્ક ફેડરેશનના ડિરેક્ટર તરીકે વરણી કરવામાં આવતા સંખેડા તાલુકાની સાથે સાથે સમગ્ર છોટાઉદેપુર જિલ્લામાં ખુશીની લહેર ફરી વળી છે. સમાજ ઉપયોગી કામ કરવામાં સદા અગ્રેસર રહેતા સંજયભાઇને તાલુકાના તમામ આગેવાનો, સરપંચો દ્વારા અભિનંદન પાઠવામાં આવ્યા હતા. બુધવારે સંખેડા કોલેજના સ્ટાફ દ્વારા તેમનો અભિવાદન સમારંભ પણ યોજાયો છે. સંખેડા આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજમાં કોલેજના આચાર્ય તેમજ અધ્યાપકગણ અને બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટના મંત્રી સંજયકુમાર સી. દેસાઈ કે જેઓ સંખેડા નાગરિક સહકારી બેંકના ચેરમેન, સંખેડા એપીએમસીના ઉપપ્રમુખ, સંખેડા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ તરીકે સેવારત રહ્યા છે તેઓની બરોડા અર્બન કો. ઓપરેટિવ બેન્ક ફેડરેશનના ડિરેક્ટર તરીકે બિનહરીફ વરણી થતા તેઓનું આચાર્ય ડો. દીપકકુમાર પટેલ, સંસ્થાના શ્રેયાન અધ્યાપક પ્રા.પરેશ પુરાણી અને બિન શૈક્ષણિક સ્ટાફના વડા મહેન્દ્રભાઈ ત્રિવેદી દ્વારા પુષ્પગુચ્છ આપી અભિવાદન કરીને શુભેચ્છાઓ પાઠવી આનંદ વ્યક્ત કરવામાં આવ્યો હતો. સંજયકુમાર દેસાઈ તેમના જીવનમાં વધુ યશસ્વી કાર્યોના નિમિત્ત બને તેવી કોલેજ પરિવાર લાગણી વ્યક્ત કરી હતી.

## સંખેડા કોલેજમાં સાયબર ક્રાઇમ લોકજાગૃતિ વ્યાખ્યાન યોજાયું

(પ્રતિનિધિ) સંખેડા, તા.૨૯

સંખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે સાયબર ક્રાઇમ લોકજાગૃતિ' પર એક વ્યાખ્યાન યોજાયું હતું, જેમાં મુખ્ય વક્તા તરીકે સંખેડાના પી.એસ.આઈ. વિજયભાઇ બારિયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભમાં આચાર્ય ડો. ડી.વી. પટેલે પોતાના વક્તવ્ય દ્વારા વિષય પ્રવેશ કરાવ્યો હતો. વક્તા પીએસઆઈએ સાયબર ક્રાઈમ વિશેની વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. કે.બી. પરમારે કર્યું હતું. અંતમાં આભારદર્શન એનએસએસ પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડો. પ્રિયકાન્ત શ્રીમાળીએ કર્યું હતું. કાર્યક્રમમાં અધ્યાપક મિત્રો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

## સંખેડા કોલેજમાં સંસ્કૃત શ્લોક ગાન સ્પર્ધા યોજાઈ: વિદ્યાર્થીઓને સંસ્કૃત ઉત્થાન માટે પ્રેરણા મળી

કમલેશ પટેલ | સંખેડા, છોટા ઉદેપુર | 07/01/26




શેર

સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કાપડીયા નગીનદાસ મગનલાલ માણેકલાલ સાર્વજનિક આર્ટ્સ કોલેજ અને સંખેડા નાગરિક સહકારી બેંક સાર્વજનિક કોમર્સ કોલેજ દ્વારા સંસ્કૃત શ્લોક ગાન સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષાના ઉત્થાન માટે પ્રેરણા આપવાનો હતો.

ISBN: 978-93-344-1368-7

એક્સપ્રેસ
SUNDAY • 31-08-2025

NEWS BRIEF

## આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા રમતગમત વિભાગ દ્વારા સ્પોર્ટ ડેની ઉજવણી કરાઈ

કમલેશ પટેલ. સંખેડા

તા.29/08/2025 ના રોજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા ખાતે મહાન હોકી ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મ જયંતી પર ભારતમાં ઉજવાતા સ્પોર્ટ ડે ના ભાગરૂપે દોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્પર્ધામાં સંખેડા ના પી. આઈ. બારીયા સાહેબ ઉપસ્થિત રહી દોઢ સ્પર્ધા ને લીલી ઝંડી આપી હતી. તથા



ડી.વી.પારેખ હાઈસ્કુલમાંથી સંજયભાઈ પરમાર ઉપસ્થિત રહી સરકાર આપ્યો હતો.ત્યારબાદ સ્પોર્ટ ક્ષેત્રે સંખેડા કોલેજમાં પ્રશંસનીય પ્રવૃત્તિ કરનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વિમલ સોલંકી,સલમાન શેખ, શશીકાંત બારીયા સ્મૃતિ ચિન્હ એનાયત કરાયા હતા. તે પછી દોઢ સ્પર્ધામાં અગ્રીમ ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને પણ સ્મૃતિચિન્હ એનાયત કરાયા હતા. આચાર્યશ્રી ડો.ડી વી. પટેલ સાહેબ વિદ્યાર્થીઓના ઉત્સાહને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.ડાયરેક્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન પ્રા.વી.એન. ગામીત સાહેબે મેજર ધ્યાનચંદ વિશે માહિતી આપી હતી.સમગ્ર કાર્યક્રમમાં કોલેજ પરિવાર અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમને અંતે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.પી.આર. શ્રીમાળી સાહેબે આભાર દર્શન કર્યું હતું. તથા મંચ પરનું સમગ્ર સંચાલન ડો.કે.બી.પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## સંખેડા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે કવિશ્રી ઉમાશંકર જોશીની જન્મ જયંતિ નિમિત્તે કાવ્યપાઠ સ્પર્ધા આયોજિત કરાઇ



કમલેશ પટેલ | સંખેડા

આચાર્ય શ્રી ડી. વી. પટેલસાહેબે પ્રાસંગિક ઉદબોધન કરી, વિદ્યાર્થીઓને રસ પડે તેવાં કાવ્યો દશ્યશ્રાવ્ય માધ્યમથી સંભળાવ્યાં હતાં. પ્રા. રાજેશ્રી જોશીએ મૂર્ધન્ય કવિશ્રી ઉમાશંકર જોશીના બહુઆયામી વ્યક્તિત્વનો તથા તેમના સમગ્ર સર્જનનો પરિચય કરાવ્યો હતો. પ્રા. ડૉ. રાકેશ વણકરસાધુ, પ્રા. પ્રણય શ્રીવાસ્તવ, પ્રા. રાજેશ્રી જોશી, પ્રા. ડૉ. સાધના ટાંક તથા પ્રા. ડૉ. કનુભાઈ પરમાર દ્વારા કાવ્યપાઠ વડે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાની સાથે કવિશ્રીને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. તોરલ હરિજન તથા સ્વેની પાટણવાડિયા દ્વારા કાવ્યપાઠ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. સાધના ટાંકે લાક્ષણિક રીતે કર્યાં હતાં.

## સંખેડા કોલેજમાં વિકાસ સપ્તાહ શપથ વિધિ:
## સ્ટાફ અને વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા લીધી

કમલેશ પટેલ | સંખેડા, છોટા ઉદેપુર | 09/10/25




શેર

સંખેડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગુરુવાર, ૯ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત શપથવિધિ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડૉ. ડી.વી. પટેલ, શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ સભ્યો તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પ્રતિજ્ઞા લીધી હતી.



## સંખેડા | વીર નર્મદ જન્મ-જયંતિના અનુસંધાને 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ની ઉજવણી કરાઈ

કમલેશ પટેલ,સંખેડા |સંખેડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કોલેજના ગુજરાતી વિભાગ દ્વારા ગુજરાતી સાહિત્યના 'અર્વાચીનોમાં આદ્ય' ગણાતા 'વીર નર્મદ જન્મ-જયંતિ'ના અનુસંધાને 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ની ઉજવણી કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. ડી.વી. પટેલની પ્રેરણા અને પ્રા. રાજશ્રી જોશીના માર્ગદર્શન હેઠળ ડૉ. સાધના ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. કનુભાઈ પરમાર દ્વારા પ્રાસંગિક ઉદબોધન અને પ્રા. રાજશ્રી જોશી દ્વારા વિદ્યાર્થીઓને વીર નર્મદ વિશે જ્ઞાનપ્રદ માહિતી પરિસવામાં આવી. વિધાર્થીઓ દ્વારા વીર નર્મદનો પરિચય, તેમની વિવિધ કૃતિઓ વિશે વક્તવ્ય રજૂ કરાયું અને આ રીતે વીર નર્મદને શબ્દાંજલિ અર્પણ કરાઈ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. સાધના ટાંક દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમના ફળસ્વરૂપે વિદ્યાર્થીઓ જેમના કારણે 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે એવા 'નવયુગના પ્રહરી વીર નર્મદ' અને તેમની સાહિત્ય સેવાથી પરિચિત થયાં હતાં.

દિવ્ય ભાસ્કર **વડોદરા છોટા ઉદેપુર 05-02-2026**

## સંખેડાની કાપડિયા કોલેજમાં બજેટ 2026-27 ઉપર વ્યાખ્યાન યોજાયું



સંખેડા | સંખેડાની કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા બજેટ 2026-27 ઉપર વ્યાખ્યાનમાં વક્તા તરીકે નીરવકુમાર તડવીએ કેન્દ્રીય બજેટની વિવિધ જોગવાઈઓ તેમજ આચાર્ય ડો.ડી.વી.પટેલે પણ માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડૉ.રાકેશ આર. વણકરસાધુ દ્વારા કરાયું હતું

## સંખેડા કોલેજના પ્રોફેસર ડો. દિવ્યાંગ કે. વ્યાસને 'બેસ્ટ BLO સુપરવાઈઝર એવોર્ડ 2025-26'થી સન્માનિત




કમલેશ પટેલ | સંખેડા તા.28

16મા રાષ્ટ્રીય મતદાર દિવસના ઉપક્રમે જિલ્લા સેવા સદન, છોટાઉદેપુર ખાતે આયોજિત સમારંભમાં ૧૩૯-સંખેડા (ST) વિધાનસભા મતવિસ્તાર હેઠળ રૂટ સુપરવાઈઝર તરીકેની ઉત્કૃષ્ટ કામગીરી બદલ ડો. દિવ્યાંગ કે. વ્યાસ, જે હાલ કાપડિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંખેડા ખાતે પ્રાધ્યાપક તરીકે કાર્યરત, તેમને 'બેસ્ટ બી.એલ.ઓ. સુપરવાઈઝર એવોર્ડ ૨૦૨૫-૨૬' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન જિલ્લા કલેક્ટર તથા જિલ્લા ચૂંટણી અધિકારી મેડમ શ્રી ગાર્ગી જૈન દ્વારા એનાયત કરવામાં આવ્યો હતો. મતદાર યાદીની સુધારણા, ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શકતા જાળવવી તેમજ બૂથ લેવલ ઓફિસરો સાથે અસરકારક સંકલન કરી લોકશાહી પ્રક્રિયાને મજબૂત બનાવવામાં આપેલ નોંધપાત્ર યોગદાન બદલ આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

# કાપડિયા એન. એમ. એમ. એસ. આર્ટ્સ એન્ડ ધી સંખેડા ના. સહ. બેંક સાર્વ. કોમર્સ કોલેજ, સંખેડા



ISBN: 978-93-344-1368-7

કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટસ એન્ડ ધી સંખેડા ના. સહ. બેંક સાર્વ.કોમર્સ કોલેજ,
સ્ટેશન રોડ, સંખેડા.(૩૯૧૧૪૫) જિ. છોટાઉદેપુર
(સંચાલિત : સંખેડા સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ ,સંખેડા.)
ફોન.નં : ૦૨૬૬૫ ૨૪૩૨૫૯/૨૪૪૪૫૦
ઇમેલ : sankhedacollege@yahoo.co.in
વેબસાઇટ: www.sankhedacollege.co.in